ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભા શુક્રવાર, તા. ૩૦-૩-૧૯૯૦ના રોજ બપોરના ૧૨--૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કોર્ટ ખંડમાં મળી હતી અને શનિવાર, તા. ૩૧--૩--૧૯૯૦ના રોજ તે જ સમયે અને સ્થળે ચાલુ રહી હતી.

બંને દિવસોએ પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. મહેન્દ્રભાઈ નાનુભાઈ દેસાઈએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩૦--૩--૧૯૯૦	તા. ૩૧--૩--૧૯૯૦
૧.	શ્રી. આર. કે. ત્રિવેદી, કુલાધિપતિશ્રી	ગેરહાજર	ગેરહાજર
૨.	ડૉ. એમ. એન. દેસાઈ, કુલપતિશ્રી	હાજર	હાજર
૩.	શ્રી. અંબુભાઈ દેસાઈ, ઉપકુલપતિશ્રી	ગેરહાજર	ગેરહાજર
૪.	શ્રી. એન. એમ. મિયાંભાઈ	ગેરહાજર	ગેરહાજર
૫.	ડૉ. પી. સી. વૈદ્ય	ગેરહાજર	ગેરહાજર
૬.	પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર	હાજર
૭.	શ્રી. એમ. પી. જાડિયા, કુલસચિવશ્રી	હાજર	હાજર
૮.	શ્રી. ડી. એન. શુક્લ, ગ્રંથપાલશ્રી	હાજર	હાજર
૯.	શ્રી. કે. એસ. સુગથન	ગેરહાજર	ગેરહાજર
૧૦.	શ્રી. એન. આર. દવે	ગેરહાજર	ગેરહાજર
૧૧.	ડાયરેક્ટર ઑફ હેલ્થ ઍન્ડ મેડિકલ એજ્યુકેશન	ગેરહાજર	ગેરહાજર
૧૨.	શ્રી. આર. એલ. મીના	ગેરહાજર	ગેરહાજર
૧૩.	ડૉ. એમ. ઓ. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૧૪.	શ્રી. જી. એન. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૧૫.	શ્રી. એચ. વી. પંડ્યા	હાજર	હાજર

ક્રમાંક સભ્યનું નામ	તા. ૩૦—૩—૧૯૯૦	તા. ૩૧—૩—૧૯૯૦
૧૬. શ્રી. ટી. પી. અમીન	ગેરહાજર	ગેરહાજર
૧૭. શ્રી. અરવિંદ શાહ	હાજર	હાજર
૧૮. શ્રી. બી. આર. પટેલ	હાજર	હાજર
૧૯. શ્રી. જે. એચ. રાઠોડ	હાજર	હાજર
૨૦. શ્રી. એચ. એસ. પઠાન	ગેરહાજર	ગેરહાજર
૨૧. શ્રી. એમ. આર. શાસ્ત્રી	ગેરહાજર	ગેરહાજર
૨૨. શ્રી. ડી. પી. લાખિયા	ગેરહાજર	ગેરહાજર
૨૩. શ્રી. એસ. એન. પટેલ	હાજર	હાજર
૨૪. શ્રી. એન. એસ. વોરા	હાજર	હાજર
૨૫. શ્રી. બી. એસ. પટેલ	હાજર	હાજર
૨૬. શ્રી. એન. એચ. અમીન	ગેરહાજર	ગેરહાજર
૨૭. શ્રી. કે. આર. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૨૮. શ્રી. એ. એસ. શાહ	ગેરહાજર	હાજર
૨૯. શ્રી. યુ. એમ. પંડિત	ગેરહાજર	ગેરહાજર
૩૦. શ્રી. એમ. બી. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૩૧. શ્રી. વી. પી. કામદાર	ગેરહાજર	ગેરહાજર
૩૨. શ્રી. એમ. સી. શાહ	હાજર	ગેરહાજર
૩૩. શ્રી. બી. કે. શાહ	હાજર	હાજર
૩૪. શ્રી. વી. જી. પટેલ	હાજર	ગેરહાજર
૩૫. શ્રી. સી. કે. ઠક્કર	હાજર	હાજર
૩૬. શ્રી. એ. આર. શુકલ	હાજર	હાજર
૩૭. શ્રી. એ. આર. શાહ	હાજર	હાજર
૩૮. શ્રી. એસ. આઈ. પટેલ	હાજર	હાજર
૩૯. શ્રી. એ. એમ. પટેલ	હાજર	હાજર
૪૦. શ્રી. એસ. સી. કાનાવાલા	હાજર	હાજર
૪૧. શ્રી. એન. ટી. હિંગોરાની	હાજર	હાજર
૪૨. શ્રી. જે. જે. ગોઠી	હાજર	હાજર
૪૩. શ્રી. ટી. આઈ. દવે	હાજર	હાજર
૪૪. શ્રીમતી ડી. જી. નાયક	હાજર	હાજર
૪૫. શ્રી. આર. એ. દેસાઈ	હાજર	હાજર
૪૬. શ્રી. આર. જે. દેસાઈ	હાજર	હાજર
૪૭. શ્રી. એમ. સી. બુટાલા	હાજર	હાજર
૪૮. શ્રી. ડી. એસ. શુકલ	હાજર	હાજર
૪૯. શ્રી. એલ. એમ. પટેલ	હાજર	હાજર
૫૦. શ્રી. આર. એમ. ભાવસાર	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩૦—૩—૧૯૯૦	તા. ૩૧—૩—૧૯૯૦
૫૧.	ડૉ. એસ. જી. દેસાઈ	હાજર	હાજર
૫૨.	શ્રી. બી. બી. પારેખ	હાજર	હાજર
૫૩.	શ્રી. એ. એ. અહલુવાલિયા	હાજર	હાજર
૫૪.	શ્રી. ટી. સી. પંડયા	હાજર	હાજર
૫૫.	શ્રી. એમ. એન. પટેલ	હાજર	ગેરહાજર
૫૬.	શ્રી. જી. આર. પટેલ	હાજર	હાજર
૫૭.	શ્રી. એલ. એમ. મહેતા	ગેરહાજર	ગેરહાજર
૫૮.	શ્રી. સી. વી. દુધિયા	હાજર	હાજર
૫૯.	શ્રી. એમ. બી. દેસાઈ	હાજર	હાજર
૬૦.	શ્રી. એસ. એલ. જોષી	ગેરહાજર	ગેરહાજર
૬૧.	શ્રી. એમ. એમ. દેસાઈ	હાજર	ગેરહાજર
૬૨.	ડૉ. ડી. એ. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૬૩.	ડૉ. આર. કે. પટેલ	હાજર	ગેરહાજર
૬૪.	શ્રી. સી. આર. શાહ	હાજર	ગેરહાજર
૬૫.	શ્રી. પી. એમ. શાહ	હાજર	હાજર
૬૬.	શ્રી. ડી. બી. સોલંકી	હાજર	હાજર
૬૭.	શ્રી. ડી. એન. ત્રિવેદી	હાજર	હાજર
૬૮.	શ્રી. એમ. ટી. પટેલ	હાજર	હાજર
૬૯.	શ્રી. કે. એસ. ગાંધી	હાજર	હાજર
૭૦.	શ્રી. જે. એચ. ઠક્કર	હાજર	હાજર
૭૧.	શ્રી. ડી. એ. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૭૨.	શ્રી. કે. જે. પટેલ	હાજર	હાજર
૭૩.	શ્રી. આર. વી. ભટ્ટ	ગેરહાજર	ગેરહાજર
૭૪.	ડૉ. ડી. એમ. શીશુ	હાજર	ગેરહાજર
૭૫.	પ્રિ. આર. આર. ભટ્ટ	હાજર	હાજર
૭૬.	પ્રિ. કે. ડી. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૭૭.	પ્રિ બી. એમ. ગાંધી	હાજર	હાજર
૭૮.	પ્રિ. એન. એમ. પરીખ	હાજર	હાજર
૭૯.	પ્રિ. એ. એફ. દાવર	હાજર	હાજર
૮૦.	પ્રિ. શ્રીમતી યુ. સી. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૮૧.	પ્રિ. કુ. એન. કે. શાહ	હાજર	હાજર
૮૨.	પ્રિ. એચ. પી. પંડયા	હાજર	ગેરહાજર
૮૩.	પ્રિ એન. વી. રાવલ	હાજર	હાજર
૮૪.	પ્રિ. શ્રીમતી એલ. કે. પટેલ	હાજર	હાજર
૮૫.	પ્રિ. એચ. કે. વ્યાસ	ગેરહાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩૦-૩-૧૯૯૦	તા. ૩૧-૩-૧૯૯૦
૮૬.	પ્રિ વી. આર. રૂડાણી	હાજર	હાજર
૮૭.	પ્રિ. એન. આર. શાહ	હાજર	હાજર
૮૮.	પ્રિ. એન. એસ. શાહ	હાજર	હાજર
૮૯.	પ્રિ. વી. ટી. સોની	હાજર	હાજર
૯૦.	પ્રિ. એચ. એમ. દેસાઈ	હાજર	ગેરહાજર
૯૧.	પ્રિ. એમ. આર. જોષી	હાજર	હાજર
૯૨.	પ્રિ. એમ. ડી. પંચોલી	હાજર	હાજર
૯૩.	ડૉ. સી. એ. દેસાઈ	હાજર	ગેરહાજર
૯૪.	પ્રિ. આર. એ. ત્રિવેદી	હાજર	હાજર
૯૫.	પ્રિ. આર. એચ. વ્યાસ	હાજર	હાજર
૯૬.	પ્રિ. જી. એસ. શાહ	હાજર	ગેરહાજર
૯૭.	પ્રિ. એન. એન. શાહ	હાજર	હાજર
૯૮.	પ્રિ. ડી. એમ. શેખ	હાજર	હાજર
૯૯.	પ્રિ. આર. સી. પટેલ	હાજર	હાજર
૧૦૦.	પ્રિ. સી. બી. રાવલ	હાજર	હાજર
૧૦૧.	પ્રિ. એન. એમ. પટેલ	હાજર	હાજર
૧૦૨.	શ્રી. બી. જે. દેસાઈ	હાજર	હાજર
૧૦૩.	શ્રી. ડી. કે. પટેલ	હાજર	હાજર
૧૦૪.	શ્રી. એચ. એન. શર્મા	હાજર	હાજર
૧૦૫.	શ્રી. સી. આર. ઝાલા	ગેરહાજર	ગેરહાજર
૧૦૬.	શ્રી. એચ. એન. વ્યાસ	હાજર	હાજર
૧૦૭.	શ્રી. આર. બી. પટેલ	હાજર	હાજર
૧૦૮.	શ્રી. એમ. બી. શાહ	હાજર	હાજર
૧૦૯.	શ્રી. સી. એન. પટેલ	હાજર	હાજર
૧૧૦.	શ્રી. એ. એચ. દેસાઈ	હાજર	હાજર
૧૧૧.	શ્રી. એ. બી. પટેલ	હાજર	ગેરહાજર
૧૧૨.	શ્રી. એમ. પી. ત્રિવેદી	હાજર	હાજર
૧૧૩.	શ્રી. પી. કે. જૈન	હાજર	હાજર
૧૧૪.	શ્રી. એસ. આઈ. નાણાવટી	ગેરહાજર	ગેરહાજર
૧૧૫.	શ્રી. આર. એસ. નાણાવટી	ગેરહાજર	ગેરહાજર
૧૧૬.	પ્રો. ધવલભાઈ મહેતા	હાજર	હાજર
૧૧૭.	પ્રો. અરુણભાઈ વૈદ્ય	હાજર	હાજર
૧૧૮.	પ્રો. એ. બી. વોરા	હાજર	હાજર
૧૧૯.	શ્રી. જગદીશ વ્યાસ	હાજર	ગેરહાજર
૧૨૦.	શ્રીમતી પ્રતીક્ષા રાવલ	હાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩૦—૩—૧૯૯૦	તા. ૩૧—૩—૧૯૯૦
૧૨૨.	ડૉ. મંગુભાઈ પટેલ	હાજર	હાજર
૧૨૩.	ડૉ. એચ. સી. કુકેટી	ગેરહાજર	ગેરહાજર
૧૨૪.	શ્રી. આર. જે. મોદી	ગેરહાજર	ગેરહાજર
૧૨૫.	શ્રી. મોહમ્મદ માંકડ	ગેરહાજર	ગેરહાજર
૧૨૬.	શ્રી. કે. ડી. દેસાઈ	હાજર	હાજર
૧૨૭.	શ્રી. મોયુદ્દીન બોમ્બેવાલા	હાજર	ગેરહાજર
૧૨૮.	શ્રી. ઈશ્વરભાઈ પરમાર	હાજર	હાજર
૧૨૯.	શ્રી. બદ્રુદ્દીન શેખ	હાજર	ગેરહાજર
૧૩૦.	પ્રો. એસ. ટી. દેસાઈ	હાજર	ગેરહાજર
૧૩૧.	શ્રી. એચ. એ. ભટ્ટ	ગેરહાજર	ગેરહાજર
૧૩૨.	પ્રો. કે. એ. શાહ	હાજર	હાજર

૧(ક) તા. ૩૦/૩૧—૩—૧૯૮૯ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૩૦/૩૧—૩—૧૯૮૯ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

(ખ) તા. ૩૦—૩—૧૯૮૯ના રોજ બપોરના ૧૨—૩૦ કલાકે મળેલી યુનિવર્સિટી કોર્ટની ખાસ (રેકિવઝિશન) સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૩૦—૩—૧૯૮૯ના રોજ બપોરના ૧૨—૩૦ કલાકે મળેલી યુનિવર્સિટી કોર્ટની ખાસ (રેકિવઝિશન) સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

(ગ) તા. ૧૬—૯—૧૯૮૯ના રોજ બપોરના ૧૨ કલાકે મળેલી યુનિવર્સિટી કોર્ટની ખાસ (રેકિવઝિશન) સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૧૬—૯—૧૯૮૯ના રોજ બપોરના ૧૨—૦૦ કલાકે મળેલી યુનિવર્સિટી કોર્ટની ખાસ (રેકિવઝિશન) સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

(ઘ) તા. ૧૬—૯—૧૯૮૯ના રોજ બપોરના ૧૨—૩૦ વાગે મળેલી યુનિવર્સિટી કોર્ટની ખાસ (રેકિવઝિશન) સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૧૬—૯—૧૯૮૯ના રોજ બપોરના ૧૨—૩૦ વાગે મળેલી યુનિવર્સિટી કોર્ટની ખાસ (રેકિવઝિશન) સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

(ચ) તા. ૧૬—૯—૧૯૮૯ના રોજ બપોરના ૧—૩૦ વાગે મળેલી યુનિવર્સિટી કોર્ટની ખાસ (રેકિવઝિશન) સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૧૬—૯—૧૯૮૯ના રોજ બપોરના ૧—૩૦ વાગે મળેલી યુનિવર્સિટી કોર્ટની ખાસ (રેકિવઝિશન) સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

(છ) તા. ૧૬-૯-૧૯૮૯ના રોજ બપોરના ૨--૩૦ વાગે મળેલી યુનિવર્સિટી કોર્ટની ખાસ સભાની (રેકિવઝેશન) નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૧૬--૯--૧૯૮૯ના રોજ બપોરના ૨--૩૦ વાગે મળેલી યુનિવર્સિટી કોર્ટની ખાસ સભાના (રેકિવઝેશન) કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૧-અ. તે પછી પ્રમુખસ્થાનેથી નીચેનો શોકદર્શક પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો :

"ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા આ યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિશ્રી ઈશ્વરભાઈ પટેલના દુ:ખદ અવસાનથી ઊંડા શોક અને આઘાતની લાગણી અનુભવે છે.

સને ૧૯૭૩થી ૧૯૭૮ સુધી આ યુનિવર્સિટીનું કુલપતિપદ સંભાળીને શ્રી. ઈશ્વરભાઈએ પ્રેરક અને સબળ નેતૃત્વ પૂરું પાડયું હતું. કેળવણીના આજીવન સાધક, શિક્ષણના સતત ચિંતક અને આગવી સૂઝ ધરાવનાર જાણીતા શિક્ષણવિદ્ શ્રી. ઈશ્વરભાઈ પટેલે જુદા જુદા સમયે સરદાર પટેલ યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી, ગુજરાત કૃષિ યુનિવર્સિટીમાં કુલપતિ તરીકે આપણી શિક્ષણવ્યવસ્થાની ગુણવત્તા સુધારવાના અને વધુ અર્થપૂર્ણ અને સંદર્ભયુકત બનાવવાના અને તેને વધુ મૂલ્યનિષ્ઠ બનાવવાની દિશામાં અથાગ પ્રયાસો કરતા રહી એક સંનિષ્ઠ અને જાગૃત વિદ્યાપ્રેમીને શોભે તે રીતે સેવાઓ આપી હતી. એમણે ચરિત્ર સાહિત્ય તેમ જ અન્ય વિષયોની ચાળીસ જેટલી પુસ્તિકાઓ લખીને પણ કેળવણીનું કામ કર્યું હતું.

પાછલી પેઢીના એક અગ્રગણ્ય અને પ્રતિભાસંપન્ન વિચારક, સંનિષ્ઠ સંસ્કારપ્રેમી, સાચા ગાંધીવાદી, નીડર સ્વાતંત્ર્ય સેનાની, દીર્ઘદૃષ્ટિ ધરાવતા ઉચ્ચ કક્ષાના વિદ્વાન અને કુશાગ્ર એવા પીઢ કેળવણીકાર શ્રી. ઈશ્વરભાઈએ છેલ્લે મહર્ષિ વેદ વિજ્ઞાન અકાદમી ઓફ વૈદિક સાયન્સના અધ્યક્ષપદે રહીને આધુનિક ગણિતશાસ્ત્રનું મૂળ આપણા વૈદિક સાહિત્યમાં રહેલું છે તે પ્રતિપાદન કરવાનો પુરુષાર્થ કર્યો હતો. આમ માત્ર શિક્ષણક્ષેત્રે જ નહિ પરંતુ સમાજના વિવિધ ક્ષેત્રોમાં પણ તેઓશ્રીએ આપેલી સેવાઓ લાંબા સમય સુધી યાદ રહેશે. સામાન્ય શિક્ષકમાંથી વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી અને કુલપતિશ્રીઓના રાષ્ટ્રીય મંડળના અધ્યક્ષશ્રી તરીકે તેઓશ્રીએ કામગીરી બજાવી હતી.

કેળવણીના આજીવન સાધક અને શિક્ષણના સતત ચિંતક શ્રી ઈશ્વરભાઈ પટેલના દુ:ખદ નિધન પ્રસંગે આ સભા ઊંડા શોક અને દુ:ખની લાગણી અનુભવે છે, અને તેઓશ્રીએ કરેલી સેવાઓનું કૃતજ્ઞભાવે સ્મરણ કરીને તેઓશ્રીને શ્રદ્ધાંજલી સમર્પે છે અને તેમનાં કુટુંબીજનો પ્રત્યે ઊંડી હમદર્દી વ્યકત કરે છે, અને સદ્ગતના પવિત્ર આત્માને ચિરશાંતિ મળે તેવી પ્રાર્થના કરે છે.

આ ઠરાવની નકલ સદ્ગતશ્રીના કુટુંબીજનોને મોકલી આપવા આ સભા પ્રમુખશ્રીને વિનંતી કરે છે."
ઉપરનો શોકદર્શક પ્રસ્તાવ સભાગૃહે ઊભા થઈને અને બે મિનિટનું મૌન ધરી પસાર કર્યો હતો.

૨. ૧૯૯૦-૯૧ અને ૧૯૯૧--૯૨ના વર્ષ માટે બોર્ડ ઓફ એકાઉન્ટ્સના ત્રણ સભ્યોની ચૂંટણી કરવા બાબત.

[**નોંધ.**—(૧) સ્ટે. ૧૨૩ અનુસાર બોર્ડ ઓફ એકાઉન્ટ્સના માર્ચ, ૧૯૮૮માં ચૂંટાયેલા સભ્યોની મુદત તારીખ ૩૧ માર્ચ, ૧૯૯૦ના રોજ પૂરી થતી હોઈ ત્રણ સભ્યોની ચૂંટણી કરવાની છે.

(૨) ચૂંટાયેલા સભ્યોનું સભ્યપદ, બે વર્ષનું એટલે કે તા. ૧લી એપ્રિલ, ૧૯૯૦થી તા. ૩૧મી માર્ચ, ૧૯૯૨ સુધીનું રહેશે.

(૩) ચૂંટણીની નોટિસ કોર્ટના સભાસદોને તા. ૨૭—૨—૧૯૯૦ના રોજ પરિપત્રાંક ઍકેડેમિક ૭૨૯૦૨ દ્વારા મોકલેલ છે.]

સને ૧૯૯૦—૯૧ અને ૧૯૯૧—૯૨ના વર્ષ માટે બોર્ડ ઑફ એકાઉન્ટ્સના ત્રણ સભ્યોની ચૂંટણી માટે ઉમેદવારી પત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય બુધવાર, તા. ૨૧—૩—૧૯૯૦ના રોજ બપોરના ૪ વાગ્યા સુધીમાં નીચેના ઉમેદવારો તરફથી તેમનાં ઉમેદવારીપત્રો આવ્યાં હતાં :

ક્રમાંક **સભ્યનું નામ**

૧. શ્રી. બુટાલા મધુસૂદન ચિમનલાલ
૨. શ્રી. પરીખ ભદ્રકુમાર વિજયસિંહ
૩. શ્રી. પટેલ બાબુભાઈ શિવરામ
૪. શ્રી. શાહ અરવિંદ
૫. શ્રી. શાહ ગોવિંદલાલ શામળદાસ
૬. શ્રી. શાહ પ્રવીણ માણેકલાલ
૭. શ્રી. સોલંકી દેવેન્દ્રસિંહ ભૈરવસિંહ
૮. શ્રી. ઠક્કર જશવંતભાઈ હરિભાઈ
૯. શ્રી. ત્રિવેદી ધીરજલાલ નારણજી.

સદરહુ ઉમેદવારી પત્રોની ચકાસણી ગુરુવાર, તા. ૨૨—૩—૧૯૯૦ના રોજ બપોરના ૪—૩૦ વાગ્યે કરવામાં આવતાં ઉપરના તમામ ઉમેદવારોનાં ઉમેદવારીપત્રો માન્ય ઠર્યાં હતાં અને તેની જાણ સૌ સભ્યોને કાર્યાલયના તા. ૨૩—૩—૧૯૯૦ના પત્ર ક્રમાંક ઍકેડેમિક-બી-૭૪૧૭૩-૯૦થી કરવામાં આવી હતી.

ઉમેદવારીપત્રોની ચકાસણી પછીના ચોવીસ કલાક સુધીમાં, એટલે કે શુક્રવાર, તા. ૨૩—૩—૧૯૯૦ના રોજ બપોરના ૪—૩૦ વાગ્યા સુધીમાં નીચેના ઉમેદવારોએ તેમના ઉમેદવારીપત્રો સ્ટેચ્યૂટ ૧૫૫ પ્રમાણે પાછાં ખેંચી લીધાં હતાં :

ક્રમાંક **સભ્યનું નામ**

૧. શ્રી. પરીખ ભદ્રકુમાર વિજયસિંહ
૨. શ્રી. પટેલ બાબુભાઈ શિવરામ
૩. શ્રી. શાહ અરવિંદ
૪. શ્રી. ઠક્કર જસવંતભાઈ હરિભાઈ.

સદરહુ બાબતની વિચારણા હાથ ધરવામાં આવી ત્યારે કોર્ટના સભ્ય શ્રી એ. એમ. પટેલે પ્રમુખશ્રીને જણાવ્યું કે બોર્ડ ઑફ એકાઉન્ટસની ચૂંટણી માટેના ઉમેદવારી પૈકી સર્વશ્રી (૧) બુટાલા મધુસૂદન ચિમનલાલ (૨) સોલંકી દેવેન્દ્રસિંહ ભૈરવસિંહ તેમની ઉમેદવારી પાછી ખેંચે છે અને આ માટેની લેખિત રજૂઆત પણ તેઓશ્રીએ પ્રમુખશ્રી પાસે કરેલ હોઈ આ સંજોગોમાં આ સભાગૃહ તથા પ્રમુખશ્રી મંજૂર કરે તો બાકી રહેતા ત્રણ ઉમેદવારોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવા.

તે પછી કુલપતિશ્રીએ જણાવ્યું કે ધારાકીય જોગવાઈ છે તે પ્રમાણે ચૂંટણી કરવી જરૂરી છે.

તે પછી સદરહુ ચૂંટણી માટેની મતગણતરી માટે પ્રમુખશ્રીએ નીચેના સભ્યોની ચકાસણીદાર તરીકે નિમણૂક કરી :

૧. આચાર્યશ્રી એન. આર. શાહ

૨. પ્રો. શ્રી. એ. એમ. પટેલ.

તે પછી સદરહુ ચૂંટણી માટેનું મતદાનનું કામ હાથ ધરવામાં આવ્યું અને સભાગૃહની સંમતિથી એમ ઠરાવવામાં આવ્યું કે યાદી ઉપરના આગળના કામકાજની વિચારણા બપોરે ૨--૩૦ વાગ્યે હાથ ધરવી.

તે પછી ૨--૩૫ વાગ્યે ચકાસણીદારોના રિપોર્ટ પ્રમાણે પ્રમુખશ્રીએ નીચેના ત્રણ સભ્યોને ચૂંટાયેલા જાહેર કર્યા :

૧. શ્રી. શાહ ગોવિંદલાલ શામળદાસ

૨. શ્રી. શાહ પ્રવીણ માણેકલાલ

૩. શ્રી. ત્રિવેદી હીરજીલાલ નારણજી.

તે પછી બાબત ક્રમાંક ૨-અ પ્રશ્નોત્તરી અંગેનું કામ હાથ ધરવામાં આવ્યું, તેમાં પ્રશ્નોત્તરીનો સમય પૂરો થતાં સુધીમાં પ્રશ્નોત્તરી ક્રમાંક ૪૦ સુધી હાથ ધરી શકાઈ હતી.

(પ્રશ્નોત્તરી ક્રમાંક ૧ થી ૪૦ **પરિશિષ્ટ 'અ-૧'** તરીકે સામેલ છે.).

૩. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૦ તથા સ્ટે. ૯૦ અનુસાર તા. ૩૧મી માર્ચ, ૧૯૮૯ના રોજ પૂરા થતા વર્ષનો યુનિવર્સિટીનો વાર્ષિક હેવાલ.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની **પ્રો. ધવલ મહેતાએ** નોટિસ આપી હતી :

"તા. ૩૧મી માર્ચ, ૧૯૮૯ના રોજ પૂરા થતા વર્ષ દરમિયાનના ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક હેવાલ પર યુનિવર્સિટી કોર્ટની આ સભા વિચારણા કરીને તેની નોંધ લે છે."

સદરહુ પ્રસ્તાવ **પ્રો. ધવલ મહેતાએ** રજૂ કર્યો, તેને **આચાર્યશ્રી દર્શનસિંગ શીખે** ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર લંબાણ ચર્ચાવિચારણા ચાલી. દરમિયાન શ્રી. પી. કે. જૈને પ્રમુખશ્રીનું ધ્યાન દોર્યું કે સભાગૃહમાં જરૂરી ગણપૂર્તિ (Quorum) છે?

પ્રમુખશ્રીએ હાજર સભ્યોની ગણતરી કરીને જણાવ્યું કે જરૂરી ગણપૂર્તિ (Quorum) નથી. તેથી સભાગૃહનું કામકાજ સાંજે ૫--૦૫ વાગ્યે બંધ રાખવામાં આવ્યું હતું.

તે પછી બીજે દિવસે એટલે કે તા. ૩૧--૩--૧૯૯૦ના રોજ બપોરના ૧૨--૩૦ વાગ્યે સભા ફરી મળતાં પ્રથમ પ્રશ્નોત્તરીનું કામકાજ આગળ હાથ ધરવામાં આવ્યું, અને પ્રશ્નોત્તરીનો સમય પૂરો થતા સુધીમાં પ્રશ્નોત્તરી ક્રમાંક ૪૧ થી ૭૧ સુધી હાથ ધરી શકાઈ હતી, અને પ્રશ્નોત્તરીનું કામ પૂરું કરવામાં આવ્યું હતું.

(પ્રશ્નોત્તરી ક્રમાંક ૪૧ થી ૭૧ **પરિશિષ્ટ "અ-૨"** તરીકે સામેલ છે.)

તે પછી બાબત ક્રમાંક ૩-વાર્ષિક હિસાબ પર અધૂરી રહેલી ચર્ચાવિચારણા આગળ ચાલી. ત્યાર બાદ પ્રો. ધવલ મહેતાએ રજૂ કરેલા મૂળ પ્રસ્તાવ પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

તે પછી સભાનું કામકાજ બપોરે ૩ વાગ્યે વિરામ માટે મુલતવી રાખવાનું પ્રમુખશ્રીએ જાહેર કર્યું અને સભા વિરામ બાદ બપોરે ૩–૩૦ વાગ્યે ફરી મળશે તેમ જણાવ્યું.

તે પછી બપોરે ૩–૩૦ વાગ્યે સભા ફરી મળતાં બાબત ક્રમાંક ૪ હાથ ધરવામાં આવી.

૪. ૧૯૮૮–૮૯ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે બોર્ડ ઑફ ઍકાઉન્ટ્સનો હેવાલ.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્યશ્રી **ડી. એમ. શીખે** નોટિસ આપી હતી :

"આ સભા સને ૧૯૮૮–૮૯ના યુનિવર્સિટીના હિસાબો અંગેના બોર્ડ ઑફ ઍકાઉન્ટ્સના હેવાલની નોંધ લે છે."

(બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સદરહુ હેવાલની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

સદરહુ પ્રસ્તાવ **શ્રી. એ. આર. શાહે** રજૂ કર્યો, અને તેને **પ્રિ. એમ. ડી. પંચોલીએ** ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯ તથા સ્ટે. ૮૯ અનુસાર ગુજરાત યુનિવર્સિટીનું સને ૧૯૯૦–૯૧નું અંદાજપત્ર તથા સને ૧૯૮૯–૯૦નું પુનર્નિમિત અંદાજપત્ર.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની **આચાર્યશ્રી ડી. એમ. શીખે** નોટિસ આપી હતી :

"ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦ની પેટાકલમ (૫) અનુસાર એક્ઝિક્યુટિવ કાઉન્સિલને યુનિવર્સિટી કોર્ટ સમક્ષ રજૂ કરેલા સને ૧૯૯૦–૯૧ના અંદાજપત્ર તથા સને ૧૯૮૯–૯૦ના પુનર્નિમિત અંદાજપત્ર પર યુનિવર્સિટી કોર્ટની આ સભા વિચારણા કરી તેની નોંધ લે છે."

સદરહુ પ્રસ્તાવ **પ્રો. કે. એસ. શાસ્ત્રીએ** રજૂ કર્યો, અને તેને **શ્રી. અરવિંદ શાહે** ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવના સંદર્ભમાં શ્રી. અરવિંદ શાહે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

૫(૧) "યુનિવર્સિટી તથા કૉલેજમાં ફરજ બજાવતા બિનશૈક્ષણિક કર્મચારીઓનાં સંતાનો અથવા આશ્રિત યુનિવર્સિટીની પરીક્ષામાં બેસે તો તેઓને પરીક્ષા ફીમાંથી મુક્તિ આપવાનું આ સભા ઠરાવે છે અને અંદાજપત્રમાં પરીક્ષા ફીની આવક દર્શાવેલ છે તેમાં પ્રતીક રૂ. ૧નો ઘટાડો દર્શાવવો."

ઉપરનો પ્રસ્તાવ **શ્રી. અરવિંદ શાહે** રજૂ કર્યો, અને તેને **શ્રી. એસ. એન. પટેલે** ટેકો આપ્યો.

કેટલીક ચર્ચાવિચારણાને અંતે શ્રી. અરવિંદ શાહે પોતાનો સદરહુ પ્રસ્તાવ સભાગૃહની સંમતિથી પાછો ખેંચી લીધો હતો.

સદરહુ પ્રસ્તાવના સંદર્ભમાં શ્રી. અરવિંદ શાહે નીચેનો સુધારો રજૂ કરવાની નોટિસ આપી હતી :

૫(૨) "બંધ મિલોના કામદારો, તેમનાં સંતાનો તથા આશ્રિતો માટે આજની આ સભા તેઓને યુનિવર્સિટીની પરીક્ષા ફીમાંથી મુક્તિ તેમ જ યુનિવર્સિટી વિવિધ પોસ્ટ-ગ્રેજ્યુએટ અભ્યાસક્રમમાં ટ્યુશન

પરિશિષ્ટ ક્રમાંક "અ-૧"

પ્રશ્નોત્તરી ક્રમાંક ૧ થી ૪૦ (તા. ૩૦-૩-૧૯૯૦)

[૧] શ્રી. અરવિંદ શાહે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્ન ૧ : યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગની કેટલીક સેવાઓ માટે કોન્ટ્રાકટ પદ્ધતિ અમલમાં આવેલ છે?

ઉત્તર ૧ : હા, જી.

પ્રશ્ન ૨ : જો હા, તો કયાં કયાં કામો માટે ?

ઉત્તર ૨ : બાગબગીચાની સારસંભાળ, પરચૂરણ અને સાફસફાઈનાં કામો માટે.

પ્રશ્ન ૩ : કોન્ટ્રાકટરના સેવકોને યુનિવર્સિટી ક્વાર્ટર્સની સગવડો આપવામાં આવી છે?

ઉત્તર ૩ : તેઓને નામે રહેવા માટેની યુનિવર્સિટીના ક્વાર્ટર્સની ફાળવણી કરેલી નથી, પરંતુ કોન્ટ્રાકટના કામનો પ્રકાર જોતાં પાણીની ટાંકી પાસેની ઓરડી તેમ જ હૉસ્ટેલના વિદ્યાર્થીઓ માટેના નહિ તેવા કેટલાક રૂમો કામચલાઉ અવારનવાર વપરાશ માટે આપવામાં આવે છે.

પ્રશ્ન ૪ : યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારીઓ ક્વાર્ટર્સના અભાવે કેટલાક કર્મચારીઓ છાપરામાં રહે છે તે હકીકત ખરી છે?

ઉત્તર ૪ : ક્વાર્ટર્સના અભાવે જ કેટલાક કર્મચારીઓ છાપરામાં રહે છે, તે હકીકત ખરી નથી. ઉપલબ્ધ ક્વાર્ટર્સની મર્યાદામાં ક્વાર્ટર્સની માગણી અંગે ફાળવણી કરવામાં આવે છે.

પ્રશ્ન ૫ : તેઓ પાસેથી ભાડું વસૂલ લેવામાં આવે છે ?

ઉત્તર ૫ : જે કર્મચારીને ક્વાર્ટર્સ ફાળવવામાં આવ્યા નથી તેમની પાસેથી ભાડાની વસૂલાતનો પ્રશ્ન રહેતો નથી.

પ્રશ્ન ૬ : કેટલુ?

ઉત્તર ૬ : ઉપર પ્રશ્ન પાંચનો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૭ : તેઓને કેટલી સવલતો આપવામાં આવે છે?

ઉત્તર ૭ : ઉપર પ્રશ્ન પાંચનો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૮ : યુનિવર્સિટીએ પરીક્ષાના ખર્ચમાં કેટલા નોન એડમિશિબલ ખર્ચા બંધ કર્યા?

ઉત્તર ૮ : યુનિવર્સિટીએ પરીક્ષાખર્ચમાં નોન-એડમિશિબલ ખર્ચા, જેવા કે ઓવરટાઈમ ભથ્થું ઓછા કરવાના પ્રયત્નો હાથ ધર્યા છે.

પ્રશ્ન ૯ : તેના કારણે કેટલી રકમનો ખર્ચ બચ્યો?

ઉત્તર ૯ : યુનિવર્સિટીના સમગ્ર ખર્ચના વધારાના સંદર્ભમાં બચત ગણી શકાય નહીં.

પ્રશ્ન ૧૦ : ગયા વર્ષે ડમી પાછળ કેટલો ખર્ચ થયો?

ઉત્તર ૧૦ : સને ૧૯૮૮–૮૯ના વર્ષ દરમિયાન ડમી પાછળ રૂ. ૬૧,૪૯૯–૨૯ પૈસાનો ખર્ચ થવા પામેલો છે.

પ્રશ્ન ૧૧ : શું મેડિકલ પરીક્ષાખર્ચ અગાઉ થતો હતો તેના કરતાં છેલ્લા બે વર્ષથી ત્રણ ગણો થઈ ગયો છે તે હકીકત સાચી છે?

ઉત્તર ૧૧ : ના, જી.

પ્રશ્ન ૧૨ : યુનિવર્સિટીમાં હાલમાં બિનશૈક્ષણિક કર્મચારીઓની કેટલી જગ્યાઓ ખાલી છે?

ઉત્તર ૧૨ : તા. ૧૪–૧૨–૧૯૮૯ સુધીમાં કુલ ૫૯ જગ્યાઓ ખાલી છે.

પ્રશ્ન ૧૩ : આ જગ્યાઓ માટે જાહેરખબર આપી છે ?

ઉત્તર ૧૩ : હા, જી.

પ્રશ્ન ૧૪ : કુલ કેટલી અરજીઓ આવેલી છે?
કેડરવાઈઝ સંખ્યા આપશો.

ઉત્તર ૧૪ : સદરહુ માહિતી **પરિશિષ્ટ "૧"** તરીકે સામેલ છે.

પ્રશ્ન ૧૫ : યુનિવર્સિટીમાં હાલ સેક્શન ઑફિસરની લાયકાત શું છે?

ઉત્તર ૧૫ : સેક્શન ઑફિસરની લાયકાતનાં ધોરણો નીચે મુજબ છે :

"Section officer : A Master's Degree with at least 7 years' experience of office work *or*

Bachelor's Degree in Second Class with at least 7 years' experience of office work *or*

Bachelor's Degree with 10 years' experience of office work."

પ્રશ્ન ૧૬ : યુનિવર્સિટીમાં હાલ જુનિયર સુપરિટેન્ડેન્ટની લાયકાત શું છે?

ઉત્તર ૧૬ : જુનિયર સુપરિટેન્ડેન્ટની લાયકાતના ધોરણો નીચે મુજબ છે :

"A master's Degree with 5 years' experience of office work *or* Second class degree with 5 years experience of office work *or* Bachelor's degree with 7 years' experience of office work."

પ્રશ્ન ૧૭ : હાલનાં આ લાયકાતનાં ધોરણોમાં યુનિવર્સિટી તેના કર્મચારીઓ માટે છૂટછાટ આપવા માગે છે? જો હા, તો શા માટે?

ઉત્તર ૧૭ : બાબત હાલ વિચારણા હેઠળ નથી.

પ્રશ્ન ૧૮ : છૂટછાટ કેવા પ્રકારની આપવા માગે છે?

ઉત્તર ૧૮ : પ્રશ્ન ૧૭ના ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૯ : યુનિવર્સિટી શિક્ષકોના કેટલા કેસોમાં ટ્રિબ્યુનલ ચુકાદા પછી હાઈકોર્ટમાં ગઈ છે?

ઉત્તર ૧૯ : આ અંગે એક કેસમાં હાઈકોર્ટમાં ગયેલ છે.

પ્રશ્ન ૨૦ : હાલ યુનિવર્સિટીના બિનશૈક્ષણિક કર્મચારીઓના કેટલા કેસો ટ્રિબ્યુનલ તથા હાઈકોર્ટમાં યુનિવર્સિટી સામે પેન્ડિંગ પડેલા છે?

ઉત્તર ૨૦ : કુલ ૬ કેસો ઇન્ડસ્ટ્રિયલ ટ્રિબ્યુનલ તથા કુલ ૬ કેસો નામદાર હાઈકોર્ટમાં પેન્ડિંગમાં છે.

પ્રશ્ન ૨૧ : યુનિવર્સિટી પ્રેસમાં હાલ કેટલી જગ્યાઓ ખાલી છે?

ઉત્તર ૨૧ : યુનિવર્સિટી પ્રેસમાં હાલ ૩૦ જગ્યાઓ ખાલી છે.

પ્રશ્ન ૨૨ : ૧૯૮૯ પહેલાં યુનિવર્સિટીના નિવૃત્ત થતા કર્મચારીઓનું પેન્શન યુનિવર્સિટી નક્કી કરતી હતી તે હકીકત ખરી છે?

ઉત્તર ૨૨ : હા, જી.

પ્રશ્ન ૨૩ : પેન્શન યુનિવર્સિટી ચૂકવતી હતી?

ઉત્તર ૨૩ : હા, જી.

પ્રશ્ન ૨૪ : શા માટે ૧૯૮૯ પછી નિવૃત્ત થતા કર્મચારીઓનાં પેન્શન રાજ્ય સરકારશ્રીમાં મોકલવામાં આવે છે?

ઉત્તર ૨૪ : રાજ્ય સરકારના પેન્શન અંગેના ઠરાવ ક્રમાંક USG ૧૦૮૩/૪૬૩૩(૮૮)(ખ) તારીખ ૧૪–૯–૧૯૮૮માં ઠરાવ્યા મુજબ પેન્શન રાજ્ય સરકાર દ્વારા ચૂકવવાનું હોવાથી રાજ્ય સરકારને પેન્શન કેસ મોકલવામાં આવે છે.

પ્રશ્ન ૨૫ : આ પેન્શન કેસો મોકલવામાં વિલંબ થયેલ છે તે હકીકત સાચી છે?

ઉત્તર ૨૫ : શરૂઆતના અપવાદરૂપ કેસોમાં વહીવટી મુશ્કેલીને કારણે નિવારી શકાય નહીં તેવો વિલંબ થયેલો છે.

પ્રશ્ન ૨૬ : યુનિવર્સિટીના કર્મચારીઓનું પી.એફ. યુનિવર્સિટી એક્ટ તથા સ્ટે. મુજબ હોવા છતાં પેન્શન કેસો શા માટે રાજ્ય સરકારશ્રીમાં મોકલવામાં આવે છે?

ઉત્તર ૨૬ : પ્રશ્ન ૨૪ના ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩૭ : યુનિવર્સિટીની વિવિધ ફેકલ્ટીઓની પરીક્ષાઓ માટે કો-ઑર્ડિનેટરની નિમણૂકો કરવામાં આવી છે?

ઉત્તર ૩૭ : જે પરીક્ષામાં જરૂર પડે ત્યાં નિમણૂક કરવામાં આવી છે.

પ્રશ્ન ૩૮ : જો હા, તો કઈ કઈ ફેકલ્ટીમાં? નામો દર્શાવશો.

ઉત્તર ૩૮ : વિગતો નીચે મુજબ છે :

તબીબી વિદ્યાશાખા : ડૉ. શ્રી. એચ. એલ. પટેલ, ચીફ કો.-ઑર્ડિનેટર, તેમ જ કો-ઑર્ડિનેટર તરીકે સર્વશ્રી. ડૉ. કેતન દેસાઈ, ડૉ. સી. એ. દેસાઈ, ડૉ. સુનિલ કાન્વિન્દે, ડૉ. ઉમેશ ઠાકોર, ડૉ. હર્ષા પરીખ અને ડૉ. સુરેશ શાહ.

ફાર્મસી વિદ્યાશાખા : શ્રી. આઈ. એ. મોદી અને શ્રી. એમ. બી. દેવાણી

ઈજનેરી વિદ્યાશાખા : શ્રી. એ. ડી. પંડયા, શ્રી. એન. વી. વસાણી અને શ્રી. પી. એસ. પટેલ.

પ્રશ્ન ૩૯ : આ કો-ઑર્ડિનેટર નીમવાની પ્રથા કઈ સાલથી ચાલુ કરવામાં આવી?

ઉત્તર ૩૯ : તબીબી વિદ્યાશાખામાં ૧૯૮૭-૮૮ના વર્ષથી વ્યવસ્થા કરવામાં આવી છે. ઈજનેરી વિદ્યાશાખામાં ૧૯૮૮-૮૯ના વર્ષથી વ્યવસ્થા કરવામાં આવેલી છે.

પ્રશ્ન ૪૦ : આ કો-ઑર્ડિનેટરશ્રીને શું મહેનતાણું ચૂકવવામાં આવે છે?

ઉત્તર ૪૦ : ઈજનેરી વિદ્યાશાખાના દરેક કો-ઑર્ડિનેટરને રૂ. ૨,૦૦૦ એક પરીક્ષા સીઝન માટે મહેનતાણું ચૂકવવામાં આવેલું છે. તેમ જ તબીબી વિદ્યાશાખાના ચીફ કો-ઑર્ડિનેટરને રૂ. ૫,૦૦૦ તેમ જ કો-ઑર્ડિનેટરશ્રી સુરેશભાઈ શાહને રૂ. ૨,૦૦૦, ડૉ. સુનિલ કાન્વિન્દેને રૂ. ૧,૦૦૦ અને ડૉ. સુરેશ દેસાઈને રૂ. ૧,૦૦૦ પરીક્ષા સીઝન માટે મહેનતાણું ચૂકવવામાં આવેલું છે.

પ્રશ્ન ૫૦ : આ નુકસાન યુનિવર્સિટીએ કૉ-ઑર્ડિનેટરને ભરપાઈ કરી આપ્યું છે ખરું?

ઉત્તર ૫૦ : પ્રથમ વાર ગાડીનું નુકસાન થયેલું ત્યારે રકમ ભરપાઈ કરી આપેલી નથી, પરંતુ બીજી વાર ગાડીનું નુકસાન થવા પામ્યું ત્યારે રૂ. ૪,૦૩૦ની રકમ ભરપાઈ કરી આપી.

પ્રશ્ન ૫૧ : શું એ વાત સાચી છે કે મેડિકલ ફેકલ્ટીમાં કૉ-ઑર્ડિનેટર તરીકે શ્રી. એચ. એલ. પટેલને નિમાયા બાદ હાઈકોર્ટમાં રિટોની સંખ્યા વધી છે?

ઉત્તર ૫૧ : મેડિકલ ફેકલ્ટીમાં પ્રવેશ અંગેની રિટોને ડૉ. શ્રી. એચ. એલ. પટેલની નિમણૂક સાથે કોઈ સંબંધ નથી.

પ્રશ્ન ૫૨ : ચાલુ સાલે મેડિકલ ફેકલ્ટી અંગે વિવિધ પ્રકારની કેટલી રિટો હાઈકોર્ટમાં થઈ?

ઉત્તર ૫૨ : ચાલુ સાલ ૧૯૯૦ દરમિયાન કુલ સાત રિટ હાઈકોર્ટમાં થયેલી છે.

પ્રશ્ન ૫૩ : તે અંગે કેટલું ખર્ચ થયું?

ઉત્તર ૫૩ : તે અંગે જે કેસોના ચુકાદા આવેલા છે ત્યાં રૂ. ૧,૧૦૦ના ખર્ચા થયેલા છે.

પ્રશ્ન ૫૪ : આ રિટોમાં કેટલી રિટોમાં યુનિવર્સિટીની તરફેણ થઈ તે જણાવશો.

ઉત્તર ૫૪ : કુલ સાત કેસોમાંથી એક કેસનો ચુકાદો આવેલો છે, જે યુનિવર્સિટીની તરફેણમાં છે.

પ્રશ્ન ૫૫ : માર્ચ, ૧૯૮૯ની ફાર્મસી તથા એન્જિનિયરિંગની પરીક્ષામાં કોને કૉ-ઑર્ડિનેટર તરીકે નીમવામાં આવેલ?

ઉત્તર ૫૫ : પ્રશ્ન ૩૮નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૫૬ : તેઓને શું મહેનતાણું આપવામાં આવેલ?

ઉત્તર ૫૬ : પ્રશ્ન ૪૦નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૫૭ : આ બંને પરીક્ષાઓના છેલ્લાં ત્રણ વર્ષના ખર્ચના આંકડાઓ આપવા વિનંતી છે.

ઉત્તર ૫૭ : સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

વર્ષ	ફાર્મસી	એન્જિનિયરિંગ
	રૂ. પૈસા	રૂ. પૈસા
૧૯૮૬–૮૭	૭૭,૫૩૩–૧૪	૨,૩૯,૬૯૬–૫૪
૧૯૮૭–૮૮	૫૯,૭૧૪–૮૪	૧,૧૩,૫૦૭–૪૭
૧૯૮૮–૮૯	૫૩,૯૯૯–૮૭	૧,૨૪,૯૩૪–૭૩

પ્રશ્ન ૫૮ : મેડિકલ ફેકલ્ટીના પરીક્ષા ફીની આવક તથા ખર્ચના છેલ્લાં ત્રણ વર્ષના આંકડા આપવા વિનંતી છે.

ઉત્તર ૫૮ : યુનિવર્સિટીના વાર્ષિક હિસાબો મુજબ છેલ્લાં ત્રણ વર્ષની મેડિકલ ફેકલ્ટીની ખરેખર આવક તેમ જ ખરેખર ખર્ચના આંકડા નીચે પ્રમાણે છે :

વર્ષ	આવક	ખર્ચ
	રૂ.	રૂ.
૧૯૮૬–૮૭	૧,૭૫,૯૨૬	૧,૬૪,૯૩૧
૧૯૮૭–૮૮	૯૫,૨૮૪	૧,૨૦,૨૬૨
૧૯૮૮–૮૯	૨,૭૩,૨૭૨	૧,૭૫,૭૯૧

પ્રશ્ન ૫૯ : ૧૯૮૯ની એન્જિનિયરિંગ તથા ફાર્મસી અને મેડિકલ ફેકલ્ટીની પરીક્ષામાં કોને કેટલા એડવાન્સ રૂપિયા આપવામાં આવેલ છે ?

ઉત્તર ૫૯ : પરીક્ષા લેવા અંગેની કામગીરી માટે જે તે સેન્ટરને નિયમ મુજબની જરૂરિયાતના ૮૦ ટકા પ્રમાણે એડવાન્સ શરૂઆતમાં ચૂકવવામાં આવે છે.

પ્રશ્ન ૬૦ : એડવાન્સના હિસાબો આવી ગયેલ છે?

ઉત્તર ૬૦ : મોટા ભાગના એડવાન્સના હિસાબો આવી ગયા છે.

પ્રશ્ન ૬૧ : ૧૯૮૯ની એન્જિનિયરિંગ પરીક્ષાનાં કેટલાં પરિણામો હજી પણ અનામત છે ?

ઉત્તર ૬૧ : જૂન-જુલાઈ, ૧૯૮૯ની એન્જિનિયરિંગ પરીક્ષામાં સેમેસ્ટર ૮ની પરીક્ષાના ૨૦ વિદ્યાર્થીઓનાં પરિણામ તેઓએ સેમેસ્ટર ૭ની પરીક્ષા ઉત્તીર્ણ કરેલ ન હોવાને કારણે અનામત છે.

પ્રશ્ન ૬૨ : છેલ્લાં ત્રણ વર્ષના યુનિવર્સિટી આપેલ એડવાન્સ રકમોના કેટલા હિસાબો હજુ સુધી યુનિવર્સિટી પાસે આવેલ નથી? આ અંગેની વિગતો આપવા વિનંતી છે.

ઉત્તર ૬૨ : સ્ટેચ્યૂટ ૩૧(૫)(૨)(i)(બ) હેઠળ પ્રશ્નનો ઉત્તર આપી શકાય તેમ નથી, તો ક્ષમા કરવા વિનંતી છે.

[૨] શ્રી નીતિન એસ. વોરાએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી છે :

પ્રશ્ન ૬૩ : યુનિવર્સિટીના કોઈ અનુસ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ માટે બેચલર ડિગ્રી પછી નોકરીના અનુભવની માગણી કરવામાં નથી આવતી, તો ફક્ત એમ.લિબ.માં જ પ્રોફેશનલ અનુભવના નામે આવી જોગવાઈ કેમ રાખવામાં આવી છે?

ઉત્તર ૬૩ : માસ્ટર ઑફ લાઈબ્રેરી સાયન્સ ઍન્ડ ઇન્ફરમેશન અભ્યાસક્રમ વ્યાવસાયિક અભ્યાસક્રમ હોવાથી વ્યાવસાયિક અનુભવના આગ્રહ રખાય છે.

પ્રશ્ન ૬૪ : એમ.લિબ. ૧૯૮૯ના વર્ષમાં પ્રવેશ માટે ગુજરાત હાઈકોર્ટમાં પ્રવેશ નિયમ વિરુદ્ધ દાદ માગતી રિટ પિટિશન વિદ્યાર્થી તરફથી થયેલ?

ઉત્તર ૬૪ : હા, જી.

પ્રશ્ન ૬૫ : જો હા, તો તેના જવાબમાં યુનિવર્સિટીએ જે એફિડેવિટ ઇન રિપ્લાય ફાઇલ કરેલ તેમાં કોઈ અધૂરી, ખોટી કે ગેરમાર્ગે દોરનાર માહિતી આપેલ?

ઉત્તર ૬૫ : ના, જી.

પ્રશ્ન ૬૬ : યુનિવર્સિટીને આવી કોઈ માહિતી છે કે યુનિવર્સિટી આ બાબતમાં વાકેફ છે?

ઉત્તર ૬૬ : પ્રશ્ન ૬૫નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૬૭ : જો હા, તો યુનિવર્સિટીએ યુનિવર્સિટીની કચેરીને આવી ખોટી માહિતી આપનાર જે તે વિભાગના જે તે અધિકારી સામે શું કાર્યવાહી કરી?

ઉત્તર ૬૭ : પ્રશ્ન ૬૫નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૬૮ : જુલાઈ, ૧૯૮૯થી શરૂ થતા તબીબી અનુસ્નાતક અભ્યાસક્રમના સત્રની શરૂઆત જુલાઈના બદલે સપ્ટેમ્બરથી થઈ હતી?

ઉત્તર ૬૮ : ના, જી. સત્રની શરૂઆત ૧લી જુલાઈથી જ થઈ હતી.

પ્રશ્ન ૬૯ : જો હા, તો કેમ? સપ્ટેમ્બર, ૧૯૮૯માં ચાર દિવસ કરતાં વધારે હાજરી ન હોય તેવા કેટલા વિદ્યાર્થીઓના તે સત્રને માન્યતા આપવામાં આવી છે?

ઉત્તર ૬૯ : પ્રશ્ન ૬૮નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૭૦ : જુલાઈ, ૧૯૮૮થી શરૂ થતા અનુસ્નાતક તબીબી અભ્યાસક્રમ માટે કેટલા વિદ્યાર્થીઓની સપ્ટેમ્બર મહિનામાં સાત દિવસ કરતાં વધુ હાજરી હોવા છતાં સત્રની માન્યતા અટકાવવામાં આવી છે?

ઉત્તર ૭૦ : નિયમ મુજબ સત્રની માન્યતા માટે સત્રની હાજરી ૭૫% ગણવાની હોય છે, અને તે મુજબ હાજરી હોય તો સંસ્થાના રેકર્ડ પ્રમાણે સત્ર માન્ય કરવામાં આવે છે.

પ્રશ્ન ૭૧ : જો હાજરીની અનિવાર્યતા હોય તો યુનિવર્સિટી સપ્ટેમ્બરમાં ઇન્ટરવ્યૂ લઈ સત્રની શરૂઆત શા માટે કરે છે?

ઉત્તર ૭૧ : સત્રની શરૂઆત ૧લી જુલાઈથી થયેલી છે. વિદ્યાર્થીને ઇન્ટર્નશિપ પૂરી થયા પછી જ અનુસ્નાતકમાં પ્રવેશ આપી શકાય છે. ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની ઇન્ટર્નશિપ પૂરી થાય તે અરસામાં જ ઇન્ટરવ્યૂ લેવાય છે, અને ઇન્ટર્નશિપ પૂરી થાય પછી જ દાખલ થાય છે.

પરિશિષ્ટ "ક"

કામકાજ ક્રમાંક ૪

બોર્ડ ઑફ એકાઉન્ટ્સની એક સભા તા. ૨૮–૨–૧૯૯૦ ને બુધવારના રોજ બપોરના ૩–૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં ૧૯૮૮–૮૯ વર્ષના હિસાબો માટે મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. પ્રિ. આર. એચ. વ્યાસ	હાજર
૨. પ્રિં. સી. બી. રાવલ	હાજર
૩. શ્રી. ડી. એન. ત્રિવેદી	હાજર

સભાનું પ્રમુખસ્થાન આચાર્ય શ્રી. આર. એચ. વ્યાસે સંભાળ્યું હતું.

આગામી યુનિવર્સિટી કોર્ટ સમક્ષ નીચે પ્રમાણે રિપોર્ટ કરવામાં આવે છે :

(૧) યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી વિવિધ પ્રકારની પરીક્ષાઓનો ખર્ચ દિનપ્રતિદિન વધતો રહ્યો છે તે બાબત જોતાં એમ લાગે છે કે પરીક્ષા ફીમાં વધારો કરવાની બાબત ગંભીર વિચારણા માગી લે છે. આ ઉપરાંત પરીક્ષાઓ અંગેના તમામ ખર્ચાઓ રાજ્ય સરકારે માન્ય રાખીને તે દરેક વર્ષે ખરેખર થયેલ ખચ માન્ય રાખવા માટે સઘન રજૂઆત કરવાની જરૂરિયાત અગ્રિમતા માગી લે છે. આ બાબત પર જરૂરી વિચારણા કરવા સત્તાવાળાઓને ભલામણ કરવામાં આવે છે.

પરીક્ષા ખર્ચ ઘટાડવા માટે કર્મચારીઓને આપવામાં આવતું ઓવરટાઈમ ભથ્થું તેમ જ અન્ય બીજા બિનજરૂરી ખર્ચાઓમાં કાપ મૂકવામાં આવ્યો છે તે બાબત પરત્વે સભ્યોનું ધ્યાન દોરવાની રજા લઈએ છીએ.

(૨) છેલ્લા ત્રણ વર્ષના આવક જાવકના આંકડા નીચે પ્રમાણે છે :

વર્ષ	આવક	ખર્ચ
૧૯૮૬–૮૭	૪,૯૯,૮૬,૦૨૬	૪,૯૬,૨૫,૭૭૮
૧૯૮૭–૮૮	૫,૩૯,૨૪,૫૩૭	૫,૬૯,૫૫,૬૧૮
૧૯૮૮–૮૯	૫,૬૯,૯૯,૩૫૫	૬,૨૬,૫૭,૬૩૧

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની કોર્ટની વાર્ષિક સભા શનિવાર, તા. ૩૦-૩-૧૯૯૧ તેમ જ રવિવાર, તા. ૩૧-૩-૧૯૯૧ના રોજ બપોરના ૧૨-૩૦ વાગે યુનિવર્સિટી કોર્ટ-ખંડમાં મળી હતી.

પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. મહેન્દ્રભાઈ નાનુભાઈ દેસાઈએ સંભાળ્યું હતું. સભામાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩૦-૩-૧૯૯૧	તા. ૩૧-૩-૧૯૯૧
૧.	ડૉ. સ્વરૂપસિંહ (કુલાધિપતિ)	ગેરહાજર	ગેરહાજર
૨.	ડૉ. એમ. એન. દેસાઈ (કુલપતિ)	હાજર	હાજર
૩.	પ્રો. અંબુભાઈ દેસાઈ (ઉપકુલપતિ)	હાજર	હાજર
૪.	શ્રી એન. એમ. મિયાંભાઈ (ભૂતપૂર્વ કુલપતિ)	ગેરહાજર	ગેરહાજર
૫.	ડૉ. પી. સી. વૈદ્ય (ભૂતપૂર્વ કુલપતિ)	ગેરહાજર	ગેરહાજર
૬.	પ્રો. કે. એસ. શાસ્ત્રી (ભૂતપૂર્વ કુલપતિ)	હાજર	હાજર
૭.	શ્રી એમ. પી. જડિયા (કાર્યકારી કુલસચિવ)	હાજર	હાજર
૮.	ગ્રંથપાલશ્રી, ગુજરાત યુનિવર્સિટી	ગેરહાજર	ગેરહાજર
૯.	ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી	ગેરહાજર	ગેરહાજર
૧૦.	નિયામકશ્રી, તાંત્રિક શિક્ષણ	ગેરહાજર	ગેરહાજર
૧૧.	ડાયરેક્ટર ઑફ હેલ્થ મેડિકલ સર્વિસીઝ એન્ડ મેડિકલ એજ્યુકેશન	ગેરહાજર	ગેરહાજર
૧૨.	નિયામકશ્રી, રોજગાર અને તાલીમ	ગેરહાજર	ગેરહાજર
૧૩.	નિયામકશ્રી, ખોરાક અને ઔષધ નિયમનતંત્ર	ગેરહાજર	ગેરહાજર
૧૪.	અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણબોર્ડ	ગેરહાજર	ગેરહાજર
૧૫.	શ્રી ભરતભાઈ બારોટ	હાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩૦-૩-૧૯૯૧	તા. ૩૧-૩-૧૯૯૧
૧૬.	શ્રી સી. કે. રાઓલજી	ગેરહાજર	ગેરહાજર
૧૭.	શ્રી હરેન વી. પંડ્યા	હાજર	ગેરહાજર
૧૮.	શ્રી ટી. પી. અમીન	ગેરહાજર	ગેરહાજર
૧૯.	શ્રી અરવિંદ શાહ	હાજર	હાજર
૨૦.	શ્રી બી. આર. પટેલ	હાજર	ગેરહાજર
૨૧.	શ્રી જે. એચ. રાઠોડ	હાજર	હાજર
૨૨.	શ્રી એચ. એસ. પઠાણ	હાજર	ગેરહાજર
૨૩.	શ્રી એમ. આર. શાસ્ત્રી	ગેરહાજર	ગેરહાજર
૨૪.	શ્રી ડી. બી. લાખિયા	હાજર	ગેરહાજર
૨૫.	શ્રી એસ. એન. પટેલ	હાજર	હાજર
૨૬.	શ્રી એન. એસ. વોરા	હાજર	ગેરહાજર
૨૭.	શ્રી બી. એસ. પટેલ	હાજર	હાજર
૨૮.	શ્રી નરહરિ એચ. અમીન	ગેરહાજર	ગેરહાજર
૨૯.	શ્રી કે. આર. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૩૦.	શ્રી એ. એસ. શાહ	હાજર	હાજર
૩૧.	શ્રી યુ. એમ. પંડિત	ગેરહાજર	ગેરહાજર
૩૨.	શ્રી એમ. બી. દેસાઈ	હાજર	ગેરહાજર
૩૩.	શ્રી વી. પી. કામદાર	ગેરહાજર	ગેરહાજર
૩૪.	શ્રી એમ. સી. શાહ	ગેરહાજર	ગેરહાજર
૩૫.	શ્રી બી. કે. શાહ	હાજર	ગેરહાજર
૩૬.	શ્રી વી. જી. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૩૭.	શ્રી સી. કે. ઠાકર	હાજર	હાજર
૩૮.	શ્રી એ. આર. શુકલ	હાજર	હાજર
૩૯.	શ્રી એ. આર. શાહ	હાજર	હાજર
૪૦.	શ્રી એસ. આઈ. પટેલ	હાજર	હાજર
૪૧.	શ્રી એ. એમ. પટેલ	હાજર	હાજર
૪૨.	શ્રી એસ. સી. કાનાવાલા	હાજર	હાજર
૪૩.	શ્રી એન. ટી. હિંગોરાની	ગેરહાજર	હાજર
૪૪.	શ્રી જે. જે. ગોહિલ	હાજર	હાજર
૪૫.	શ્રી ટી. આઈ. દવે	હાજર	હાજર
૪૬.	શ્રીમતી ડી. જી. નાયક	ગેરહાજર	ગેરહાજર
૪૭.	શ્રીમતી આર. એ. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૪૮.	શ્રી આર. જે. દવે	હાજર	હાજર
૪૯.	શ્રી એમ. સી. બુટાલા	હાજર	ગેરહાજર
૫૦.	શ્રી ડી. એસ. શુકલ	ગેરહાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩૦-૩-૧૯૯૧	તા. ૩૧-૩-૧૯૯૧
૫૧.	શ્રી એલ. એમ. પટેલ	હાજર	હાજર
૫૨.	શ્રી આર. એમ. ભાવસાર	ગેરહાજર	હાજર
૫૩.	ડૉ. એસ. જી. દેસાઈ	હાજર	ગેરહાજર
૫૪.	શ્રી. બી. વી. પરીખ	ગેરહાજર	ગેરહાજર
૫૫.	શ્રી. એ. એ. અબ્દુલ લિયા	હાજર	હાજર
૫૬.	શ્રી. ટી. સી. પંડ્યા	ગેરહાજર	ગેરહાજર
૫૭.	શ્રી. એમ. એન. પટેલ	હાજર	હાજર
૫૮.	શ્રી. જી. આર. પટેલ	હાજર	ગેરહાજર
૫૯.	એલ. એમ. મહેતા	ગેરહાજર	ગેરહાજર
૬૦.	શ્રી. સી. વી. દૂધિયા	ગેરહાજર	ગેરહાજર
૬૧.	શ્રી. એમ. બી. દેસાઈ	હાજર	હાજર
૬૨.	શ્રી. એસ. એલ જોશી	હાજર	હાજર
૬૩.	શ્રી. એમ. એમ. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૬૪.	ડૉ. ડી. એ. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૬૫.	ડૉ. આર. કે. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૬૬.	શ્રી. સી. આર. શાહ	ગેરહાજર	ગેરહાજર
૬૭.	શ્રી. પી. એમ. શાહ	હાજર	હાજર
૬૮.	શ્રી. ડી. બી. સોલંકી	હાજર	હાજર
૬૯.	શ્રી. ડી. એન. ત્રિવેદી	હાજર	હાજર
૭૦.	શ્રી. એમ. ટી. પટેલ	હાજર	હાજર
૭૧.	શ્રી. કે. એસ. ગાંધી	હાજર	ગેરહાજર
૭૨.	શ્રી. જે. એચ. ઠક્કર	હાજર	હાજર
૭૩.	શ્રી. ડી. એ. પટેલ	હાજર	હાજર
૭૪.	શ્રી. કે. જે. પટેલ	હાજર	હાજર
૭૫.	શ્રી. આર. વી. ભટ્ટ	ગેરહાજર	ગેરહાજર
૭૬.	ડૉ. ડી. એમ. શીલુ	ગેરહાજર	ગેરહાજર
૭૭.	પ્રિ. આર. આર. ભટ્ટ	ગેરહાજર	ગેરહાજર
૭૮.	પ્રિ. કે. ડી. પટેલ	હાજર	ગેરહાજર
૭૯.	પ્રિ. બી. એન. ગાંધી	હાજર	હાજર
૮૦.	પ્રિ. એન. એમ. પરીખ	હાજર	ગેરહાજર
૮૧.	પ્રિ. એ. એફ. હાવર	હાજર	હાજર
૮૨.	પ્રિ. ઊર્મિલાબહેન સી. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૮૩.	પ્રિ. નયનાબહેન કે. શાહ	હાજર	હાજર
૮૪.	પ્રિ. એચ. પી. પંડ્યા	હાજર	ગેરહાજર
૮૫.	પ્રિ. એન. વી. રાવલ	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩૦–૩–૧૯૯૧	તા. ૩૧–૩–૧૯૯૧
૮૬.	પ્રિ. લીલાબહેન કે. પટેલ	હાજર	ગેરહાજર
૮૭.	પ્રિ. એચ. કે. વ્યાસ	હાજર	ગેરહાજર
૮૮.	પ્રિ. વી. આર. કુહાણી	ગેરહાજર	હાજર
૮૯.	પ્રિ. એન. આર. શાહ	હાજર	હાજર
૯૦.	પ્રિ. એન. એસ. શાહ	હાજર	હાજર
૯૧.	પ્રિ. વી. ટી. સોની	હાજર	હાજર
૯૨.	પ્રિ. એચ. એમ. દેસાઈ	હાજર	ગેરહાજર
૯૩.	પ્રિ. એમ. આર. જોશી	હાજર	હાજર
૯૪.	પ્રિ. એમ. ડી. પંચોલી	ગેરહાજર	ગેરહાજર
૯૫.	ડૉ. સી. એ. દેસાઈ	હાજર	હાજર
૯૬.	પ્રિ. આર. એ. ત્રિવેદી	હાજર	હાજર
૯૭.	પ્રિ. આર. એચ. વ્યાસ	હાજર	હાજર
૯૮.	પ્રિ. ઇ. એસ. શાહ	હાજર	હાજર
૯૯.	પ્રિ. એન. એન. શાહ	હાજર	હાજર
૧૦૦.	પ્રિ. ટી. એમ. શેખ	ગેરહાજર	ગેરહાજર
૧૦૧.	પ્રિ. આર. સી. પટેલ	હાજર	ગેરહાજર
૧૦૨.	પ્રિ. સી. પી. રાવલ	હાજર	ગેરહાજર
૧૦૩.	પ્રિ. એન. એસ. પટેલ	હાજર	હાજર
૧૦૪.	શ્રી. એન. એલ. દેસાઈ	હાજર	ગેરહાજર
૧૦૫.	શ્રી. [illegible] સી. પટેલ	હાજર	હાજર
૧૦૬.	શ્રી. [illegible]	હાજર	હાજર
૧૦૭.	શ્રી. [illegible] એલ. [illegible]	હાજર	હાજર
૧૦૮.	શ્રી. કે. આર. પટેલ	હાજર	હાજર
૧૦૯.	શ્રી. કે. [illegible] પટેલ	હાજર	ગેરહાજર
૧૧૦.	શ્રી. એન. એમ. ભટ્ટ	હાજર	ગેરહાજર
૧૧૧.	શ્રી. એમ. એમ. પટેલ	હાજર	હાજર
૧૧૨.	શ્રી. એ. ટી. પટેલ	હાજર	હાજર
૧૧૩.	શ્રી. કે. ડી. દેસાઈ	હાજર	હાજર
૧૧૪.	શ્રી. કે. એમ. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૧૧૫.	શ્રી. પી. કે. જૈન	હાજર	હાજર
૧૧૬.	શ્રી. સુધીર આઈ. નાણાવટી	ગેરહાજર	ગેરહાજર
૧૧૭.	શ્રીમતી રાજશ્રી એસ. નાણાવટી	ગેરહાજર	ગેરહાજર
૧૧૮.	પ્રો. ધવલ મહેતા	હાજર	ગેરહાજર
૧૧૯.	પ્રો. અરુણ વૈદ્ય	હાજર	હાજર
૧૨૦.	પ્રો. એ. બી. વોરા	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩૦-૩-૧૯૯૧	તા. ૩૧-૩-૧૯૯૧
૧૨૧.	શ્રીમતી પ્રતીક્ષા રાવલ	હાજર	ગેરહાજર
૧૨૨.	પ્રો. મંગુભાઈ પટેલ	હાજર	હાજર
૧૨૩.	ડૉ. એસ. સી. કુકરેટી	ગેરહાજર	ગેરહાજર
૧૨૪.	શ્રી. આર. જે. મોદી	ગેરહાજર	ગેરહાજર
૧૨૫.	શ્રી. મોહમંદ માકડ	ગેરહાજર	ગેરહાજર
૧૨૬.	ડૉ. કેતન ડી. દેસાઈ	હાજર	ગેરહાજર
૧૨૭.	પ્રો. એમ. બૉમ્બેવાલા	હાજર	હાજર
૧૨૮.	પ્રો. ઈશ્વરભાઈ પરમાર	હાજર	ગેરહાજર
૧૨૯.	શ્રી. બદરુદ્દીન શેખ	હાજર	ગેરહાજર
૧૩૦.	શ્રી. શિરીષ ટી. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૧૩૧.	શ્રી. એચ. એ. ભટ્ટ	ગેરહાજર	ગેરહાજર
૧૩૨.	શ્રી. કનુભાઈ શાહ	હાજર	ગેરહાજર

તા. ૩૦-૩-૧૯૯૧ના રોજ યાદી પ્રમાણે સભાનું કામકાજ શરૂ કરતાં પહેલાં નીચેનો શોકદર્શક ઠરાવ અધ્યક્ષસ્થાનેથી રજૂ કરવામાં આવ્યો :

"ગુજરાત યુનિવર્સિટી કોર્ટની આ સભા તેના ભૂતપૂર્વ સભ્ય અને જાણીતા કેળવણીકાર સ્વ. ઝીણાભાઈ રતનજી દેસાઈ (સ્નેહરશ્મિ)ના અવસાનથી ઊંડા શોકની લાગણી અનુભવે છે. યુનિવર્સિટીનાં સત્તામંડળો અને સભા-સમિતિઓના સક્રિય સભ્ય તરીકે તેમ જ થોડા સમય કાર્યકારી કુલપતિ તરીકેની તેમની સંનિષ્ઠ સેવાઓનું તેમજ શિક્ષણ, સંશોધન અને સાહિત્યના ક્ષેત્રમાં અધ્યયન, અધ્યાપન અને લેખન દ્વારા તેઓએ બજાવેલી સુદીર્ઘ અને ચિરસ્મરણીય સેવાઓનું કૃતજ્ઞભાવે સ્મરણ કરીને આ સભા સદ્ગતને સદ્ભાવપૂર્વક પોતાની શ્રદ્ધાંજલી સમર્પે છે અને આ ઠરાવની નકલ સદ્ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા પ્રમુખશ્રીને વિનંતી કરે છે."

ઉપરનો શોકદર્શક ઠરાવ સભાગૃહે ઊભા થઈને બે મિનિટ મૌન પાળીને પસાર કર્યો.

તે પછી સભાની યાદી પરનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

૧. તા. ૩૦/૩૧-૩-૧૯૯૦ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૩૦/૩૧-૩-૧૯૯૦ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૧-અ. બાબત ક્રમાંક ૧-અ પ્રમાણે "પ્રશ્નોત્તરી" માટે એક કલાકનો સમય ફાળવીને તે અંગેનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

તા. ૩૦-૩-૧૯૯૧ના રોજ પ્રશ્નોત્તરીનો સમય પૂરો થતાં સુધીમાં કામકાજની યાદી પરના પ્રશ્ન ક્રમાંક ૧થી ૪૬ પરનું કામ હાથ ધરવામાં આવ્યું.

(પ્રશ્નોત્તરી ક્રમાંક ૧ થી ૪૬ ની કાર્યનોંધ **પરિશિષ્ટ** "ક" તરીકે સામેલ છે.)

૨. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૦ તથા સ્ટે. ૯૦ અનુસાર તા. ૩૧મી માર્ચ, ૧૯૯૦ના રોજ પૂરા થતા વર્ષનો યુનિવર્સિટીનો વાર્ષિક હેવાલ.

એકિઝક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની **પ્રો. ધવલ મહેતાએ** નોટિસ આપી હતી :

"તા. ૩૧મી માર્ચ, ૧૯૯૦ના રોજ પૂરા થતા વર્ષ દરમિયાનના ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક હેવાલ પર યુનિવર્સિટી કોર્ટની આ સભા વિચારણા કરીને તેની નોંધ લે છે"

સદરહુ પ્રસ્તાવ **પ્રો. ધવલ મહેતાએ** રજૂ કર્યો અને તેને **શ્રી ડી. બી. સોલંકીએ** ટેકો આપ્યો.

તે પર લંબાણ ચર્ચાવિચારણાને અંતે મત લેવામાં આવતાં, તે સદરહુ પ્રસ્તાવ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

ત્યાર બાદ પ્રો. કે. એસ. શાસ્ત્રીએ અધ્યક્ષશ્રીનું ધ્યાન ખેંચ્યું કે સભાગૃહમાં અત્યારે ગણપૂર્તિ (કોરમ) નથી. તે પછી તે વખતે હાજર હતા તે સભ્યોની સંખ્યા ગણીને અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સભામાં જરૂરી ગણપૂર્તિ (કોરમ) નથી અને તેથી સભાગૃહનું કામકાજ આગળ ચાલી શકે તેમ નથી. આથી સભાગૃહનું કામકાજ સાંજે ૪-૪૫ વાગે બંધ રાખવામાં આવ્યું હતું.

તે પછી બીજે દિવસે એટલે કે રવિવાર, તા. ૩૧-૩-૧૯૯૧ના રોજ બપોરના ૧૨-૩૦ વાગે તે જ સ્થળે કોર્ટ સભા ફરી મળતાં અને સભાગૃહમાં હાજર રહેલા સભ્યોની ગણતરી કરતાં અધ્યક્ષશ્રીને ગણપૂર્તિ (કોરમ) જણાઇ ન હતી અને આથી ગુજરાત યુનિવર્સિટીના સ્ટેચ્યૂટ ૩૦ (ત્રીસ)ની જોગવાઈ અનુસાર અર્ધો કલાક સુધી એટલે કે બપોરના ૧-૦૦ વાગ્યા સુધી રાહ જોયા બાદ અધ્યક્ષશ્રીએ હાજર સભ્યોની ફરીથી ગણતરી કરીને જણાવ્યું કે સભાનું કામકાજ શરૂ કરવા માટે સભાગૃહમાં જરૂરી ગણપૂર્તિ (કોરમ) નથી, અને તેથી સભા બરખાસ્ત કરવામાં આવે છે. આમ થતાં યાદી પરનાં બાકીનાં કામકાજ હાથ ધરી શકાયાં ન હતાં.

એમ. પી. જાડયા
કા. કુલસચિવ

યુનિ. કોર્ટ નં. ૧૪૬૧/૧૯૯૧
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.
તા. ૧૦-૫-૧૯૯૧.

પરિશિષ્ટ "ક"

કામકાજ ક્રમાંક ૧-અ

પ્રશ્નોત્તરી

નીચેના સભ્યો તરફથી પ્રશ્નો પૂછવાની નોટિસ આપવામાં આવી છે :

(પ્રત્યેક પ્રશ્ન હેઠળ તેનો ઉત્તર આપવામાં આવેલ છે.)

[૧] શ્રી. અરવિંદભાઇ શાહે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી છે :

પ્રશ્ન ૧ : સાતમી પંચવર્ષીય યોજનાનો ગાળો કયો હતો?

ઉત્તર ૧ : સાતમી પંચવર્ષીય યોજનાનો ગાળો ૧૯૮૫-૮૬થી ૧૯૮૯-૯૦ સુધીનો હતો.

પ્રશ્ન ૨ : આ ગાળા દરમિયાન યુનિવર્સિટીને કેટલું અનુદાન મળ્યું?

ઉત્તર ૨ : આ ગાળા દરમ્યાન યુનિવર્સિટીને યુ.જી.સી. તરફથી જુદા જુદા તબક્કે મંજૂર થયેલા કુલ અનુદાન રૂ. ૧,૯૭,૦૦,૦૦૦/- (એક કરોડ સત્તાણું લાખ પૂરા)માંથી રૂ. ૧,૩૧,૮૫,૦૦૦/- (અંકે રૂપિયા એક કરોડ એકત્રીસ લાખ પંચ્યાસી હજાર પૂરા)નું અનુદાન મળેલું છે.

પ્રશ્ન ૩ : આ અનુદાન કયા કયા વિભાગો માટે યુ.જી.સી. તરફથી મળેલ છે?

ઉત્તર ૩ : યુ.જી.સી. તરફથી યુનિવર્સિટીના વિભાગો પ્રમાણે ફાળવણી કરવામાં આવતી નથી પરંતુ વિભાગોની જરૂરિયાતોને સંકલિત કરીને યુનિવર્સિટીએ યુ.જી.સી.ને પાઠવેલી યોજનામાં કેટલાંક નિયત થયેલાં હેડ પ્રમાણે અનુદાન ફાળવવામાં આવે છે; એ મુજબ નીચે પ્રમાણે અનુદાનની મંજૂરી મળી હતી :

ક્રમ	અનુદાન હેડ	(રૂ. લાખમાં)
(૧)	બિલ્ડિંગ	૫૩.૭૫
(૨)	ઈક્વિપમેન્ટ	૬૮.૦૦
(૩)	પુસ્તકો	૩૬.૦૦
(૪)	અન્ય	૬.૩૫
(૫)	સ્ટાફ	૩૨.૯૦
	કુલ ..	૧૯૭.૦૦

પ્રશ્ન ૩ પરત્વે શ્રી અરવિંદભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો તથા તે પર કુલપતિશ્રીએ ઉત્તર આપ્યો :

પ્ર. આમાં ગ્રંથાલય ન્યુઝ પેપર્સ, પુસ્તકો વગેરેનો સમાવેશ થાય છે?

ઉ. રિસર્ચ જર્નલ્સનો સમાવેશ થાય છે.

પ્રશ્ન ૪ : આ મળેલ અનુદાન જે તે વિભાગ માટે મળેલ કુલ રકમ પૈકી તમામ રકમો યુનિવર્સિટીએ ખર્ચી છે? તે અંગે વિગતો આપવા વિનંતી સાથે.

ઉત્તર ૪ : યુ.જી.સી.માંથી તા. ૩૧-૩-૧૯૯૦ સુધી મળેલ અનુદાનમાંથી ખર્ચેલી રકમની વિગતો નીચે પ્રમાણે છે :

ક્રમ	અનુદાન હેડ	મળેલ અનુદાન (રૂ. લાખમાં)	તા. ૩૧-૩-૧૯૯૦ સુધીમાં ખર્ચેલી રકમ (રૂ. લાખમાં)
(૧)	પુસ્તકો	૩૬.૦૦	૨૬.૦૦
(૨)	ઈકવીપમેન્ટ	૬૮.૦૦	૩૫.૪૪
(૩)	સ્ટાફ	૧૫.૦૦	૩૫.૧૮
(૪)	બિલ્ડિંગ બાંધકામ	૯.૩૫	૪.૯૬
(૫)	અન્ય	૩.૫૦	૩.૫૦
		૧૩૧.૮૫	૧૦૫.૦૮

પ્રશ્ન ૪ પરત્વે શ્રી અરવિંદભાઈ શાહે નીચેના પૂરક પ્રશ્નો પૂછયા તથા તેના પર કુલપતિશ્રીએ ઉત્તર આપ્યા :

પ્ર. ૧ : તા. ૩૧-૩-૧૯૮૯ સુધી પુસ્તકો પાછળ કેટલો ખર્ચ થયો ?

ઉ. ૧ : એ તમને કાઢીને આપવામાં આવશે.

પ્ર. ૨ : યુનિવર્સિટીના હિસાબ વિભાગે ડિસેમ્બર માસમાં ગ્રંથાલયને પત્ર લખીને જણાવ્યું હતું કે તમારે આ પુસ્તકો પાછળ આટલો ખર્ચ કરવાનો બાકી રહ્યો છે?

ઉ. ૨ : હા. જી.

પ્ર. ૩ : તે કેટલો બાકી રહે છે ?

ઉ. ૩ : રૂ. ૬,૦૦,૦૦૦.

પ્ર. ૪ : હિસાબ વિભાગની બેદરકારીને કારણે મળેલી ગ્રાન્ટ આપણે જવા દેવી પડે છે એટલે જો તે વધારાનાં પુસ્તકો આવ્યાં હોત તો વિદ્યાર્થીના ઉપયોગમાં આવી શકે ને !

ઉ. ૪ : પુસ્તકો આપણે મંગાવીએ તે તાત્કાલિક મળતાં હોતાં નથી અને ગ્રાન્ટની પણ મંજૂરી ઘણીવાર મોડી મળે છે તેને કારણે પણ મુશ્કેલી અનુભવાય છે, આમ છતાં પુસ્તકો માટેની ગ્રાંટ મોટે ભાગે લેપ્સ થતી નથી.

પ્રશ્ન ૪ પરત્વે પ્રા. શંકરભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો અને તે પર કુલપતિશ્રીએ ઉત્તર આપ્યો :

પ્ર. 'મળેલી ગ્રાન્ટનો આપણે પૂરતો ઉપયોગ કરી શકતા નથી એવું' કેમ ?

ઉ. સરકારશ્રી પોતાની ગ્રાન્ટની નીતિ બદલે નહી અને પૂરેપૂરો પરીક્ષા ખર્ચ ભોગવે નહીં ત્યાં સુધી ઓવરઓલ મુશ્કેલી નથી પણ ખાતાવાર ખર્ચની મુશ્કેલી પડે છે.

પ્રશ્ન ૪ પરત્વે શ્રી પી. એમ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો અને તે પર કુલપતિશ્રીએ ઉત્તર આપ્યો :

પ્ર. આપણે યુટિલાઈઝેશન સર્ટિફિકેટ કેવી રીતે આપીએ છીએ ?

ઉ. એ તમને હિસાબ વિભાગમાં બતાવવામાં આવશે.

પ્રશ્ન ૫ : હાલ યુનિવર્સિટી કુલ કેટલા નિવૃત્ત કર્મચારીઓ પાસેથી ઉચ્ચક વેતનથી સેવા લઈ રહેલ છે? તેમનાં નામ આપવા વિનંતી છે.

ઉત્તર ૫ : નીચે જણાવેલ નિવૃત્ત કર્મચારીઓ પાસેથી યુનિવર્સિટી સેવાઓ લઈ રહી છે :

(૧) શ્રી. વી. વી. શાહ
(૨) શ્રી. એન. એસ. ઉપાધ્યાય
(૩) શ્રી. મધુભાઈ ત્રિવેદી
(૪) શ્રી. પરસોત્તમદાસ કાંડયા
(૫) શ્રી. કે. એ. શાહ.

પ્રશ્ન ૫ પરત્વે શ્રી જશવંતભાઈ ઠક્કરે નીચેના પૂરક પૂછ્યા તથા તે પરત્વે કુલપતિશ્રીએ ઉત્તર આપ્યા :

પ્ર. આમાં જે કર્મચારીઓ બતાવ્યા છે તે આટલા જ છે કે હજુ કોઈ રહી જાય છે ?

ઉ. આ પાંચ જ છે.

પ્ર. શ્રી રમણભાઈ જોષી નિવૃત્ત કર્મચારીમાં ન આવે ?

ઉ. ના જી. યુ.જી.સી. નાં ધારાધોરણો પ્રમાણે 'હી ઇઝ એલિજિબલ ટુ કન્ટિન્યુ અપ ટુ સિક્ષ્ટી-ફાઈવ ઈયર્સ'.

પ્રશ્ન ૫ પરત્વે શ્રી મંગુભાઈ પટેલે નીચેના પૂરક પ્રશ્નો પૂછ્યા તથા તે પર કુલપતિશ્રીએ ઉત્તર આપ્યા :

પ્ર. આ નિવૃત્ત કર્મચારીઓને રાખવા માટેના કોઈ નિયમો છે ?

ઉ. જેમના અનુભવની જરૂર હોય તેમને જ લઈએ છીએ.

પ્ર. તમે કહ્યું કે નવા કર્મચારીઓ પણ લઈએ છીએ તો કેટલી નવી નિમણૂકો થઈ?

ઉ. હમણાં બે આસિ. રજિસ્ટ્રાર અને એક ડેપ્યુટી રજિસ્ટ્રારની નવી નિમણૂકો કરી.

પ્ર. તો પછી નિવૃત્ત કર્મચારીને શા માટે ચાલુ રખાય છે?

ઉ. એક ઉદાહરણ આપું કે કોમ્પ્યુટર વિભાગમાં અગત્યનું કામ કરતા કોઈ ભાઈ આજે ને આજે નિવૃત્ત થાય અને પરીક્ષા ચાલુ હોય તો તે અંગેનું કામ અટકી જાય નહીં એટલે તેમને અમુક પિરિયડ માટે આપણે ચાલુ રાખીએ છીએ. શ્રી વી. વી. શાહને પણ પેન્શન અંગેના કેસ તથા ટીચિંગ સ્ટાફની એપોઈન્ટમેન્ટ માટે નિમણૂક આપેલી છે જેથી આપણું કામ સરળતાથી થાય. અગાઉ આપણે આ રીતે લિગલ એડવાઈઝર પણ નીમ્યા હતા.

પ્રશ્ન ૬ : આ નિવૃત્ત કર્મચારીઓ પાસેથી કેટલા સમયથી સેવા લેવામાં આવી રહી છે?

ઉત્તર ૬ : આ નિવૃત્ત કર્મચારીઓ પાસેથી તેમના નામ સામે જણાવેલ તારીખોથી સેવાઓ લેવામાં આવી રહી છે :

શ્રી. વી. વી. શાહ	... તા. ૧-૨-૧૯૮૯
શ્રી. એન. એસ. ઉપાધ્યાય	... તા. ૨૪-૧૦-૧૯૭૯
શ્રી. મધુભાઈ ત્રિવેદી	... તા. ૪-૨-૧૯૯૧
શ્રી. પરસોત્તમદાસ કડિયા	... તા. ૪-૨-૧૯૯૧

વધુમાં સ્પષ્ટતા કરવાની કે શ્રી. કનુભાઈ એ. શાહ કોલેજમાં અધ્યાપક તરીકે ચાલુ હતા તે દરમિયાન તેમની નિમણૂક તા. ૧૯-૧૦-૧૯૮૯થી માનદ્ કો-ઓર્ડિનેટર તરીકે થઈ હતી અને તેઓ તા. ૩૧-૧૨-૧૯૯૦થી કોલેજમાંથી નિવૃત્ત થયા છે, પરંતુ એચ. કે. પ્રોફેશનલ ટ્રેનિંગ સેન્ટરના માનદ્ કો-ઓર્ડિનેટર તરીકે તેમની સેવા લેવાનું ચાલુ છે.

પ્રશ્ન ૭ : આ નિવૃત્ત કર્મચારીઓની સેવા ક્યાં કારણોસર લેવામાં આવી રહી છે?

ઉત્તર ૭ : નિવૃત્ત કર્મચારીઓના સેવા કામની જરૂરિયાત જોઈને લેવામાં આવે છે.

પ્રશ્ન ૭ પરત્વે અરવિંદભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો તથા તે પર કુલપતિશ્રીએ ઉત્તર આપ્યો :

પ્ર. ૧૯૭૭ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલે ૬૦ વર્ષ પછી કોઈ વ્યક્તિને રાખવો નહીં તેવો ઠરાવ કરેલો છે!

ઉ. હા જી.

પ્રશ્ન ૮ : શું યુનિવર્સિટીએ એવી નીતિ નક્કી કરેલ છે કે જે કર્મચારી નિવૃત્ત થાય તે તમામની પાસે સેવા લેવી?

ઉત્તર ૮ : ના, જી.

પ્રશ્ન ૯ : નિવૃત્ત કર્મચારીને જે વેતન ચૂકવવામાં આવે છે તે સરકારી અનુદાનને પાત્ર છે ખરું?

ઉત્તર ૯ : ના. જી. નિવૃત્ત કર્મચારીઓનું વેતન "હંગામી નિમણૂકો"ના હેડ નીચે ગણાતું હોઈ સરકારી અનુદાન નીતિ અનુસાર ગ્રાન્ટને પાત્ર નથી, પરંતુ ખાલી જગ્યાઓના પગાર સામે હંગામી નિમણૂકોનો ખર્ચ માન્ય કરવા રાજ્ય સરકારશ્રીમાં રજૂઆત કરેલી છે.

પ્રશ્ન ૧૦ : જો નિવૃત્ત કર્મચારીને ચૂકવવામાં આવતું વેતન સરકારી અનુદાન માટે અમાન્ય ખર્ચ હોય તો આવું કેટલું ખર્ચ અત્યાર સુધી અમાન્ય છે?

ઉત્તર ૧૦ : પ્રશ્ન ૯નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૧ : ક્યા નિવૃત્ત કર્મચારી હાલ યુનિવર્સિટીમાં લાંબા સમયથી સેવા આપી રહેલ છે?

ઉત્તર ૧૧ : સિક્યોરિટી ઑફિસર શ્રી. એન. એસ. ઉપાધ્યાય લાંબા સમયથી યુનિવર્સિટીમાં સેવાઓ આપી રહ્યા છે.

પ્રશ્ન ૧૧ પરત્વે શ્રી. ભાસ્કરભાઈ પટેલે નીચેના પૂરક પ્રશ્નો પૂછ્યા તથા તે પર કુલપતિશ્રીએ ઉત્તર આપ્યા :

પ્ર. ૭૨૦ દિવસવાળાની નિમણૂક કેવી રીતે થઈ હતી?

ઉ. ટેમ્પરરી તરીકે કરીએ છીએ.

પ્ર. શ્રી. એન. એસ. ઉપાધ્યાયની સેવાઓ ૧૯૭૯થી લેવામાં આવે છે તો તે જગ્યા ભરવા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવી છે?

ઉ. તેઓ સારું કામ કરે છે એટલે રાખેલ છે અને આ બાબત પણ મારા ધ્યાનમાં છે જ, એટલે કંઈક કરીશું.

પ્રશ્ન ૧૨ : જો નિવૃત્ત કર્મચારી પેન્શન મેળવતા હોય તો તેને આપવામાં આવતી વેતનની રકમ સરકારી નિયમાનુસાર પેન્શનમાંથી બાદ કરવામાં આવે છે ખરી?

ઉત્તર ૧૨ : બી. સી. એસ. આર. ૩૩૦ની જોગવાઈને ધ્યાનમાં રાખીને કાર્યવાહી કરવામાં આવતી હોય છે. બી. સી. આર. એસ. ૩૩૦નો પાઠ સભા સમયે સભાગૃહ સમક્ષ ટેબલ ઉપર મુકવામાં આવશે.

પ્રશ્ન ૧૩ : પ્રશ્ન ૧૨માં પૂછવામાં આવેલ માહિતી અંગે લોકલ ફંડના ઑડિટમાં આ અંગે વાંધા લેવામાં આવેલ છે?

ઉત્તર ૧૩ : ના, જી.

પ્ર. ૧૩ પરત્વે શ્રી. અરવિંદભાઈ શાહે નીચેના પૂરક પ્રશ્નો પૂછયા તથા તે પર કુલપતિશ્રીએ ઉત્તર આપ્યા :

પ્ર. લોકલ ફંડે છેલ્લા કયા વર્ષમાં યુનિવર્સિટીના હિસાબોનું ઓડિટ કર્યું છે?

ઉ. ૧૯૮૮-૮૯ના વર્ષનું.

પ્ર. લોકલ ફંડના કુલ કેટલા વાંધાઓનો યુનિવર્સિટીએ નિકાલ કર્યો નથી?

ઉ. આ માહિતી તમને હિસાબ વિભાગમાંથી આપવામાં આવશે.

પ્રશ્ન ૧૪ : હાલ યુનિવર્સિટીમાં કુલ ખાધ કેટલી છે?

ઉત્તર ૧૪ : તા. ૩૧-૩-૧૯૯૦ના રોજ યુનિવર્સિટીની કુલ ખાધ રૂ. ૨.૭૨,૧૬,૦૦૫/- છે.

પ્રશ્ન ૧૫ : આ ખાધ ક્યાં કારણોસર છે?

ઉત્તર ૧૫ : આ ખાધ રાજ્ય સરકારની વર્ષો પહેલા નિયત થયેલી બ્લોક ગ્રાન્ટની નીતિના કારણે ઊભી થયેલી છે. નવાં પરિવર્તનો અને પરિબળો પ્રમાણે ખર્ચને પહોંચી વળવા માટે બ્લોક ગ્રાન્ટની જોગવાઈઓ બદલવી પડે તેમ છે આ અંગે ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિઓના સંયુક્ત મંડળે પણ વિગતવાર ભલામણો રાજ્ય સરકારને કરી હતી અને સરકારે તે અંગે એક સમિતિ પણ નીમેલી છે. અને આ માટે કાર્યવાહી સત્વરે પૂરી કરી લેવા યુનિવર્સિટીએ રાજ્ય સરકારશ્રીમાં લેખિત તેમ જ રૂબરૂ મુલાકાતોમાં રજૂઆત કરેલી છે.

પ્ર. ૧૫ પરત્વે શ્રી. શંકરભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો તથા તે પર કુલપતિશ્રીએ ઉત્તર આપ્યો :

પ્ર. બ્લોક ગ્રાન્ટ અંગે સરકારે સમિતિ ક્યારે નીમી હતી?

ઉ. ૧૯૮૮માં સમિતિ નીમી હતી.

પ્ર. ૧૫ પરત્વે શ્રી. જશવંત ઠક્કરે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો તથા તે પર કુલપતિશ્રીએ ઉત્તર આપ્યો :

પ્ર. જે ખર્ચ છે તેની સામે ૧૯૯૦માં પચાસ લાખ રૂપિયા સરકારે આપ્યા ત્યારે કોઈ ખાસ સૂચના આપી હતી?

ઉ. એ તમને હિસાબ વિભાગમાં બતાવવામાં આવશે.

પ્રશ્ન ૧૬ : આ ખાધમાં કુલ અમાન્ય ખર્ચાઓ કયા પ્રકારના છે?

ઉત્તર ૧૬ : અમાન્ય ખર્ચની યાદી આ સાથેના પરિશિષ્ટ '૨' તરીકે સામેલ છે.

પ્ર. ૧૬ પરત્વે શ્રી. અરવિંદભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો તથા તે પર કુલપતિશ્રીએ ઉત્તર આપ્યો :

પ્ર. સરકારશ્રીની મંજૂરી વગર કઈ કઈ શૈક્ષણિક જગ્યાઓ ઊભી કરેલી છે? મંજૂરી વગર કયા કયા અભ્યાસક્રમો ચાલે છે?

ઉ. પરિશિષ્ટ "૧" જોવા વિનંતી છે. મંજૂરી વગર ચાલતા અભ્યાસક્રમોમાં ફોરેસ્ટ્રી, લાઈફ સાયન્સ, જર્નાલિઝમ, એનવાયરમેન્ટલ સાયન્સ ચાલે છે.

પ્રશ્ન ૧૭ : ૧૯૮૯–૯૦ના વર્ષમાં કુલ કેટલી પરીક્ષાઓ લેવામાં આવી હતી?

ઉત્તર ૧૭ : ૧૯૮૯–૯૦ના વર્ષમાં નીચે પ્રમાણેની વિગતે પરીક્ષાઓ લેવામાં આવી હતી :
એપ્રિલ–મે, ૧૯૮૯...૧૬૨ ઓક્ટોબર, ૧૯૮૯...૧૪૬

પ્રશ્ન ૧૮ : આ વર્ષ દરમિયાન કુલ કેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષામાં બેસવા આવેદનપત્રો ભર્યાં હતાં? ફેકલ્ટી પ્રમાણે માહિતી આપવા વિનંતી.

ઉત્તર ૧૮ : આ અંગેની માહિતી પરિશિષ્ટ "૨"માં દર્શાવવામાં આવેલી છે, તે જોઈ જવા વિનંતી છે.

પ્ર. ૧૮ પરત્વે શ્રી. મંજુભાઈ પટેલે નીચેના પૂરક પ્રશ્નો પૂછ્યા તથા તે પર કુલપતિશ્રીએ ઉત્તર આપ્યા :

પ્ર. ચૂંટણીના સંદર્ભે આપણે પરીક્ષાની તારીખોમાં કોઈ ફેરફાર કરવાના છીએ ?

ઉ. ચૂંટણીની તારીખો નક્કી થાય પછી જ તે નક્કી કરીશું.

પ્ર. પરીક્ષાઓ ચૂંટણીની તારીખ પહેલાં રાખશો કે પછી ?

ઉ. ચૂંટણીની તારીખ નક્કી થાય પછી જ ખબર પડે.

પ્રશ્ન ૧૯ : હાલની પરીક્ષા ફી કયા વર્ષમાં નક્કી કરવામાં આવેલ હતી?

ઉત્તર ૧૯ : ઑર્ડિનન્સ ૧૨૯ અન્વયે હાલની મોટાભાગની પરીક્ષા ફી નક્કી કરવામાં આવેલી છે. જુદી જુદી ફેકલ્ટીમાં જુદા જુદા સમયે ફીનું ધોરણ નિયત થતું હોય છે તેમ જ જરૂરિયાત પ્રમાણે તેમાં ફેરફાર કરાતા હોય છે. યુનિવર્સિટી સ્થપાઈ તે પછી શરૂઆતનાં વર્ષોમાં પરીક્ષા ફીનાં જે ધોરણો નિયત થયાં તેની સેનેટની તા. ૭–૧૦–૧૯૫૭ સભામાં નોંધ કરવામાં આવેલી છે અને લગભગ મોટાભાગની પરીક્ષાઓમાં તે જ જૂનાં ફીનાં ધોરણો હાલ ચાલુ છે.

પ્રશ્ન ૨૦ : યુનિવર્સિટીએ પરીક્ષા ખર્ચમાં છેલ્લાં ત્રણ વર્ષમાં કેટલો વધારો કર્યો?

ઉત્તર ૨૦ : છેલ્લાં ત્રણ વર્ષના પરીક્ષા ખર્ચના આંકડા નીચે પ્રમાણે છે :

વર્ષ	રૂ. પૈ.
૧૯૮૭–૮૮	૧,૨૦,૪૧,૫૬૩–૮૧
૧૯૮૮–૮૯	૧,૧૨,૨૪,૬૫૦–૦૦
૧૯૮૯–૯૦	૧,૧૯,૩૧,૮૧૫–૭૮

પ્રશ્ન ૨૧ : યુનિવર્સિટી પરીક્ષા ફી વધારવા અંગે સક્રિય રીતે વિચારે છે ખરી?

ઉત્તર ૨૧ : ના, જી.

પ્રશ્ન ૨૨ : પરીક્ષા ફી વધારવા અંગે રાજ્ય સરકારે કોઈ પત્ર દ્વારા યુનિવર્સિટીને જણાવેલ છે તે શું ખરેખર સાચી હકીકત છે?

ઉત્તર ૨૨ : હા, જી. યુનિવર્સિટીની ખાધના સંદર્ભમાં શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીના તા. ૫–૧–૧૯૯૧ના પત્રમાં ખાધ ઘટાડવા માટે ફી વધારવાનું સૂચન કરેલું છે.

પ્ર. ૨૨ પરત્વે શ્રી. અરવિંદભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો તથા તે પર કુલપતિશ્રીએ ઉત્તર આપ્યો :

પ્ર. સરકારશ્રીનો પત્ર આવે તે સૂચના કહેવાય કે ડાયરેક્ટિવ કહેવાય ?

ઉ. સૂચના જ કહેવાય.

(આ પત્રની તારીખ યાદીમાં ૫-૫-૧૯૯૧ છપાઈ છે જે સભા સમયે ૫-૧-૧૯૯૧ સુધારવામાં આવી).

પ્રશ્ન ૨૩ : ૧૯૯૦-૯૧ના વર્ષ દરમિયાન યુનિવર્સિટીમાં કુલ ખાલી પડેલ જગ્યાઓ કેટલી?

ઉત્તર ૨૩ : ૧૯૯૦-૯૧ના વર્ષ દરમ્યાન ફેબ્રુઆરી ૧૯૯૧ સુધી યુનિવર્સિટીની શિક્ષક તથા બિન-શિક્ષક વર્ગ નિવૃત્ત થતાં/છોડી જતાં/મૃત્યુ થતાં ખાલી પડેલ તેવી કુલ ૧૬ જગ્યાઓ હતી.

પ્રશ્ન ૨૪ : આ અંગે અરજીઓ મંગાવવા માટે કેટલી જગ્યાઓની જાહેરખબરો આપી?

ઉત્તર ૨૪ : અગાઉનાં વર્ષોની ખાલી પડેલી જગાઓ સહિતની ૧૯૯૦-૯૧ના વર્ષમાં જુદા જુદા સમયે શિક્ષક/બિનશિક્ષક વર્ગની કુલ ૭૮ જગ્યાઓ ભરવાની જાહેરખબર આપી છે.

પ્રશ્ન ૨૫ : આપેલ જાહેરાત ઉપર આવેલ અરજીઓની ચકાસણીનું કાર્ય યુનિવર્સિટીના ક્યા વિભાગ દ્વારા થાય છે?

ઉત્તર ૨૫ : શિક્ષકવર્ગની જાહેરાત ઉપર આવેલી અરજીઓની ચકાસણીનું કાર્ય જે તે વિષય વિભાગ દ્વારા કરીને હિસાબ વિભાગને મોકલાય તે પછી હિસાબ વિભાગ દ્વારા ફરીથી ચકાસવામાં આવે છે. બિનશિક્ષક વર્ગની જાહેરાત ઉપર આવેલી અરજીઓની ચકાસણી હિસાબ વિભાગ દ્વારા થાય છે.

પ્ર. ૨૫ પરત્વે શ્રી. અરવિંદભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો તથા તે પર કુલપતિશ્રીએ ઉત્તર આપ્યો :

પ્ર. ચકાસણીનું કામ પૂરું થયું કે હજુ ચાલુ છે ?

ઉ. ચાલુ છે.

પ્રશ્ન ૨૬ : આ ચકાસણી ક્યા અધિકારી દ્વારા થાય છે?

ઉત્તર ૨૬ : શિક્ષકવર્ગના અરજીઓના ચકાસણી વિષય-વિભાગના અધ્યક્ષ તથા હિસાબ વિભાગના અધિકારી દ્વારા અને બિનશિક્ષક વર્ગની અરજીઓની ચકાસણી હિસાબ વિભાગના અધિકારી દ્વારા કરવામાં આવે છે.

પ્રશ્ન ૨૭ : કુલસચિવશ્રીની જગ્યા અંગે મંગાવવામાં આવેલ અરજીઓની ચકાસણી ક્યા અધિકારી દ્વારા કરવામાં આવેલ હતી?

ઉત્તર ૨૭ : કુલસચિવશ્રીની જગ્યા અંગે મંગાવવામાં આવેલ અરજીઓની ચકાસણી હિસાબ વિભાગ હેઠળના એસ્ટાબ્લિશમેન્ટ વિભાગ તથા હિસાબ વિભાગના અધિકારીઓ દ્વારા કરવામાં આવી હતી.

પ્રશ્ન ૨૮ : શું એ હકીકત છે કે આગાઉનાં વર્ષોમાં પરીક્ષા નિયામકની અરજીઓની ચકાસણી જે અધિકારીએ કરી હતી તે જ અધિકારીએ કુલસચિવશ્રીની અરજીઓની ચકાસણી કરેલ છે?

ઉત્તર ૨૮ : પ્રશ્ન ૨૬ નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૯ : હાલ યુનિવર્સિટીમાં 'સી' તથા 'ડી' કેટેગરીમાં કુલ કેટલાં ક્વાર્ટર્સ છે?

ઉત્તર ૨૯ : હાલ યુનિવર્સિટીમાં 'સી' અને 'ડી' કેટેગરીમાં નીચે પ્રમાણેનાં સ્ટાફ-ક્વાર્ટર્સ છે:

'સી' ટાઇપમાં રો હાઉસ-૧૦ (જૂના)
'સી' ટાઇપમાં ફ્લેટ—૧૨
'ડી' ટાઇપમાં રો હાઉસ—૧૨
'ડી' ટાઇપમાં ફ્લેટ—૩૬ (૨૪ પટાવાળા+૧૨ સ્વીપર-માળી)
'ડી' સર્વન્ટ ક્વાર્ટર્સ —૨ કુલપતિશ્રીના બંગલે
'ડી' સર્વન્ટ ક્વાર્ટર્સ —૨ ઉપકુલપતિશ્રીના બંગલે
'ડી' સર્વન્ટ ક્વાર્ટર્સ —૩ હેલ્થ સેન્ટર

પ્રશ્ન ૩૦ : હાલ યુનિવર્સિટીનાં વિવિધ કેટેગરીનાં કુલ કેટલાં ક્વાર્ટર્સ ખાલી છે?

ઉત્તર ૩૦ : 'બી' ટાઈપ ક્વાર્ટર્સ નં. ૧-૭-૧૦-૧૧-૧૪-૧૮-૨૦-૨૧ : કુલ ૮ ખાલી છે અને ક્વાર્ટર નં. ૬ કેમ્પસ મંડળને આપેલ છે.

રીડર્સ રો હાઉસ નં. ૪-૮ (બે ખાલી છે.)
રીડર્સ ફ્લેટ નં. ૧-૨-૫-૬ (કુલ ચાર ખાલી છે.)
લેક્ચરર્સ રો હાઉસ-નં, ૧૦-૧૨-૧૪ (ત્રણ ખાલી છે.)
લેક્ચરર ફ્લેટ-નં. ૧-૨-૩-૪-૬-૭-૮-૧૦-૧૧-૧૨ (કુલ ૧૦ ખાલી છે.)
ટીચર્સ હોસ્ટેલ-કુલ ૪૮ છે, જેમાંથી
૧૨ એજ્યુકેશન મીડિયા રિસર્ચ સેન્ટરને આપેલ છે.
૧૨ એકેડેમિક સ્ટાફ કોલેજને આપેલ છે.
૨ ડી.પી.ઇ. વિભાગને આપેલ છે.
કુલ મળીને ૧૮ ખાલી છે.
હેલ્થ સેન્ટરનાં કુલ ૩ પૈકી ૧ ક્વાર્ટર્સ ખાલી છે.

પ્રશ્ન ૩૧ : આ ખાલી ક્વાર્ટર્સ કર્મચારીઓને આપવા અંગે કુલપતિશ્રી દ્વારા કોઈ કમિટીની રચના થઈ હતી ખરી?

ઉત્તર ૩૧ : હા, જી.

પ્ર. ૩૧ પરત્વે શ્રી, પી. એમ. શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો તથા તે પર કુલપતિશ્રીએ ઉત્તર આપ્યો :

પ્ર. ખાલી ક્વાર્ટર્સ કર્મચારીઓને આપવા બાબતમાં કુલપતિશ્રી દ્વારા સમિતિની રચના ક્યારે થઈ હતી ?

ઉ. ૧૯૮૯ના વર્ષમાં રચના થઈ હતી.

પ્ર. ૩૨ પરત્વે શ્રી. પી. એમ. શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો તથા તે પર કુલપતિશ્રીએ ઉત્તર આપ્યો :

પ્ર. તેનો હેવાલ ક્યારે આવ્યો ?

ઉ. જાન્યુઆરી ૧૯૯૦.

પ્રશ્ન ૩૨ : જો હા, તો સભ્યોનાં નામો આપશો.

ઉત્તર ૩૨ : ખાલી ક્વાર્ટર્સની બાબત તપાસી ભલામણો કરવા અંગે કુલપતિશ્રીએ જે કમિટી નીમી હતી, તેમાં નીચે પ્રમાણે સભ્યો હતા :

(અ) પ્રથમ કમિટી :

(૧) ઉપકુલપતિશ્રી

(૨) પ્રો. એ. આર. શાહ

(૩) પ્રિ. એન. આર. દીક્ષિત

(૪) ડૉ. વી. સી. શાહ

(બ) પ્રથમ કમિટીની ભલામણો ફરીથી તપાસી જવા બીજી કમિટી નીમી હતી અને તેમાં નીચે મુજબના સભ્યો હતા :

(૫) પ્રિ. એચ. એમ. દેસાઈ

(૬) પ્રિ. ડી. એમ. શાખ

(૭) પ્રો. એ. આર. શાહ

પ્રશ્ન ૩૨ પરત્વે શ્રી મંજુભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો તથા તે પર કુલપતિશ્રીએ ઉત્તર આપ્યો :

પ્ર. મોટાભાગની સમિતિઓમાં ચાર-પાંચ નામો જ સૂચવાય છે અને તે પણ સિન્ડિકેટના સભ્યોનાં નામ જ સૂચવાતાં હોય છે તો સેનેટના સભ્યોનાં નામ પણ સૂચવવાં જોઈએ.

ઉ. અમુક સમિતિઓમાં યુનિવર્સિટી કોર્ટના સભ્યોનાં નામ પણ મૂકીએ છીએ, તેમ છતાં તમારા સૂચનની નોંધ લઈએ છીએ.

પ્રશ્ન ૩૩ : આ કમિટીએ શી ભલામણો કરેલ હતી? તેને પરિશિષ્ટ તરીકે આપવા વિનંતી છે.

ઉત્તર ૩૩ : સમિતિનો અહેવાલ સભા સમયે સભાગૃહ સમક્ષ ટેબલ પર મૂકવામાં આવશે.

પ્રશ્ન ૩૪ : હાલ યુનિવર્સિટીના કેટલા અધિકારીઓ કે કર્મચારીઓને યુનિવર્સિટીએ ક્વાર્ટર્સ ફ્રી રેન્ટ તરીકે આપેલ છે?

ઉત્તર ૩૪ : ૨ માળી } કુલપતિશ્રીના બંગલે તથા ઉપકુલપતિશ્રીના બંગલે
૨ પટાવાળા }

૩ ડ્રાઈવર -(શ્રી. કરશનદાસ કડિયા, શ્રી. ગોવિંદભાઈ, શ્રી. બળદેવભાઈ ગોસાઈ)

૧ ભૂતપૂર્વ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (શ્રી. જે. સી. પટેલ)

૩ વૉર્ડન શ્રી. એમ. એસ. પરમાર, શ્રી. એસ. એ. ત્રિવેદી, શ્રીમતી રોહિણીબહેન શાહ,

૨ હેલ્થ સેન્ટર ક્વાર્ટર્સ આર.એમ.ઓ. ડૉ. મહેશભાઈ ભટ્ટ તથા વૉર્ડ બોય શ્રી. નરેશભાઈ માછી)

૧ ઉપકુલપતિશ્રી

૧ કેમ્પસ મંડળ (બા–૬)

પ્રશ્ન ૩૪ પરત્વે શ્રી અરવિંદભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો તથા તે પર કુલપતિશ્રીએ ઉત્તર આપ્યો :

પ્ર. ભૂતપૂર્વ ઈલેકટ્રિકલ એન્જિનિયર કે જેઓ નાયબ કુલસચિવ તરીકે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં છે તેમને પણ આપણે ફ્રી રેન્ટ ક્વાર્ટર્સ આપેલ છે?

ઉ. હા, તેમની સેવાની ઉપયોગિતાની દૃષ્ટિએ આપેલ છે.

પ્રશ્ન ૩૪ : પરત્વે શ્રી સૂર્યકાન્તભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો તથા તે પર કુલપતિશ્રીએ ઉત્તર આપ્યો :

પ્ર. ક્વાર્ટર્સ આપવાનાં કોઈ નોર્મ્સ નક્કી કર્યાં છે ખરાં ?

ઉ. હા જી. નિયત થયેલાં ધોરણો પ્રમાણે આ બધાને જે ક્વાર્ટર્સ આપેલાં છે તે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે મંજૂર કરેલાં છે.

પ્રશ્ન ૩૪ પરત્વે શ્રી અરવિંદભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો તથા તે પર કુલપતિશ્રીએ ઉત્તર આપ્યો :

પ્ર. શ્રી જે. સી. પટેલ, ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં એચ. આર. એ. મેળવતા હશે તે આ યુનિવર્સિટીમાં જમા કરાવે છે ?

ઉ. તેઓ ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં એચ. આર. એ. લે છે કે નહીં તે માહિતી અમારી પાસે નથી તેમ છતાં નિયમ પણ જોવા પડે.

પ્રશ્ન ૩૫ : ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના હાલના કુલસચિવશ્રી એસ. એસ. વોરા ગુજરાત યુનિવર્સિટીમાંથી પેન્શન મેળવે છે તે હકીકત ખરી છે?

ઉત્તર ૩૫ : હા, જી.

પ્રશ્ન ૩૫ પરત્વે શ્રી જશવંતભાઈ ઠક્કરે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો તથા તે પર કુલપતિશ્રીએ ઉત્તર આપ્યો :

પ્ર. ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના હાલના કુલસચિવશ્રી વોરા સાહેબને અહીંયાથી પેન્શન આપીએ છીએ તેની જાણ આપણે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીને કરી છે ખરી ?

ઉ. એ જવાબદારી વ્યક્તિની છે. આપણને તેઓ પુછાવે તો જવાબ આપીએ.

પ્રશ્ન ૩૬ : તેઓ કેટલું પેન્શન મેળવે છે?

ઉત્તર ૩૬ : તેઓ માસિક બેઝિક પેન્શન રૂ. ૮૪૫/- મેળવે છે.

પ્રશ્ન ૩૭ : આ પેન્શનમાંથી તેઓને ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાંથી મળતો પગાર બાદ કરવામાં આવે છે ખરો?

ઉત્તર ૩૭ : ના, જી. પેન્શનના નિયમો પ્રમાણે પેન્શનમાંથી પગારની રકમ બાદ કરવાની રહેતી નથી, પરંતુ પગારમાંથી પેન્શનની રકમ બાદ કરવાની હોય છે.

પ્રશ્ન ૩૮ : અગાઉ શ્રી. વોરા નિવૃત્ત થયા બાદ યુનિવર્સિટી કોલેજ ડેવલપમેન્ટ કાઉન્સિલમાં નિમાયા હતા તે હકીકત ખરી છે?

ઉત્તર ૩૮ : હા, જી.

પ્રશ્ન ૩૯ : જો હા, તો કેટલા સમય?

ઉત્તર ૩૯ : તા. ૧-૮-૧૯૮૪થી તા. ૨-૫-૧૯૮૬ સુધી.

પ્રશ્ન ૪૦ : તેઓને કેટલું વેતન ચૂકવવામાં આવેલ?

ઉત્તર ૪૦ : તેઓને તે ગાળામાં માસિક ફિક્સ રૂ. ૨,૦૦૦/- વેતન તરીકે ચૂકવવામાં આવેલ હતું.

પ્રશ્ન ૪૧ : આ વેતનમાંથી પેન્શન બાદ કરવામાં આવેલ?

ઉત્તર ૪૧ : હા, જી.

પ્રશ્ન ૪૨ : જો ના, તો શા માટે?

ઉત્તર ૪૨ : પ્રશ્ન ૪૧નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૪૩ : આ વેતનમાંથી પેન્શન બાદ નહીં કરવાને કારણે લોકલ ફંડ ઑડિટ વાંધા લીધા હતા તે હકીકત ખરી છે?

ઉત્તર ૪૩ : પ્રશ્ન ૪૧નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૪૪ : તે અંગેની રિકવરી શ્રી. વોરા પાસેથી મેળવી લીધી? જો હા, તો કેટલી?

ઉત્તર ૪૪ : પ્રશ્ન ૪૧નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૪૫ : હાલ યુનિવર્સિટીમાં કુલ કેટલા દૈનિક વેતનના કર્મચારીઓ છે?

ઉત્તર ૪૫ : હાલમાં યુનિવર્સિટીમાં ૧૬ દૈનિક વેતનના કર્મચારીઓ છે.

પ્રશ્ન ૪૬ : તેઓને શું વેતન આપવામાં આવે છે?

ઉત્તર ૪૬ : સિક્યોરિટી ઑફિસરને રૂ. ૫૨ દૈનિક વેતન, જુનિયર ક્લાર્કને રૂ. ૩૦ દૈનિક વેતન તથા પટાવાળાને રૂ. ૨૨ દૈનિક વેતન તરીકે ચૂકવવામાં આવે છે.

પ્રશ્ન ૪૬ પરત્વે સભ્યશ્રીએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો તથા તે પર કુલપતિશ્રીએ ઉત્તર આપ્યો :

પ્ર. દૈનિક વેતનના કર્મચારીઓને વેતનમાં એચ. આર. એ./સી. એલ. એ. આપીએ છીએ?

ઉ. અમુકને દૈનિક મુકરર પગારથી અને અમુકને માસિક મુકરર પગારથી રાખીએ છીએ.

પરિશિષ્ટ "૧"

[૧] શ્રી. અરવિંદ શાહના પ્રશ્ન ક્રમાંક ૧૬ અંગે અમાન્ય ખર્ચની વિગત આપતું પત્રક.

અનુ. નંબર અમાન્ય ખર્ચના સદરનું નામ

૧. પરીક્ષા ભથ્થાં ખર્ચ
(૨૫% ટકા ઉપરાંતને ચૂકવવામાં આવતો ખર્ચ)

૨. ઓવરટાઈમ ભથ્થું

૩. સરકારશ્રીની મંજૂરી વગર ઊભી કરવામાં આવતી બિનશૈક્ષણિક જગ્યાઓ

૪. સરકારશ્રીની મંજૂરી વગર રોજમદાર કર્મચારીઓની હંગામી નિમણૂક

૫. ફર્નિચર અંગે માન્ય ખર્ચ રૂ. ૧,૦૦,૦૦૦/- ઉપરાંતનો વધારાનો ખર્ચ

૬. સરકારશ્રીની મંજૂરી વગર યુનિવર્સિટીએ તેમના બિનશૈક્ષણિક કર્મચારીઓના તા. ૧-૭-૧૯૮૧ની અસરથી પગારધોરણો સુધર્યા તેનો વધારાનો ખર્ચ તેમજ સરકારશ્રીની મંજૂરી વગર પગારધોરણો સુધારવાના કારણે થતો વધારાનો ખર્ચ

૭. યુનિવર્સિટીના કર્મચારીઓને પુસ્તક અંગે આર્થિક સહાય

૮. યુનિવર્સિટીના ફંડમાંથી થતાં ઇનામો, શિષ્યવૃત્તિ, ચંદ્રકો વગેરેનો ખર્ચ

૯. એચ. કે. પ્રોફેશનલ તાલીમ કેન્દ્રનો ખર્ચ

૧૦. સરકારશ્રીની મંજૂરી વગર શરૂ કરવામાં આવેલ અભ્યાસક્રમો.

પરિશિષ્ટ "૨"

[૧] શ્રી અરવિંદભાઈ શાહના પ્રશ્ન ક્રમાંક ૧૮ અંગે ૧૯૮૯-૯૦ના વર્ષ દરમ્યાન પરીક્ષામાં બેસવા માટે જુદી જુદી વિદ્યાશાખાવાર નોંધાયેલ વિદ્યાર્થીઓની વિગત.

વિદ્યાશાખાનું નામ	એપ્રિલ/મે, ૧૯૮૯ની સંખ્યા	ઑક્ટોબર/નવેમ્બર, ૧૯૮૯ની સંખ્યા
વિનયન (શિક્ષણ સહિત)	૪૫૧૮૬	૯૨૨૮
વિજ્ઞાન	૧૩૬૭૦	૧૩૧૩
વાણિજ્ય	૧૫૯૩૧	૧૩૬૪૭
કાયદા	૯૦૭૦	૯૧૯૭
તબીબી	૧૩૨૨	૧૧૫૭
ફાર્મસી	૧૦૪૦	૪૧૮
દંત	૧૮૫	૧૮૨
ઇજનેરી	૪૦૫૦	૪૦૧૭

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની કોર્ટની વાર્ષિક સભા સોમવાર, તા. ૩૦-૩-૧૯૯૨ના રોજ બપોરના ૧૨-૩૦ વાગે યુનિવર્સિટી કોર્ટ-ખંડમાં મળી હતી અને મંગળવાર, તા. ૩૧-૩-૧૯૯૨ના રોજ તે જ સ્થળે અને સમયે ચાલુ રહી હતી. બન્ને દિવસોએ અધ્યક્ષસ્થાન કુલપતિશ્રી ડૉ. મહેન્દ્રભાઈ નાનુભાઈ દેસાઈએ સંભાળ્યું હતું. આ બન્ને દિવસોએ સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩૦-૩-૧૯૯૨	તા. ૩૧-૩-૧૯૯૨
૧.	ડૉ. સ્વરૂપસિંહ (કુલાધિપતિ)	ગેરહાજર	ગેરહાજર
૨.	ડૉ. એમ. એન. દેસાઈ (કુલપતિ)	હાજર	હાજર
૩.	પ્રો. અંબુભાઈ દેસાઈ (ઉપકુલપતિ)	હાજર	હાજર
૪.	શ્રી એન. એમ. મિયાંભાઈ (ભૂતપૂર્વ કુલપતિ)	ગેરહાજર	ગેરહાજર
૫.	ડૉ. પી. સી. વૈદ્ય (ભૂતપૂર્વ કુલપતિ)	ગેરહાજર	ગેરહાજર
૬.	પ્રો. કે. એસ. શાસ્ત્રી (ભૂતપૂર્વ કુલપતિ)	હાજર	હાજર
૭.	શ્રી એમ. પી. જડિયા (કાર્યકારી કુલસચિવ)	હાજર	હાજર
૮.	ગ્રંથપાલશ્રી, ગુજરાત યુનિવર્સિટી	હાજર	હાજર
૯.	ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	હાજર	ગેરહાજર
૧૦.	નિયામકશ્રી, ટેકનિકલ એજ્યુકેશન	હાજર	ગેરહાજર
૧૧.	ડાયરેક્ટર ઑફ હેલ્થ, મેડિકલ સર્વિસીઝ ઍન્ડ મેડિકલ એજ્યુકેશન	હાજર	ગેરહાજર
૧૨.	નિયામકશ્રી, રોજગાર અને તાલીમ	હાજર	ગેરહાજર
૧૩.	નિયામકશ્રી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર	હાજર	ગેરહાજર
૧૪.	અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ	હાજર	ગેરહાજર
૧૫.	શ્રી ભરતભાઈ બારોટ	હાજર	ગેરહાજર
૧૬.	શ્રી પોપટલાલ પી. પટેલ	હાજર	ગેરહાજર
૧૭.	શ્રી હરેન વી. પંડ્યા	હાજર	હાજર
૧૮.	શ્રી ટી. પી. અમીન	હાજર	હાજર
૧૯.	શ્રી અરવિંદ શાહ	હાજર	હાજર
૨૦.	શ્રી બી આર. પટેલ	હાજર	હાજર
૨૧.	શ્રી જે. એચ. રાઠોડ	હાજર	હાજર
૨૨.	શ્રી એચ. એસ. પઠાણ	હાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩૦—૩—૧૯૯૨	તા. ૩૧—૩—૧૯૯૨
૨૩.	શ્રી એમ. આર. શાસ્ત્રી	ગેરહાજર	ગેરહાજર
૨૪.	શ્રી ડી. બી. લાખિયા	હાજર	હાજર
૨૫.	શ્રી એસ. એન. પટેલ	હાજર	હાજર
૨૬.	શ્રી એન. એસ. વોરા	હાજર	હાજર
૨૭.	શ્રી બી. એસ. પટેલ	હાજર	હાજર
૨૮.	શ્રી નરહરિ એચ. અમીન	હાજર	ગેરહાજર
૨૯.	શ્રી કે. આર. પટેલ	હાજર	ગેરહાજર
૩૦.	શ્રી એ. એસ. શાહ	હાજર	ગેરહાજર
૩૧.	શ્રી યુ. એમ. પંડિત	હાજર	ગેરહાજર
૩૨.	શ્રી એમ. બી. દેસાઈ	હાજર	હાજર
૩૩.	શ્રી વી. પી. કામદાર	હાજર	ગેરહાજર
૩૪.	શ્રી એમ. સી. શાહ	હાજર	ગેરહાજર
૩૫.	શ્રી બી. કે. શાહ	હાજર	હાજર
૩૬.	શ્રી વી. જી. પટેલ	હાજર	ગેરહાજર
૩૭.	શ્રી સી. કે. ઠાકર	હાજર	હાજર
૩૮.	શ્રી એ. આર. શુકલ	હાજર	હાજર
૩૯.	શ્રી એ. આર. શાહ	હાજર	હાજર
૪૦.	શ્રી એસ. આઈ. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૪૧.	શ્રી એ. એમ. પટેલ	હાજર	હાજર
૪૨.	શ્રી એસ. સી. કાનાવાલા	હાજર	હાજર
૪૩.	શ્રી એન. ટી. હિંગોરાની	હાજર	હાજર
૪૪.	શ્રી જે. જે. ગોરડી	હાજર	હાજર
૪૫.	શ્રી ટી. આઈ. દવે	હાજર	હાજર
૪૬.	શ્રીમતી ડી. જી. નાયક	હાજર	હાજર
૪૭.	શ્રીમતી આર. એ. દેસાઈ	હાજર	હાજર
૪૮.	શ્રી આર. જે. દવે	હાજર	હાજર
૪૯.	શ્રી એમ. સી. બુટાલા	હાજર	હાજર
૫૧.	શ્રી એલ. એમ. પટેલ	હાજર	હાજર
૫૨.	શ્રી આર. એમ. ભાવસાર	હાજર	હાજર
૫૩.	ડૉ. એસ. જી. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૫૪.	શ્રી. બી. વી. પરીખ	હાજર	હાજર
૫૫.	શ્રી. એ. એ. અહલુવાલિયા	હાજર	હાજર
૫૬.	શ્રી. ટી. સી. પંડયા	હાજર	હાજર
૫૭.	શ્રી. એમ. એન. પટેલ	હાજર	હાજર
૫૮.	શ્રી. જી આર પટેલ	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩૦-૩-૧૯૯૨	તા. ૩૧-૩-૧૯૯૨
૫૯.	શ્રી. એલ. એમ. મહેતા	ગેરહાજર	ગેરહાજર
૬૦.	શ્રી. સી. વી. દૂધિયા	હાજર	ગેરહાજર
૬૧.	શ્રી. એમ. બી. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૬૨.	શ્રી. એસ. એલ. જોશી	હાજર	ગેરહાજર
૬૩.	શ્રી. એમ. એમ. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૬૪.	ડૉ. આર. કે. પટેલ	હાજર	ગેરહાજર
૬૫.	શ્રી. પી. એમ. શાહ	હાજર	હાજર
૬૬.	શ્રી. ડી. બી. સોલંકી	હાજર	હાજર
૬૭.	શ્રી. ડી. એન. ત્રિવેદી	હાજર	હાજર
૬૮.	શ્રી. એમ. ટી. પટેલ	હાજર	હાજર
૬૯.	શ્રી. કે. એસ. ગાંધી	હાજર	હાજર
૭૦.	શ્રી. જે. એચ. ઠક્કર	હાજર	હાજર
૭૧.	શ્રી. ડી. એ. પટેલ	હાજર	હાજર
૭૨.	શ્રી. કે. જે. પટેલ	હાજર	હાજર
૭૩.	શ્રી. આર. વી. ભટ્ટ	હાજર	ગેરહાજર
૭૪.	ડૉ. ડી. એમ. શિશુ	હાજર	હાજર
૭૫.	પ્રિ. આર. આર. ભટ્ટ	હાજર	હાજર
૭૬.	પ્રિ. કે. ડી. પટેલ	હાજર	ગેરહાજર
૭૭.	પ્રિ. બી. એન. ગાંધી	હાજર	હાજર
૭૮.	પ્રિ. એન. એમ. પરીખ	હાજર	હાજર
૭૯.	પ્રિ. એ. એફ. દાવર	હાજર	હાજર
૮૦.	પ્રિ. ઊર્મિલાબહેન સી. પટેલ	હાજર	હાજર
૮૧.	પ્રિ. એચ. પી. પંડ્યા	હાજર	હાજર
૮૨.	પ્રિ. એન. વી. રાવલ	હાજર	હાજર
૮૩.	પ્રિ. લીલાબહેન કે. પટેલ	હાજર	હાજર
૮૪.	પ્રિ. એચ કે. વ્યાસ	હાજર	હાજર
૮૫.	પ્રિ. વી. આર. રુદાણી	હાજર	હાજર
૮૬.	પ્રિ. એન. આર. શાહ	હાજર	ગેરહાજર
૮૭.	પ્રિ. એન. એસ. શાહ	હાજર	હાજર
૮૮.	પ્રિ. વી. ટી. સોની	હાજર	હાજર
૮૯.	પ્રિ. એચ. એમ. દેસાઈ	હાજર	હાજર
૯૦.	પ્રિ. એમ. આર. જોશી	હાજર	હાજર
૯૧.	પ્રિ. એમ. ડી. પંચોલી	હાજર	હાજર
૯૨.	ડૉ. સી. એ. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૯૩.	પ્રિ. આર. એચ. વ્યાસ	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩૦–૩–૧૯૯૨	તા. ૩૧–૩–૧૯૯૨
૯૪.	પ્રિ. જી. એસ. શાહ	ગેરહાજર	ગેરહાજર
૯૫.	પ્રિ. એન. એન. શાહ	ગેરહાજર	ગેરહાજર
૯૬.	પ્રિ. ડી. એમ. શીખ	હાજર	હાજર
૯૭.	પ્રિ. આર. સી. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૯૮.	પ્રિ. સી. બી. રાવલ	હાજર	ગેરહાજર
૯૯.	શ્રી. રેવાભાઈ વરવાભાઈ દેસાઈ	હાજર	ગેરહાજર
૧૦૦.	શ્રી. વ્રજકિશોર દામોદર શર્મા	હાજર	ગેરહાજર
૧૦૧.	શ્રી. કૌશિક સુખલાલ જૈન	હાજર	હાજર
૧૦૨.	શ્રી. હેમંતસિંહ નાહરસિંહ ઝાલા	હાજર	ગેરહાજર
૧૦૩.	શ્રી. મુકેશકુમાર વિક્રમભાઈ પટેલ	હાજર	હાજર
૧૦૪.	શ્રી. ધર્મેન્દ્ર કાન્તિભાઈ પટેલ	હાજર	ગેરહાજર
૧૦૫.	શ્રી. દીપકકુમાર મનુભાઈ ડાભી	હાજર	ગેરહાજર
૧૦૬.	શ્રી. ચન્દ્રવદન ફુલચંદભાઈ મોદી	હાજર	હાજર
૧૦૭.	શ્રી. રાજેશ પુરુષોત્તમદાસ ભાલોડિયા	હાજર	ગેરહાજર
૧૦૮.	શ્રી. ધર્મેન્દ્ર ઘેલાભાઈ કારે	હાજર	હાજર
૧૦૯.	શ્રી. મેહુલ પ્રબોધચંદ્ર ત્રિવેદી	હાજર	હાજર
૧૧૦.	શ્રી. પી. કે. જૈન	હાજર	હાજર
૧૧૧.	શ્રી. સુધીર આઈ. નાણાવટી	હાજર	ગેરહાજર
૧૧૨.	શ્રીમતી રાજશ્રી એસ. નાણાવટી	હાજર	ગેરહાજર
૧૧૩.	શ્રી. એમ. સી. છાબરિયા	હાજર	ગેરહાજર
૧૧૪.	પ્રો. ધવલ મહેતા	હાજર	હાજર
૧૧૫.	પ્રો. અરુણ વૈદ્ય	હાજર	હાજર
૧૧૬.	પ્રો. એ. બી. વોરા	હાજર	હાજર
૧૧૭.	શ્રીમતી અમીના આઈ. અમીન	હાજર	ગેરહાજર
૧૧૮.	શ્રીમતી પ્રતીક્ષાબહેન રાવલ	હાજર	હાજર
૧૧૯.	પ્રો. મંગુભાઈ આર. પટેલ	હાજર	હાજર
૧૨૦.	ડૉ. એસ. સી. કુકરેટી	ગેરહાજર	ગેરહાજર
૧૨૧.	શ્રી. આર. જે. મોદી	ગેરહાજર	ગેરહાજર
૧૨૨.	ડૉ. કેતન ડી. દેસાઈ	હાજર	હાજર
૧૨૩.	પ્રો. મોહિયુદ્દીન બોમ્બેવાલા	હાજર	ગેરહાજર
૧૨૪.	પ્રો. ઈશ્વરભાઈ એ. પરમાર	હાજર	હાજર
૧૨૫.	શ્રી. બદરુદ્દીન શેખ	હાજર	હાજર
૧૨૬.	શ્રી. શિરીષ ટી. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૧૨૭.	શ્રી. એચ. એ. ભટ્ટ	હાજર	ગેરહાજર
૧૨૮.	શ્રી. કનુભાઈ શાહ	હાજર	હાજર

તા. ૩૦–૩–૧૯૯૨ ના રોજ વાદી પ્રમાણે સભાનું કામકાજ શરૂ કરતાં પહેલાં નીચેનો શોકદર્શક ઠરાવ અધ્યક્ષસ્થાનેથી રજૂ કરવામાં આવ્યો :

"આ યુનિવર્સિટી કોર્ટના ભૂતપૂર્વ હોદ્દાગત સભ્ય તથા એકેડેમિક કાઉન્સિલના સભ્ય, રસાયણવિજ્ઞાન વિષયની અભ્યાસસમિતિના ભૂતપૂર્વ ચેરમેન, રસાયણવિજ્ઞાનના અધ્યાપન અને સંશોધનના ક્ષેત્રે અદ્વિતીય પ્રતિભા ધરાવનાર તથા સંસ્કૃતના વિદ્વાન એવા બહુશ્રુત, એમ. જી. સાયન્સ કૉલેજ, અમદાવાદના નિવૃત્ત આચાર્યશ્રી ડૉ. આર. ડી. દેસાઈના અવસાનની આ સભા દુ:ખદ નોંધ લે છે. સદ્ગતે યુનિવર્સિટીના ઉચ્ચ શિક્ષણક્ષેત્રે આપેલી સેવાઓને કૃતજ્ઞતાપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પે છે અને તેમનાં કુટુંબીજનો પ્રત્યે ઊંડી સહાનુભૂતિ વ્યક્ત કરે છે. આ ઠરાવની નકલ સદ્ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે આ સભા પ્રમુખશ્રીને સત્તા આપે છે."

ઉપરનો શોકદર્શક ઠરાવ સભાગૃહે ઊભા થઈને બે મિનિટ મૌન પાળીને પસાર કર્યો.

તે પછી સભાની વાદી પરનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

૧. તા. ૩૦/૩૧-૩ ૧૯૯૧ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૩૦/૩૧–૩–૧૯૯૧ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર અધ્યક્ષશ્રીએ સહી કરી.

૨. ઍક્ઝિક્યુટિવ કાઉન્સિલ પર નીચે પ્રમાણે જગાઓ ભરવા માટેની ચૂંટણી :

ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ			૧૯(૧)(૫) અન્વયે :	શિક્ષક સિવાયના ત્રણ સભ્યો
,,	,,	,,	૧૯(૧)(૬) અન્વયે :	યુનિવર્સિટીના બે પ્રાધ્યાપકો
,,	,,	,,	૧૯(૧)(૭) અન્વયે :	સંલગ્ન કૉલેજોના ત્રણ આચાર્યો
,,	,,	,,	૧૯(૧)(૮) અન્વયે :	પ્રાધ્યાપક ન હોય તેવા યુનિવર્સિટી વિદ્યાભવનના એક શિક્ષક
,,	,,	,,	૧૯(૧)(૯) અન્વયે :	આચાર્ય ન હોય તેવા સંલગ્ન કૉલેજોના ત્રણ શિક્ષકો
,,	,,	,,	૧૯(૧)(૧૨) અન્વયે :	સંલગ્ન કૉલેજોની કાર્યવાહક સમિતિના એક સભ્ય.

સદરહુ બાબત વિચારણા માટે હાથ ધરવામાં આવતાં પહેલાં શ્રી. હરેનભાઈ પંડ્યાએ અધ્યક્ષશ્રી પાસેથી માહિતી માંગી કે મતદારયાદી ક્યારે બહાર પાડીએ છીએ અને તેમાં ક્યારે સુધારો કરી શકાય?

દરમ્યાન આચાર્યશ્રી દર્શનસિંગ શાખ તરફથી "પોઈન્ટ ઑફ ઑર્ડર" ઉઠાવવામાં આવ્યો કે પ્રશ્નોત્તરીનો સમય હજી શરૂ થયો નથી.

અધ્યક્ષશ્રીએ રૂલિંગ આપતાં જણાવ્યું કે માહિતી આપી શકાય.

ત્યારબાદ અધ્યક્ષશ્રીએ માહિતી આપતાં જણાવ્યું કે નિયમ અનુસાર જ સુધારા કરવામાં આવે છે.

તે પછી પ્રમુખશ્રીએ નીચે મુજબ મત ગણતરીદાર (ટેલર્સ)ની નિમણૂક કરી :

(૧) પ્રો. એ. એમ. વૈદ્ય

(૨) પ્રિ. આર. એચ. વ્યાસ

(૩) પ્રિ. એન. આર. શાહ

ઉપરાંત પ્રો. એ. વી ગજ્જરને મદદમાં રાખવા નિમણૂક કરી.

નીચેના ઉમેદવારોએ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની જુદી જુદી જગા માટે ઉમેદવારી નોંધાવી હતી :

(૧) યુનિવર્સિટી ધારાની કલમ ૧૯(૧) (૫) અન્વયે શિક્ષકો ન હોય તેવા યુનિવર્સિટી કોર્ટના સભ્યો :

(૧) શ્રી. હરેન વી. પંડ્યા

(૨) શ્રી. પ્રકાશચંદ્ર કિશોરીલાલ જૈન

(૩) શ્રી. જગદીશભાઈ એચ. રાઠોડ

(૪) શ્રી. ધર્મેન્દ્ર કાન્તિભાઈ પટેલ

(૫) શ્રી. એમ. બી. દેસાઈ

(૬) શ્રી. નરહરિ હીરાલાલ અમીન

(૭) શ્રીમતી રાજશ્રી એસ. નાણાવટી

(૮) શ્રી. સુધીર ઇન્દ્રવદન નાણાવટી

(૯) શ્રી. અરવિંદ શાહ.

ઉપર જણાવેલ નવ ઉમેદવારો પૈકી સર્વશ્રી પ્રકાશચંદ્ર કિશોરીલાલ જૈન, જગદીશભાઈ એચ. રાઠોડ, ધર્મેન્દ્ર કાન્તિભાઈ પટેલ, શ્રીમતી રાજશ્રી એસ. નાણાવટી, સુધીર ઈન્દ્રવદન નાણાવટી અને અરવિંદ શાહે તેમનાં ઉમેદવારીપત્રો સ્ટેચ્યૂટ ૧૫૦ અનુસાર ચકાસણીની તારીખ અને સમય પછીના ચોવીસ કલાક સુધીમાં, એટલે કે તા. ૨૨-૩-૧૯૯૨ના રોજ સાંજના ૪—૩૦ કલાક સુધીમાં, પોતાની સહીથી લેખિત અરજી કરીને અને સહી-સાક્ષી કરીને પાછાં ખેંચી લીધેલાં હોઈ નીચેના ત્રણ ઉમેદવારોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા :

(૧) શ્રી. હરેન વી. પંડ્યા

(૨) શ્રી. એમ. બી. દેસાઈ

(૩) શ્રી. નરહરિ હીરાલાલ અમીન.

(૨) યુનિવર્સિટી ધારાની કલમ ૧૯(૧)(૬) અન્વયે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના પ્રાધ્યાપકો હોય તેવા યુનિવર્સિટી કોર્ટના સભ્યો :

(૧) પ્રો. ધવલ મહેતા

(૨) પ્રો. એ. બી. વોરા.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ પરની બે બેઠકો માટે ઉપરોક્ત બે સભ્યોનાં ઉમેદવારીપત્રો આવ્યાં હોઈ તેઓને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા.

(૩) યુનિવર્સિટી ધારાની કલમ ૧૯(૧)(૭) અન્વયે સંલગ્ન કોલેજોના આચાર્ય હોય તેવા યુનિવર્સિટી કોર્ટના સભ્યો :

(૧) પ્રિ. દર્શનસિંગ મુસ્તાકસિંગ શીખ
(૨) પ્રિ. હર્ષદભાઈ મોતીભાઈ દેસાઈ
(૩) પ્રિ. હરિશંકર પ્રભાશંકર પંડ્યા
(૪) પ્રિ ચંદુલાલ ભીખાલાલ રાવલ
(૫) પ્રિ. હરગોવિન્દ કરુણાશંકર વ્યાસ.

ઉપર જણાવેલ પાંચ ઉમેદવારો પૈકી પ્રિ. ચંદુલાલ ભીખાલાલ રાવલે તેમજ પ્રિ. હરગોવિન્દ કરુણાશંકર વ્યાસે તેમનાં ઉમેદવારીપત્રો સ્ટેચ્યૂટ ૧૧૦ અનુસાર ચકાસણીની તારીખ અને સમય પછીના ચોવીસ કલાક સુધીમાં, એટલે કે તા. ૨૨-૩-૧૯૯૨ના રોજ સાંજના ૪-૩૦ કલાક સુધીમાં, પોતાની સહીથી લેખિત અરજી કરીને અને સહી-સાક્ષી કરીને પાછાં ખેંચી લીધેલાં હોઈ નીચેના ત્રણ ઉમેદવારોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા :

(૧) પ્રિ. દર્શનસિંગ મુસ્તાકસિંગ શીખ
(૨) પ્રિ. હર્ષદભાઈ મોતીભાઈ દેસાઈ
(૩) પ્રિ. હરિશંકર પ્રભાશંકર પંડ્યા.

(૪) યુનિવર્સિટી ધારાની કલમ ૧૯(૧)(૮) અન્વયે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકો હોય તેવા કોર્ટના સભ્યો :

(૧) શ્રી મંગુભાઈ પટેલ
(૨) શ્રી અરવિંદભાઈ રણછોડલાલ શાહ.

(૫) યુનિવર્સિટી ધારાની કલમ (૧૯) (૧)(૯) અન્વયે આચાર્યો સિવાયના સંલગ્ન કોલેજોના શિક્ષકો હોય તેવા કોર્ટના સભ્યો :

(૧) શ્રી. ધીરજલાલ નારણજી ત્રિવેદી
(૨) શ્રી. નીતિન સુમનચંદ્ર વોરા
(૩) શ્રી. તુષાર ચૈતન્ય પંડ્યા
(૪) શ્રી. દેવેન્દ્રસિંહ ભૈરવસિંહ સોલંકી
(૫) શ્રી. શાન્તુકુમાર લક્ષ્મીલાલ જોષી
(૬) શ્રી. શિરીષભાઈ રાવજીભાઈ પટેલ
(૭) શ્રી. કે. એસ. શાસ્ત્રી
(૮) શ્રી. જશવંતભાઈ હરિભાઈ ઠક્કર
(૯) શ્રી. રણછોડ કરશનદાસ પટેલ
(૧૦) શ્રીમતી દીપ્તિ ગજેન્દ્ર નાયક

ઉપર જણાવેલ દસ ઉમેદવારો પૈકી સર્વશ્રી નીતિન સુમનચંદ્ર વોરા, ચૈતન્ય પંડ્યા, શાન્તુકુમાર લક્ષ્મીલાલ જોષી, જશવંતભાઈ હરિભાઈ ઠક્કર અને દીપ્તિ ગજેન્દ્ર નાયકે તેમનાં ઉમેદવારીપત્રો સ્ટેચ્યૂટ ૧૧૦ અનુસાર ચકાસણીની તારીખ અને સમય પછીના ચોવીસ કલાક સુધીમાં, એટલે કે તા. ૨૨-૩-૧૯૯૨ના રોજ સાંજના ૪-૩૦ કલાક

સુધીમાં, પોતાની સહીથી લેખિત અરજી કરીને અને સહી-સાક્ષી કરીને પાછાં ખેંચી લીધેલાં હતાં.

(૬) યુનિવર્સિટી ધારાની કલમ ૧૯(૧)(૧૨) અન્વયે સંલગ્ન કોલેજોનાં સંચાલક-મંડળોના પ્રતિનિધિઓ હોય તેવા યુનિવર્સિટીના કોર્ટના સભ્યો :

(૧) શ્રી બટુકચંદ્ર કુંજવિહારી શાહ
(૨) શ્રી વિનુભાઈ ગોકળભાઈ પટેલ
(૩) શ્રી સુધીર ઇન્દ્રવદન નાણાવટી.

ઉપર જણાવેલ ત્રણ ઉમેદવારો પૈકી સર્વશ્રી બટુકચંદ્ર કુંજવિહારી શાહે તેમજ વિનુભાઈ ગોકળભાઈ પટેલે તેમનાં ઉમેદવારીપત્રો સ્ટેચ્યૂટ ૧૫૦ અનુસાર ચકાસણીની તારીખ અને સમય પછીના ચોવીસ કલાક સુધીમાં, એટલે કે તા. ૨૨-૩-૧૯૯૨ના રોજ ૪-૩૦ કલાક સુધીમાં, પોતાની સહીથી લેખિત અરજી કરીને અને સહી-સાક્ષી કરીને પાછાં ખેંચી લીધેલ હોઈ નીચેના ઉમેદવાર બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા :

(૧) શ્રી સુધીર ઇન્દ્રવદન નાણાવટી.

(**નોંધ.**—આ બાબત અંગે યુનિવર્સિટી કાર્યાલયના તા. ૫–૩–૧૯૯૨ના પરિપત્રાંક એકેડેમિક/૬૦૮૭૧/૧૯૯૨થી મોકલવામાં આવેલ નોટિસમાં જાણ કરવામાં આવી હતી.)

ઉપરોક્ત પેરા (૧), (૨), (૩) અને (૬)માં દર્શાવ્યા સિવાયની ચૂંટણીઓમાં હરીફાઈ થતી હોઈ સદરહુ ચૂંટણીઓ Proportional representation by means of a single transferable vote by ballot (એકડા, બગડા ઇત્યાદિ)ની પદ્ધતિથી તા. ૩૦–૩–૧૯૯૨ના રોજ બપોરના ૧–૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળેલ યુનિવર્સિટી કોર્ટની સભામાં કરવામાં આવી હતી. તે અંગેની સૂચનાઓ મતદાનપત્રમાં જણાવવામાં આવી હતી. મતદાનપેટી તા. ૩૦–૩–૧૯૯૨ના રોજ બપોરના ૧–૩૦ કલાકથી ૪-૩૦ કલાક સુધી ખુલ્લી રાખવામાં આવી હતી. આ સમય પછી આવનારને મતપત્ર મળી શકશે નહીં તેમ જણાવવામાં આવ્યું હતું.

(**નોંધ.**—ઉપર બાબત નંબર-૨માં જણાવેલ ચૂંટણીઓ માટે મતદાનનો સમય બપોરના ૧–૩૦ વાગ્યાથી ૪-૩૦ વાગ્યા સુધીનો હોવાથી સભાગૃહનું બાકીનું કામકાજ ૪-૩૦ વાગ્યે શરૂ થશે, તેમ જાહેર કરવામાં આવ્યું હતું.)

ચૂંટણી અંગેનો મતદાનનો સમય પૂરો થતાં સાંજના ૫-૦૦ વાગ્યા સુધી સભામાં જરૂરી ગણપૂર્તિ (કોરમ) ન થતાં અધ્યક્ષશ્રીએ સભાનું કામકાજ તે દિવસ માટે બંધ રાખવામાં આવેલ છે, તેમ જાહેર કર્યું હતું.

તે પછી મંગળવાર, તા. ૩૧-૩-૧૯૯૨ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે સભા ફરી મળી અને બાકીનું કામકાજ હાથ ધરવામાં આવ્યું. સોમવાર, તા. ૩૦-૩-૧૯૯૨ના રોજ કરવામાં આવેલ ચૂંટણી અંગે મત ગણતરીદારો (ટેલર્સ)ના હેવાલ મુજબ અધ્યક્ષશ્રીએ નીચેના ઉમેદવારો ચૂંટાયેલા જાહેર કર્યા હતા :

(૧) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકોની એક જગા પર :
(૧) શ્રી. મંગુભાઈ પટેલ.

(ં) આચાર્યો સિવાયના સંલગ્ન કોલેજોના શિક્ષકોની ત્રણ જગ્યાઓ પર :
(૧) શ્રી. સોલંકી દેવેન્દ્રસિંહ ભૈરવસિંહ
(૨) શ્રી. શાસ્ત્રી કે. એસ.
(૩) શ્રી. પટેલ રણછોડભાઈ કરશનદાસ.

તે પછી બાબત ક્રમાંક ૨(અ) પ્રશ્નોત્તરી અંગેનું કામકાજ હાથ ધરવામાં આવ્યું અને પ્રશ્નોત્તરીનો સમય પૂરો થતાં સુધીમાં પ્રશ્નોત્તરી ક્રમાંક ૧૮૩ સુધી હાથ ધરી શકાઈ હતી.

(પ્રશ્નોત્તરી ક્રમાંક ૧થી ૧૮૩ પરિશિષ્ટ "૧" તરીકે સામેલ છે).

૩. ૧૯૯૨-૯૩ અને ૧૯૯૩-૯૪ના વર્ષ માટે બોર્ડ ઓફ એકાઉન્ટ્સના ત્રણ સભ્યોની ચૂંટણી કરવા બાબત :

(**નોંધ.**—(૧) સ્ટેચ્યૂટ ૧૨૩ અનુસાર બોર્ડ ઓફ એકાઉન્ટ્સના માર્ચ–૧૯૯૦માં ચૂંટાયેલા સભ્યોની મુદત તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૨ના રોજ પૂરી થતી હોઈ ત્રણ સભ્યોની ચૂંટણી કરવાની હતી.

(૨) ચૂંટાયેલા સભ્યોનું સભ્યપદ બે વર્ષનું, એટલે કે તા. ૧લી એપ્રિલ ૧૯૯૨થી તા. ૩૧મી માર્ચ ૧૯૯૪ સુધીનું, રહેશે.

(૩) ચૂંટણીની નોટિસ કોર્ટના સભાસદોને તા. ૨૭-૨-૧૯૯૨ના રોજ પરિપત્રાંક એકેડેમિક / ૬૦૮૫૧ દ્વારા મોકલેલ હતી.)

સને ૧૯૯૨-૯૩ અને ૧૯૯૩-૯૪ના વર્ષ માટે બોર્ડ ઓફ એકાઉન્ટ્સ ઉપર નીચેના ત્રણ ઉમેદવારોને યુનિવર્સિટી કાર્યાલયના તા. ૨૪-૩-૧૯૯૨ના પરિપત્રાંક એકેડેમિક/બી/૬૦૮૭૯/૯૨ થી બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવેલા છે તેની સભાગૃહને જાણ કરવામાં આવી :

(૧) પ્રો. ભૂપેન્દ્રનાથ એન. ગાંધી
(૨) શ્રીમતી દીપ્તિ ગજેન્દ્રલાલ નાયક
(૩) શ્રી. પ્રવીણ માણેકલાલ શાહ.

૪. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૦ તથા સ્ટે. ૯૦ અનુસાર તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૧ના રોજ પૂરા થતા વર્ષનો યુનિવર્સિટીનો વાર્ષિક હેવાલ.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની પ્રો. ધવલ મહેતાએ નોટિસ આપી હતી :

"તા. ૩૧મી માર્ચ, ૧૯૯૧ના રોજ પૂરા થતા વર્ષ દરમિયાનના ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક હેવાલ પર યુનિવર્સિટી કોર્ટની આ સભા વિચારણા કરી તેની નોંધ લે છે."

સદરહુ પ્રસ્તાવ પ્રો. ધવલ મહેતાએ રજૂ કર્યો અને તેને શ્રી. ડી. બી. સોલંકીએ ટેકો આપ્યો.

તે ઉપર ચર્ચા-વિચારણા ચાલી અને શ્રી. હરેનભાઈ પંડ્યા ચર્ચા-વિચારણામાં ભાગ લઈ રહ્યા હતા ત્યારે આચાર્યશ્રી દર્શનસિંગ શાખે કાનૂની મુદ્દો ઉઠાવ્યો કે સ્ટેચ્યૂટ-૪૦ની જોગવાઈ અનુસાર

કોઈ સભ્ય ૧૦ મિનિટ કરતાં વધારે સમય બોલી શકે નહીં અને શ્રી. પંડયાને ૧૦ મિનિટ પૂરી થઈ ગયેલ હોવાથી હવે વધારે બોલવાની પરવાનગી આપી શકાય નહીં.

અધ્યક્ષશ્રીએ તેઓનું રૂલિંગ આપતાં શ્રી. હરેનભાઈ પંડયાને બેસી જવા જણાવ્યું, પરંતુ તેઓએ વધુ સમય બોલવા દેવાની માગણી કરતાં આચાર્યશ્રી દર્શનસિંગ શીખે કાનૂની મુદ્દો ઉઠાવીને જણાવ્યું કે સભ્યશ્રી હરેનભાઈ પંડયાને અધ્યક્ષશ્રીએ સ્ટેચ્યૂટ–૬૭ પ્રમાણે બેસવાનું કહ્યું છતાં પણ તેઓએ સૂચનાની અવગણના કરેલ હોવાથી સ્ટેચ્યૂટ–૬૮ પ્રમાણે તેઓ સામે કાર્યવાહી કરવી જોઈએ.

દરમ્યાન સભ્યશ્રી પ્રો. કે. એસ. શાસ્ત્રીએ માહિતી આપતાં જણાવ્યું કે સ્ટેચ્યૂટ–૪૦ પ્રમાણે જો કોર્ટના સભ્યો પરવાનગી આપે તો સભ્યશ્રી વધુ દશ મિનિટ બોલી શકે છે, જેની સામે આચાર્યશ્રી દર્શનસીંગ શીખે સ્ટેચ્યૂટ–૬૯નો ઉલ્લેખ કરી આ બાબત ઉપર મત લેવાની માગણી કરી.

અધ્યક્ષશ્રીએ કોર્ટના સભ્યોને પૂછતાં સામાન્ય સૂર દશ મિનિટ વધુ સમય આપવા અંગેનો જણાયો હતો, જેની સામે આચાર્યશ્રી દર્શનસીંગ શીખે સ્ટેચ્યૂટ–૭૦ની જોગવાઈ પ્રત્યે અધ્યક્ષશ્રીનું ધ્યાન દોરી મતદાન (division)ની માગણી કરી.

દરમ્યાન અધ્યક્ષશ્રીએ બપોરના ૧–૩૦ વાગે એક કલાકનો વિરામ જાહેર કર્યો. વિરામ બાદ બપોરના ૨–૩૦ વાગે સભાનું કામકાજ આગળ ચાલ્યું.

આચાર્યશ્રી દર્શનસિંગ શીખે સ્ટેચ્યૂટ–૭૦ મુજબ મતદાન (division)ની ફેર–માગણી કરી. અધ્યક્ષશ્રીએ સદરહુ પ્રસ્તાવનો સ્વીકાર કરી સ્ટેચ્યૂટ–૭૧ની જોગવાઈ પ્રમાણે નીચે મુજબના ચાર મતગણતરીદારો (ટેલર્સ)ની નિમણૂક કરી :

(૧) પ્રો. ધવલભાઈ મહેતા
(૨) શ્રી. કનુભાઈ શાહ
(૩) આચાર્યશ્રી આર. એચ. વ્યાસ
(૪) આચાર્યશ્રી એન. આર. શાહ.

સભાગૃહમાં હાજર રહેલા કુલ ૫૯ સભ્યશ્રીઓમાંથી ૫૬ સભ્યશ્રીઓએ બેલેટ પેપર દ્વારા બેલેટ બોક્ષમાં મતદાન કર્યું અને ત્રણ સભ્યોએ મતદાન કર્યું ન હતું, જે અંગેનું કામકાજ પૂરું થતાં મતગણતરી સંગેના ગણતરીદારોનો હેવાલ મળતાં સભાગૃહમાં અધ્યક્ષશ્રીએ પરિણામ જાહેર કર્યું કે સભ્યશ્રી હરેનભાઈ પંડ્યાને ૧૦ મિનિટ કરતાં વધુ સમય બોલવા દેવા અંગે તરફેણમાં ૩૪ મતો અને વિરુદ્ધમાં ૨૧ મતો પડ્યા હતા અને એક મતપત્ર રદબાતલ ઠરાવેલ હતું.

ઉપરોક્ત પરિણામના સંદર્ભમાં સ્ટેચ્યૂટ–૭૪ અન્વયે નીચેના પાંચ સભ્યોએ ફેર મતગણતરી (recount)ની માગણી કરી હતી :

(૧) શ્રી સૂર્યકાંત પટેલ
(૨) શ્રી એ. આર. શાહ
(૩) પ્રિ. એન. આર. શાહ
(૪) શ્રી બાબુભાઈ પટેલ
(૫) પ્રિ. એમ. આર. જોશી.

ઉપરોક્ત ફેર-મતગણતરીના પ્રસ્તાવનો અધ્યક્ષશ્રીએ સ્વીકાર કરીને નીચેના બે મતગણતરીદારોની નિમણૂક કરી :

(૧) પ્રિ. એચ. એમ. દેસાઈ

(૨) પ્રો. પ્રતીક્ષાબહેન રાવલ.

મતગણતરીદારોના ફેરગણતરીનો હેવાલ મળતાં સભાગૃહમાં અધ્યક્ષશ્રીએ પરિણામ જાહેર કર્યું કે સભ્યશ્રી હરેન પંડ્યાને ૧૦ મિનિટ બોલવા દેવા અંગે તરફેણમાં ૩૫ મતો અને વિરુદ્ધમાં ૨૦ મતો પડ્યા હતા અને એક મતપત્ર રદબાતલ કરાવેલ હતું.

ત્યાર બાદ અધ્યક્ષશ્રીએ તેઓનો ચુકાદો આપતાં શ્રી. હરેન પંડ્યાને વધુ ૧૦ મિનિટ બોલવા દેવાની પરવાનગી આપી.

તે પછી ચર્ચાવિચારણાને અંતે મત લેવામાં આવતાં વાર્ષિક હેવાલ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૫. ૧૯૯૦-૯૧ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે બોર્ડ ઑફ એકાઉન્ટ્સના હેવાલ અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો ઠરાવ રજૂ કરવાની આચાર્યશ્રી ડી. એમ. શીખે નોટિસ આપી હતી :

"આ સભા સને ૧૯૯૦-૯૧ના યુનિવર્સિટીના હિસાબો અંગેના બોર્ડ ઑફ એકાઉન્ટ્સના હેવાલની નોંધ લે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્યશ્રી ડી. એમ. શીખે રજૂ કર્યો, તેને પ્રિ. આર. એચ. વ્યાસે ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

(બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સદરહુ હેવાલની નકલ પરિશિષ્ટ "૨" તરીકે સામેલ છે.)

૬. ૧૯૮૯-૯૦ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે બોર્ડ ઑફ એકાઉન્ટ્સનો હેવાલ યુનિવર્સિટી કોર્ટની તા. ૩૦/૩૧-૩-૧૯૯૧ની સભા બરખાસ્ત થઈ હોઈ તે સંજોગોમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ મંજૂર કરેલ સદરહુ હેવાલની નોંધ લીધાનું કુલપતિશ્રીનું કાર્ય (જાણ સારુ) :

કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવામાં આવી.

(બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સદરહુ હેવાલની નકલ પરિશિષ્ટ "૩" તરીકે સામેલ છે.)

૭. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯ અનુસાર ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૮૩-૮૪, ૧૯૮૪-૮૫ અને ૧૯૮૫-૮૬ના વર્ષના ઑડિટ થયેલા હિસાબો :

સદરહુ પ્રસ્તાવ શ્રી. ઈશ્વરભાઈ પરમારે રજૂ કર્યો, તેને શ્રી. એસ. સી. કાનાવાલાએ ટેકો આપ્યો.

તે પર મત લેવામાં આવતાં તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

૮. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૭૯ તથા સ્ટે. ૮૯ અનુસાર યુનિવર્સિટીના સને ૧૯૯૧-૯૨ના અંદાજપત્ર તથા સને ૧૯૯૦-૯૧ના પુનર્નિર્મિત અંદાજપત્ર ઉપરની વિચારણા યુનિવર્સિટી કોર્ટની તા. ૩૦/૩૧ ૩ ૧૯૯૧ની વાર્ષિક સભામાં ગણપૂર્તિ (કોરમ)ના અભાવે થઈ શકી નહીં તે સંજોગોમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલે મંજૂર કરેલ અંદાજપત્રની નોંધ લીધાનું કુલપતિશ્રીનું કાર્ય (જાણ માટે).

કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવામાં આવી.

૯. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૭૯ તથા સ્ટે. ૮૯ અનુસાર ગુજરાત યુનિવર્સિટીનું સને ૧૯૯૨-૯૩નું અંદાજપત્ર તથા ૧૯૯૧-૯૨નું પુનર્નિર્મિત અંદાજપત્ર.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની આચાર્યશ્રી ડી. એમ. શાખે નોટિસ આપી હતી :

"ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦ની પેટાકલમ (૫) અનુસાર એક્ઝિક્યુટિવ કાઉન્સિલે યુનિવર્સિટી કોર્ટ સમક્ષ રજૂ કરેલા સને ૧૯૯૨-૯૩ના અંદાજપત્ર તથા સને ૧૯૯૧-૯૨ના પુનર્નિર્મિત અંદાજપત્ર પર યુનિવર્સિટી કોર્ટની આ સભા વિચારણા કરી તેની નોંધ લે છે."

સદરહુ પ્રસ્તાવ આચાર્યશ્રી ડી. એમ. શાખે રજૂ કર્યો, તેને શ્રી. એમ. આર. શાહે ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ પર નીચેના સુધારાઓ રજૂ કરવા માટે નોટિસો આપવામાં આવી હતી :

૯(૧). શ્રી. અરવિંદ શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"યુનિવર્સિટી પાસે ફાજલ પડેલ જમીન પૈકીની દાદાસાહેબનાં પગલાં પાસેનું મેદાન યુનિવર્સિટી કર્મચારીઓને કર્મચારી કલ્યાણનિધિ માટે પ્રતીક રૂ. ૧ થી આપવામાં આવે. આ પ્રતીક રૂ. ૧ આવક તરીકે અંદાજપત્રમાં જમીન આવકમાં ઉમેરવામાં આવે તેવો સુધારો સૂચવું છું."

૯(૨). શ્રી. અરવિંદ શાહે નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"યુનિવર્સિટી પાસે ફાજલ પડેલ જમીન પૈકી માનવમંદિર પાસેની જમીન ઉપર ગેરકાયદેસર દબાણ ના થાય તે હેતુથી હાલ યુનિવર્સિટી પાસે ચોકીદાર માટેનાં ક્વાર્ટર્સ નથી તો ત્યાં ૨૦ ચોકીદાર માટે પાણી, લાઈટ, ગટરની સવલત સાથેની ઓરડી બનાવવામાં આવે તેવું આ સભા ઠરાવે છે અને પગાર અને ભથ્થા ખર્ચમાં પ્રતીક રૂ. ૧ ઘટાડો તથા વિકાસ ખર્ચમાં પ્રતીક રૂ. ૧ વધારો સૂચવું છું".

૯(૩). ડૉ. નીતિન વોરાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી હતી :

"ગુજરાત યુનિવર્સિટી ભાષાસાહિત્ય ભવનમાં પ્રોફેસર ઓફ ગુજરાતીની (સા. શૈ. પ. વર્ગની) એક જગ્યા ભરવા માટે વરણીસમિતિની તા. ૮-૭-૧૯૯૧ના રોજ મળેલ સભાની

ભલામણના સંદર્ભમાં (જે તા. ૧૦–૮–૧૯૯૧ની એક્ઝીક્યુટિવ કાઉન્સિલમાં પસાર થયેલ છે) આ સભા ઠરાવે છે કે જો ઉમેદવાર જે તે જગ્યા માટે મૂળભૂત રીતે નિમણૂકને પાત્ર થતા હોય તો જે તે ઉમેદવારને સરકારશ્રીની અનામત જગ્યા ભરવા માટેની માર્ગદર્શક અને આદેશાત્મક સૂચનાઓ અનુસાર તથા કેન્દ્ર સરકારના અનામત જગ્યા ભરવા માટેના આદેશાનુસાર મૂળ જાહેર કરવામાં આવેલ જગ્યા ઉપર જ નિમણૂક આપવી જોઈએ.

વધુમાં ઉપરોક્ત જગ્યા યુ.જી.સી.ની હોઈ તથા યુનિવર્સિટી અનામત જગ્યાઓ ભરવા માટેના સરકારશ્રીના આદેશોના પાલન માટે બંધાયેલ હોઈ તથા વરણીકમિટીએ કોઈ કારણ આપેલ ન હોઈ જે તે ઉમેદવારને મૂળભૂત રીતે જાહેર થયેલ જગ્યા ઉપર જ નિમણૂક મળવી જોઈએ, અને તેથી જે તે ઉમેદવારના નિમણૂક હુકમમાં જરૂરી ફેરફાર કરવા જોઈએ એવું આ સભા ઠરાવે છે અને તે ઉમેદવારને થયેલ અન્યાય દૂર થઈ શકે તે માટે અંદાજપત્રમાં સૂચવેલ ભાષાભવનના પગાર અને ભથ્થામાં પ્રતીક રૂ. ૧નો ઉમેરો કરવો.''

સદરહુ પ્રસ્તાવની ચર્ચા શરૂ થતાં પહેલાં આચાર્યશ્રી દર્શનસિંગ શીખે અધ્યક્ષશ્રીનું ધ્યાન દોર્યું કે સ્ટેચ્યૂટ ૨૭ની જોગવાઈ પ્રમાણે કોર્ટની મીટિંગની તારીખના ૧૦ દિવસની અંદર સુધારો મોકલવો જોઈએ તેના બદલે શ્રી અરવિંદભાઈ શાહે તા. ૧૫–૨–૧૯૯૨ના રોજ પ્રસ્તાવ સુધારારૂપે રજૂ કરેલ છે તે સ્ટેચ્યૂટ ૨૭ની જોગવાઈ સાથે સુસંગત નથી અને તે અંગે તપાસની માગણી કરી.

અધ્યક્ષશ્રીએ તે પરત્વે ઘટિત તપાસ કરવાની ખાતરી આપી.

તે પછી કેટલીક ચર્ચાવિચારણા બાદ શ્રી અરવિંદભાઈ શાહે તેઓના ઉપરોક્ત પ્રસ્તાવો ૯(૧) તેમજ ૯(૨) પાછા ખેંચી લીધા હતા.

તે પછી આચાર્યશ્રી વી. આર. રુડાણીએ અધ્યક્ષશ્રીને પૂછ્યું કે સભામાં જરૂરી ગણપૂર્તિ (કોરમ) છે?

અધ્યક્ષશ્રીએ ગણતરી કરીને જણાવ્યું કે સભામાં જરૂરી ગણપૂર્તિ (કોરમ) નથી અને તેથી સભાને બરખાસ્ત થયેલી જાહેર કરી. આથી કાર્યસૂચિ ઉપરનું બાકીનું કામકાજ હાથ ઉપર ધરી શકાયું નહીં.

ક્રમાંક કોર્ટ/૫૧૪૭૦/૧૯૯૨
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦૦૦૯.

તા. ૧૨–૫–૧૯૯૨.

એમ. પી. જાડિયા
કાર્યકારી કુલસચિવ.

પરિશિષ્ટ "૧"

કામકાજ ક્રમાંક ૨-અ

[૧] શ્રી. અરવિંદ શાહે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : દૈનિક વર્તમાનપત્રોમાં યુનિવર્સિટીના સમાચાર પ્રસિદ્ધ થાય છે તેનાં કટિંગ યુનિવર્સિટી સત્તાવાળા દ્વારા જોવામાં આવે છે ખરાં?

ઉત્તર ૧ : હા, જી.

શ્રી હરેનભાઈ પંડ્યાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

પ્રેસને નિયમિત કેસ બ્રીફિંગ થવું જોઈએ ?

કુલપતિશ્રીનો ઉત્તર : આભિગમનો સવાલ છે.

શ્રી **સૂર્ય**કાંતભાઈ પટેલે નીચેનો પૂરક પ્રશ્ન **પૂછયો** :

કયાં વર્તમાનપત્રોમાં કેસ બ્રીફિંગ થાય છે ? તે અંગેનું કોઈ લિસ્ટ બનાવેલું છે કે કેમ ?

કુલપતિશ્રીનો ઉત્તર : યુનિવર્સિટીમાં કોઈ મોટી કોન્ફરન્સ કે સેમિનાર હોય ત્યારે મોટા ભાગનાં વર્તમાનપત્રોને જાણ કરવામાં આવતી હોય છે. કોઈ લિસ્ટ બનાવેલું નથી.

શ્રી. અરવિંદભાઈ શાહે નીચેના **પૂરક** પ્રશ્નો **પૂછયા** :

ઉપકુલપતિશ્રીના ઘરે કેટલાં દૈનિક વર્તમાનપત્રો આવે છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : પાંચ દૈનિક વર્તમાનપત્રો આવે છે.

પૂરક પ્રશ્ન : વર્તમાનપત્રોની પસ્તીનું વેચાણ થાય છે કે કેમ ?

કુલપતિશ્રીનો ઉત્તર : માહિતી **હિસાબ** વિભાગમાંથી મેળવી શકાશે.

પ્રશ્ન ૨ : યુનિવર્સિટી કુલ કેટલાં કામો કોન્ટ્રાક્ટથી કરાવે છે?

ઉત્તર ૨ : અંદાજે ૧૯ જેટલાં કામો.

પ્રશ્ન ૩ : ક્યા પ્રકારનાં કામો?

ઉત્તર ૩ : નીચે પ્રમાણેનાં કામો કરાર દ્વારા કરવામાં આવે છે :

(૧) મકાન બાંધકામ (૨) બગીચાનાં કામકાજ (૩) ભાડેથી ટેક્ષીઓ (૪) કોમ્પ્યુટર મશીન રિપેરિંગ (૫) ઝેરોક્ષ મશીન રિપેરિંગ (૬) વોટરકૂલર રિપેરિંગ (૭) એરકંડિશન મશીન સર્વિસ (૭) રંગકામ (૮) સિક્યોરિટી

સર્વિસ (૯) ઈલેક્ટ્રિક વાયરિંગ (૧૦) સફાઈકામ (૧૧) માટીપુરાણ (૧૨) ઊધઈ કામ (૧૩) વોટર-પ્રૂફિંગ (૧૪) લિફ્ટ સમારકામ (૧૫) બુક બાઈન્ડિંગ (૧૬) ઇન્ટરકામ ટેલિફોન કામ (૧૭) ખુરશીઓમાં નેતરકામ (૧૮) વિદ્યાર્થી હોસ્ટેલનો ભોજનાલય કોન્ટ્રાક્ટ અને (૧૯) યુનિ. કેન્ટીન કોન્ટ્રાક્ટ ઇત્યાદિ અંગે.

શ્રી. અરવિંદભાઈ શાહે નીચેના પૂરક પ્રશ્નો પૂછ્યા :

ટેક્ષી કોન્ટ્રાકટર પોતાની માલિકીની ટેક્ષીઓ ધરાવે છે કે કેમ ?

કુલપતિશ્રીનો ઉત્તર : તેઓની માલિકીની ટેક્ષીઓ હોવી જ જોઈએ તે જરૂરી નથી.

પૂરક પ્રશ્ન : ટેક્ષી કોન્ટ્રાકટરની ટેક્ષીના મીટરનો રિપોર્ટ લેવામાં આવે છે કે કેમ ?

કુલપતિશ્રીનો ઉત્તર : રિપોર્ટ લેવામાં આવતો નથી.

પૂરક પ્રશ્ન : ટેક્ષી કોન્ટ્રાકટર તરીકે યુનિવર્સિટી સંલગ્ન કોલેજના એક વિદ્યાર્થી છે તે હકીકત સાચી છે કે કેમ ?

કુલપતિશ્રીનો ઉત્તર : આ પ્રકારની માહિતી યુનિવર્સિટી પાસે નથી.

પ્રશ્ન ૪ : આ કોન્ટ્રાક્ટથી કરવાનાં કામો પૈકી ૧૯૯૦–૯૧, ૧૯૯૧–૯૨ વર્ષમાં કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ?

ઉત્તર ૪ : પ્રશ્નનો વ્યાપ જોતાં ઉત્તર આપી શકાય તેમ નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૫ : આ ચૂકવેલ રકમ શું ગ્રાન્ટ-પાત્ર છે ખરી ?

ઉત્તર ૫ : હા, જી.

પ્રશ્ન ૬ : કોન્ટ્રાકટરના સ્ટાફને યુનિવર્સિટી ક્વાર્ટર્સની સગવડ આપી છે તે હકીકત ખરી છે ?

ઉત્તર ૬ : ના, જી.

શ્રી અરવિંદ શાહે નીચેના પૂરક પ્રશ્નો પૂછ્યા :

પૂરક પ્રશ્ન : કોન્ટ્રાકટરના સ્ટાફમાંની એક વ્યક્તિને પાણીની ટાંકી પાસે ક્વાર્ટર આપેલું છે કે કેમ ?

કુલપતિશ્રીનો ઉત્તર : પાણીની ટાંકી પાસેનો વોટરપંપ તથા મશીન ચલાવવા ચોવીસ કલાક સેવાની જરૂરિયાત રહેતી હોવાથી તેઓને ટાંકી પાસેની એક ઓરડી આપેલી છે.

પૂરક પ્રશ્ન : યુનિવર્સિટીના ચોથા વર્ગના કેટલાક કર્મચારીઓ કેમ્પસ ઉપર ઝૂંપડાંમાં રહે છે તેઓને પાણી-લાઈટની સગવડ આપતા નથી છતાં પણ ઘરભાડા ભથ્થું ચૂકવવામાં આવતું નથી. આમ કેમ ?

કુલપતિશ્રીનો ઉત્તર : જે કોઈ સગવડ આપવામાં આવતી હોય છે તે ઉપલબ્ધ સાધનો-(resources)ને આધીન છે.

પ્રશ્ન ૭ : જો હા, તો આપેલ ક્વાર્ટર્સનું શું ભાડું લેવામાં આવે છે?

ઉત્તર ૭ : પ્રશ્ન ૬નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન : યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગની કેટલીક સેવાઓ કોન્ટ્રાક્ટર મારફતે લેવામાં આવે છે તો કોન્ટ્રાક્ટ ટેન્ડરથી આપવામાં આવે છે કેમ?

ઉત્તર ૮ : ના, જી.

શ્રી. અરવિંદ શાહે નીચેના પૂરક પ્રશ્નો પૂછયા :

પૂરક પ્રશ્ન : એસ્ટેટ વિભાગની બગીચા કામની અને બીજી કેટલીક સેવાઓ એકજ માણસને કેમ આપવામાં આવે છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : કારણ કે તેમના કામથી આપણે ખૂબ જ સંતુષ્ટ છીએ. આપણા જે ૨૬ માળીઓ જે એરિયા સંભાળે છે અને આ માણસે જે કામ કર્યું છે તેની સરખામણી તમે જાતે જોઈને પણ કરી શકો છો.

પૂરક પ્રશ્ન : આપણે ચાલુ વર્ષ દરમ્યાન આ કામ માટે કેટલી રકમ ચૂકવી ?

કુલપતિશ્રીનો ઉત્તર : આશરે રૂ. ૧,૨૦,૦૦૦/-

પૂરક પ્રશ્ન : આ સેવાઓ ચાલુ વર્ષથી લઈએ છીએ ?

કુલપતિશ્રીનો ઉત્તર : ત્રણેક વર્ષથી આપણે આ રીતે કામ કરાવીએ છીએ.

પૂરક પ્રશ્ન : આ ખર્ચની રકમ ગ્રાન્ટપાત્ર થવાની ?

કુલપતિશ્રીનો ઉત્તર : આ અંગે સરકારશ્રી સાથે વાટાઘાટો થઈ હતી અને આ કામ અંગેની જે જગ્યા ખાલી છે તેના બદલામાં આ ગ્રાન્ટપાત્ર થશે તેવો સૈદ્ધાંતિક સ્વીકાર સેક્રેટરીશ્રીએ કરેલો છે.

પ્રશ્ન ૯ : ચાલુ વર્ષે આપવામાં આવેલ કોન્ટ્રાક્ટરનું નામ આપશો.

ઉત્તર ૯ : સદરહુ માહિતી નીચે પ્રમાણે છે :

(૧) શ્રી રિયાઝ ટી. જમાનદાર, (૨) જેપી ઇલેક્ટ્રિક કંપની, (૩) ટ્રાયો એન્જિ. વર્કસ, (૪) મેથેટિક્સ ઈન્ફ્રા, (૫) વોલ્ટાસ લિ., (૬) બ્લ્યૂ સ્ટાર લિ. (૭) ચૌગલે ઇન્ડસ્ટ્રીઝ, (૮) બ્લેક પેન્થર્સ, (૯) દ્વારકેશ એન્ટરપ્રાઇઝ, (૧૦) ઇન્ડિકેટિવ પેસ્ટ કન્ટ્રોલ, (૧૧) ટરમાઇટ કન્ટ્રોલ, (૧૨) દિવ્ય સાગર મજૂર સહકારી મંડળી, અને (૧૩) સ્ટેટ બેન્ક મલ્ટી-કેટેગરી (૧૪) બ્લાઇન્ડ એસોસીયેશન- ઈ

શ્રી. સૂર્યકાન્તભાઈ પટેલે નીચેના પૂરક પ્રશ્નો પૂછયા :

પૂરક પ્રશ્ન : ખાનગી કોન્ટ્રાકટરોને લીધે યુનિવર્સિટી કર્મચારીઓના આશ્રિતો ઉપર કોઈ અસર પડે છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : ના, જી. કોઈ કર્મચારીના અવસાનના કિસ્સામાં જ તેના આશ્રિતોને નોકરી પર લેવામાં આવે છે.

પૂરક પ્રશ્ન : યુનિવર્સિટીના કર્મચારીઓને જે લાભ આપવામાં આવે છે તે રીતે કોન્ટ્રાકટરના માણસોને આ લાભ મળે છે ખરો ?

કુલપતિશ્રીનો ઉત્તર : ના, જી.

પૂરક પ્રશ્ન : ખાનગી કોન્ટ્રાકટરના કારણે કાયમી કર્મચારીઓના લાભો ઉપર તેની અસર પડે ખરી ?

કુલપતિશ્રીનો ઉત્તર : કોઈ અસર પડતી નથી.

પ્રશ્ન ૧૦ : તેઓને ચાલુ વર્ષે કેટલી રકમ ચૂકવવામાં આવેલ?

ઉત્તર ૧૦ : સદરહુ માહિતી સભા સમયે સભાગૃહના ટેબલ ઉપર મૂકવામાં આવશે.

પ્રશ્ન ૧૧ : હાલ યુનિવર્સિટી પાસે કેટલા બંગલા છે?

ઉત્તર ૧૧ : પાંચ

શ્રી. અરવિંદભાઈ શાહે નીચેના પૂરક પ્રશ્નો પૂછયા :

પૂરક પ્રશ્ન : યુનિવર્સિટીની બોઈઝ હૉસ્ટેલના રેકટરનો બંગલો હાલ કોના પઝેશન હેઠળ છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : યુનિવર્સિટીના પઝેશન હેઠળ છે.

પૂરક પ્રશ્ન : રેકટરશ્રીએ પઝેશન ક્યારે સોંપ્યું ? લાઈટ બિલ કેટલું આવ્યું ?

કુલપતિશ્રીનો ઉત્તર : વિગતો જોઈને કહેવામાં આવશે.

[**નોંધ.** — તે દરમ્યાન કોર્ટ–સભ્ય શ્રી. એ. આર. શાહે સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે તેઓ ૧૩ વર્ષથી કવાર્ટરમાં રહેતા હતા અને તા. ૩૧–૩–૧૯૮૯ના રોજ સદરહુ કવાર્ટર ખાલી કરેલું છે. યુનિવર્સિટી કર્મચારીના કોઈ પ્રસંગ સમયે સદરહુ કવાર્ટર ભાડે આપવામાં આવતું હોય છે ત્યારે લાઈટનું બર્નિંગ વધુ હોય છે.]

પ્રશ્ન ૧૨ : યુનિવર્સિટી પાસે જે કુલસચિવ બંગલો હતો, તે હાલમાં છે કે નહીં?

ઉત્તર ૧૨ : પાંચેય બંગલા યથાવત્ છે.

પ્રશ્ન ૧૩ : 'કુલસચિવ બંગલા'નું નામ કઈ તારીખ, ક્યા સત્તામંડળના ઠરાવથી 'ઉપકુલપતિ નિવાસસ્થાન' એવું નામ ફેરવવામાં આવ્યું?

ઉત્તર ૧૩ : આ માટે સત્તામંડળનો ઠરાવ અપેક્ષિત નથી.

પ્રશ્ન ૧૪ : 'કુલસચિવ બંગલો' યુનિવર્સિટી પાસે હાલ હયાત છે?

ઉત્તર ૧૪ : પ્રશ્ન ૧૨નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૫ : યુનિવર્સિટીના કોમ્પ્યુટર વિભાગના વડા હાલ કોણ છે?

ઉત્તર ૧૫ : શ્રી. આર. પી. સોની.

શ્રી. અરવિંદભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પૂરક પ્રશ્ન : શ્રી. આર. પી. સોની યુનિવર્સિટીમાં કયારે જોડાયા? પ્રથમ કયા હોદ્દા પર જોડાયા?

કુલપતિશ્રીનો ઉત્તર : તેઓ તા. ૧-૪-૧૯૬૮માં જોડાયા અને તે સમયે હોલેરિથ વિભાગના સુપરિન્ટેન્ડન્ટ તરીકેનો હોદ્દો ધરાવતા હતા.

પ્રશ્ન ૧૬ : તેઓ શી લાયકાત ધરાવે છે?

ઉત્તર ૧૬ : તેમની શૈક્ષણિક લાયકાત નીચે પ્રમાણે છે :
બી.ઈ. (મિકેનિકલ) દ્વિતીય વર્ગ
બી.ઈ. (ઈલેકિટ્રકલ) પ્રથમ વર્ગ.

પ્રશ્ન ૧૭ : તેઓને શું પગારધોરણ આપવામાં આવે છે?

ઉત્તર ૧૭ : રૂ. ૩,૭૦૦—૧૨૫—૪,૭૦૦—૧૫૦—૫,૦૦૦ એ તે પદનું પગારધોરણ છે.

શ્રી. જગદીશભાઈ રાઠોડે નીચેના પૂરક પ્રશ્નો પૂછયા :

પૂરક પ્રશ્ન : આ પગારધોરણ તેમને કયારથી આપવામાં આવ્યું?

કુલપતિશ્રીનો ઉત્તર : આ માહિતી હાલ ઉપલબ્ધ નથી, તે રેકર્ડ તપાસીને આપવામાં આવશે.

પૂરક પ્રશ્ન : તેઓને વધારાનાં અન્ય કોઈ ભથ્થાં આપીએ છીએ?

કુલપતિશ્રીનો ઉત્તર : મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું વગેરે સિવાય કોઈ ભથ્થું આપવામાં આવતું નથી.

શ્રી. અરવિંદ શાહે ફરીથી નીચેના પૂરક પ્રશ્નો પૂછ્યા :

પૂરક પ્રશ્ન : કોમ્પ્યુટર સેન્ટરની તમામ જવાબદારી તેમની છે કે નહીં?

કુલપતિશ્રીનો ઉત્તર : કોમ્પ્યુટર સેન્ટરના તેઓ વડા છે. વડા તરીકેની જવાબદારીઓનું તેઓ વહન કરે જ છે.

પૂરક પ્રશ્ન : શ્રી. આર. પી. સોની એવું નિવેદન કરી શકે ખરા કે તેઓ ટીચિંગમાં છે એટલે તેમણે ફક્ત ટીચિંગનું જ કામ સંભાળવાનું?

કુલપતિશ્રીનો ઉત્તર : તેમના નિવેદનની તેમને જાણ હોય.

પૂરક પ્રશ્ન : તેમણે આવું વિધાન કરેલું છે તેવું હું લેખિત આપું તો તમે આગળ કાર્યવાહી કરશો ખરા?

કુલપતિશ્રીનો ઉત્તર : તે અંગે મારે બીજી માહિતી પણ તપાસવી પડે.

શ્રી. અરવિંદભાઈ શાહે નીચેના પૂરક પ્રશ્નો પૂછ્યો :

પૂરક પ્રશ્ન : કોમ્પ્યુટર સેન્ટરમાં સિસ્ટમ એનાલિસ્ટની જગ્યા ક્યારથી ખાલી છે?

કુલપતિશ્રીનો ઉત્તર : ૧૯૮૧થી.

પૂરક પ્રશ્ન : આ અંગે જાહેરાત ક્યારે આપી હતી?

કુલપતિશ્રીનો ઉત્તર : ૧૯૮૯માં જાહેરાત આપી હતી.

પૂરક પ્રશ્ન : કેટલી અરજીઓ આવી હતી.

કુલપતિશ્રીનો ઉત્તર : એ માહિતી હાલ ઉપલબ્ધ નથી, તે માટે રેકર્ડ જોવું પડે.

પ્રશ્ન ૧૮ : તેઓની ફરજો શી છે?

ઉત્તર ૧૮ : કોમ્પ્યુટર સેન્ટરનું સંચાલન અને તેની આનુષંગિક ફરજો બજાવે છે.

પ્રશ્ન ૧૯ : હાલ યુનિવર્સિટીની પરીક્ષાને લગતી જે કામગીરી કોમ્પ્યુટર વિભાગમાં તૈયાર થાય છે તે કોની દેખરેખ હેઠળ થાય છે?

ઉત્તર ૧૯ : સૈદ્ધાંતિક દૃષ્ટિએ તેના વડાશ્રીની દેખરેખ હેઠળ પરીક્ષાને લગતું કેટલુંક કામ કોમ્પ્યુટર વિભાગમાં થાય છે.

પ્રશ્ન ૨૦ : હાલ કોમ્પ્યુટર વિભાગમાં કુલ કેટલો સ્ટાફ છે? (શિક્ષક-બિનશિક્ષક સાથે મળીને)

ઉત્તર ૨૦ : કોમ્પ્યુટર વિભાગમાં શિક્ષક-બિનશિક્ષક સહિત કુલ ૨૫ કાયમી સભ્યો છે.

પ્રશ્ન ૨૧ : શું હકીકત સાચી છે કે સઘવાલા કોમ્પ્યુટર સેન્ટરના ડિરેક્ટરશ્રી, યુ.જી.સી. મુજબની લાયકાત ધરાવતા નથી?

ઉત્તર ૨૧ : તેઓ જરૂરી લાયકાત ધરાવે છે.

શ્રી અરવિંદભાઈ શાહે નીચેના પૂરક પ્રશ્નો પૂછ્યા :

પૂરક પ્રશ્ન : યુ.જી.સી.નાં ધોરણો મુજબ ડાયરેક્ટરશ્રી લાયકાત ધરાવે છે?

કુલપતિશ્રીનો ઉત્તર : યુ.જી.સી.એ નક્કી કરેલ ધારાધોરણો ધ્યાનમાં લઈને વરણીસમિતિની ભલામણ પ્રમાણે તેમની નિમણૂક કરવામાં આવી છે.

પૂરક પ્રશ્ન : શ્રી. આર. પી. સોની પોસ્ટ-ગ્રેજ્યુએશન ધરાવે છે?

કુલપતિશ્રીનો ઉત્તર : તમે કયા સમયની વાત કરો છો? તે સમયે આ વિષયના માણસો જ ક્યાં મળતા હતા?

પ્રશ્ન ૨૨ : જો હા, તો તેઓ લાયકાત ધરાવતા નહિ હોવા છતાં શા માટે નીમવામાં આવ્યા?

ઉત્તર ૨૨ : પ્રશ્ન ૨૧નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૩ : શું એ હકીકત છે કે અગાઉનાં વર્ષોમાં કોમ્પ્યુટર વિભાગમાં પરિણામ બહાર પાડતાં પહેલાં ૧૦૦ ટકા ચેકિંગ થતું હતું?

ઉત્તર ૨૩ : પરીક્ષાની વિદ્યાર્થીદીઠ ગુણની એન્ટ્રી કરવામાં, અગાઉ જ્યારે પંચ કાર્ડનો ઉપયોગ કરવામાં આવતો હતો ત્યારે ગુણની એન્ટ્રીનું મશીન-વેરિફિકેશન કરવામાં મુશ્કેલી હતી તેથી ૧૦૦% મેન્યુઅલ-વેરિફિકેશન કરવામાં આવતું હતું.

પ્રશ્ન ૨૪ : ચાલુ વર્ષે તેમ કરવામાં આવ્યું છે?

ઉત્તર ૨૪ : પંચ કાર્ડનો વપરાશ ૧૯૮૬થી બંધ કર્યા બાદ વિષયવાર ગુણની એન્ટ્રી કરવામાં આવે છે તેમ જ મેન્યુઅલ-વેરિફિકેશનને બદલે મશીન-વેરિફિકેશન કરવામાં આવે છે.

પ્રશ્ન ૨૫ : આ પદ્ધતિ ક્યારથી બંધ કરવામાં આવી?

ઉત્તર ૨૫ : ઉપર પ્રશ્ન ૨૪નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૬ : યુનિવર્સિટીના કોમ્પ્યુટર વિભાગમાં માર્કશીટ્સ ચેડાં પ્રકરણ અંગે કોઈ સામયિકમાં લેખ આવેલ છે તે હકીકત ખરી છે?

ઉત્તર ૨૬ : યુનિવર્સિટીને તેની માહિતી નથી.

શ્રી અરવિંદભાઇ શાહે નીચેના પૂરક પ્રશ્નો પૂછ્યા :

પૂરક પ્રશ્ન : જો યુનિવર્સિટી વર્તમાનપત્રોમાં આવતા સમાચારોની માહિતી ધરાવતી હોય તો યુનિવર્સિટી સામયિકના લેખથી અજાણ કેમ છે?

કુલપતિશ્રીનો ઉત્તર : આ વિષે મને માહિતી નથી.

પૂરક પ્રશ્ન : તે સામયિકમાં તમારો ફોટો છપાયો છે, અને આર.પી. સોનીનો પણ ફોટો છપાયો છે, તે બાબતથી આપશ્રી માહિતગાર છો?

કુલપતિશ્રીનો ઉત્તર : ના, જી.

પ્રશ્ન ૨૭ : જો હા, તો ક્યા સામયિકમાં?

ઉત્તર ૨૭ : પ્રશ્ન ૨૬નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૮ : આ લેખમાં યુનિવર્સિટી કોમ્પ્યુટર વિભાગના વડાશ્રીએ ઇન્ટરવ્યુ આપેલ છે, તે યુનિવર્સિટીની મંજૂરી લઈને આપેલ છે કે કેમ?

ઉત્તર ૨૮ : પ્રશ્ન ૨૬નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૨૯ : યુનિવર્સિટીના કોઈ પણ અધિકારી યુનિવર્સિટીની મંજૂરી વગર કોઈ પણ દૈનિકપત્રમાં કે સામયિકમાં ઇન્ટરવ્યુ આપી શકે ખરા?

ઉત્તર ૨૯ : યુનિવર્સિટીના કાર્યક્ષેત્ર અંગે દૈનિકપત્રોમાં આવતાં નિવેદનો કે સામયિકના લેખોની પ્રસિદ્ધિ પૂર્વે યુનિવર્સિટીની મંજૂરી લેવામાં આવતી નથી. જરૂર જણાય તો યુનિવર્સિટીનાં સત્તામંડળ આચારસંહિતા ઘડવાનું વિચારી શકે.

પ્રશ્ન ૩૦ : યુનિવર્સિટી કોમ્પ્યુટર વિભાગના વડાએ આપેલ ઇન્ટરવ્યુ કે જે સામયિકમાં લેખ તરીકે આવેલ છે તે પરિશિષ્ટ તરીકે આપવા વિનંતી છે.

ઉત્તર ૩૦ : પ્રશ્ન ૨૯નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩૧ : હાલના ઉપકુલપતિશ્રીને ફ્રી રેન્ટ ફર્નિશ્ડ બંગલો, ઇલેક્ટ્રિકનું બિલ, ટેલિફોન બિલ, બંગલે પટાવાળો, માળી, ઘરેથી ઑફિસ આવવા માટે યુનિવર્સિટીની મોટર વગેરે સગવડો આપવામાં આવે છે ખરી ?

ઉત્તર ૩૧ : આ અંગેના રાજ્ય સરકારના જાહેરનામામાં જણાવેલી સગવડો આપવામાં આવે છે.

પ્રશ્ન ૩૨ : જો હા, તો ક્યા સ્ટેચ્યૂટ આધારિત આ સગવડો આપવામાં આવે છે?

ઉત્તર ૩૨ : આ સવલતો સ્ટેચ્યૂટ આધારે આપવામાં આવતી નથી.

પ્રશ્ન ૩૩ : હાલના ઉપકુલપતિશ્રી, યુનિવર્સિટીમાં ઉપકુલપતિ તરીકે ક્યા વર્ષ દરમિયાન નિમાયા?

ઉત્તર ૩૩ : હાલના ઉપકુલપતિશ્રી ત્રણ વર્ષની પ્રથમ અવધિ માટે તા. ૧૬-૮-૧૯૮૬થી તથા ત્યાર બાદ પુન: ત્રણ વર્ષની અવધિ માટે તા. ૧૬-૮-૧૯૮૯થી નિયુક્ત થયા છે.

પ્રશ્ન ૩૪ : હાલના ઉપકુલપતિશ્રીની ટર્મ દરમિયાનનાં ક્યાં વર્ષોનું લોકલ ફંડનું ઑડિટ થયું?

ઉત્તર ૩૪ : ૧૯૮૮-૮૯ના વર્ષ સુધીનું ઑડિટ થયેલ છે.

પ્રશ્ન ૩૫ : શું એ હકીકત સાચી છે કે લોકલ ફંડના ઑડિટ કરેલ ઑડિટમાં ઉપકુલપતિશ્રીને અપાતી સગવડો અંગે વાંધા આવેલ છે?

ઉત્તર ૩૫ : ના, જી.

પ્રશ્ન ૩૬ : જો હા, તો લોકલ ફંડ ઑડિટના વાંધા પરિશિષ્ટ તરીકે સામેલ કરશો!

ઉત્તર ૩૬ : પ્રશ્ન ૩૫નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩૭ : હાલ યુનિવર્સિટી ગ્રંથાલયમાં કુલ કેટલાં પુસ્તકો છે?

ઉત્તર ૩૭ : હાલ ૩,૧૧,૪૧૮ પુસ્તકોની સંખ્યા છે.

પ્રશ્ન ૩૮ : હાલ યુનિવર્સિટી ગ્રંથાલયમાં શ્રી. આર. એસ. ગાંધી શું હોદ્દો ધરાવે છે?

ઉત્તર ૩૮ : મદદનીશ ગ્રંથપાલ (શિક્ષણ) તરીકેનો.

પ્રશ્ન ૩૯ : તેઓ શું લાયકાત ધરાવે છે?

ઉત્તર ૩૯ : બી.એસસી. તથા ડિપ્લોમા ઇન લાઇબ્રેરી સાયન્સની શૈક્ષણિક લાયકાત તથા ૨૭ વર્ષનો લાયબ્રેરી સાયન્સના શિક્ષણકાર્યનો અનુભવ ધરાવે છે.

પ્રશ્ન ૪૦ : તા. ૧૨-૧૦-૧૯૯૧ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં સંયોજકની લાયકાત માટે રીડર કક્ષાનો હોવા જોઈએ તેવું ઠરાવ્યું છે તે સાચું છે?

ઉત્તર ૪૦ : ના, જી.

પ્રશ્ન ૪૧ : નોન-ટીચિંગમાં હોવા છતાં તેમને ગ્રંથાલય ભવન સંયોજક કેમ બનાવ્યા છે? શું તેઓ રીડરની લાયકાત ધરાવે છે?

ઉત્તર ૪૧ : તેઓ કાર્યકારી સંયોજક તરીકે હાલ કામગીરી કરતા હોઈ રીડરની પાત્રતા અપેક્ષિત નથી.

પ્રશ્ન ૪૨ : તેઓ જે વિભાગ સંભાળે છે તેની કામગીરી અંગે કેટલાક મુલાકાતી પ્રાધ્યાપકોની ફરિયાદ છે ખરી?

ઉત્તર ૪૨ : ના, જી.

પ્રશ્ન ૪૩ : જો હા, તો આ ફરિયાદનો કેમ નિકાલ થતો નથી?

ઉત્તર ૪૩ : ઉપર પ્રશ્ન ૪૨નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૪૪ : શું એ હકીકત સાચી છે કે ઓસ્માનિયા યુનિવર્સિટીના એક વર્ષના અભ્યાસક્રમના સ્નાતક, રાજસ્થાન યુનિવર્સિટીના બે વર્ષના અભ્યાસક્રમના સ્નાતકને બી.એડ. પ્રવેશ માટે એલિજિબલ ગણવામાં આવે છે?

ઉત્તર ૪૪ : ના, જી.

પ્રશ્ન ૪૫ : શું એ હકીકત સાચી છે કે ગુજરાતના વિદ્યાર્થીને ૧૦+૨+૩ અથવા ૧૧+૪ જૂની પદ્ધતિ બાદ બી.એડ. પ્રવેશ યોગ્ય ગણાય છે?

ઉત્તર ૪૫ : હા, જી.

પ્રશ્ન ૪૬ : યુનિવર્સિટીના પ્રૌઢશિક્ષણના નિયામકશ્રી રામુભાઈ પટેલ સામે યુનિવર્સિટીએ કોઈ તપાસસમિતિ નીમી છે ખરી?

ઉત્તર ૪૬ : હા, જી.

પ્રશ્ન ૪૭ : જો હા, તો ક્યારે?

ઉત્તર ૪૭ : તા. ૧૧-૭-૧૯૮૮ના પત્રથી તપાસસમિતિ નિયુક્ત કરવામાં આવી છે.

પ્રશ્ન ૪૮ : આ સમિતિના સભ્યોનાં નામ આપશો.

ઉત્તર ૪૮ : તપાસસમિતિના સભ્યોનાં નામો આપવાં ઉચિત નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૪૯ : આ સમિતિએ શરૂ કરેલ કાર્યવાહી ટૂંકમાં આપવા વિનંતી છે.

ઉત્તર ૪૯ : સમિતિનો આખરી હેવાલ ઉપલબ્ધ થાય નહીં તે પહેલાંની કાર્યવાહી આપી શકાય નહીં, તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૫૦ : યુનિવર્સિટીના કોઈ પણ કર્મચારી, અધિકારી કે શિક્ષક, કુલપતિશ્રી, ઉપકુલપતિશ્રી, કુલસચિવના ટેબલ ઉપરથી તેઓ કે (કુલપતિશ્રી, ઉપકુલપતિશ્રી કે કુલસચિવશ્રી ગેરહાજર હોય ત્યારે) કોઈ પણ નોંધ મંજૂરી વગર લઈ જાય તે કૃત્ય ગેરશિસ્ત ગણાય કે નહિ ?

ઉત્તર ૫૦ : ઉપર પ્રશ્ન ૪૯નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૫૧ : યુનિવર્સિટીને મેઇન્ટેનન્સ તથા રિપેર્સ અંગે રાજ્યસરકાર તરફથી કુલ કેટલી ગ્રાન્ટ મળે છે?

ઉત્તર ૫૧ : મિલકત આકારણીના ૩½ % પ્રમાણે અંદાજે રૂ. ૭.૫ લાખ.

પ્રશ્ન ૫૨ : ચાલુ વર્ષ દરમિયાન આ ગ્રાન્ટમાંથી કુલ કેટલો ખર્ચ કર્યો?

અને

પ્રશ્ન ૫૩ : ચાલુ વર્ષ દરમિયાન આ ગ્રાન્ટમાંથી ઉપકુલપતિશ્રીના નિવાસસ્થાને કુલ કેટલો ખર્ચ કર્યો?

અને

પ્રશ્ન ૫૪ : ચાલુ વર્ષ દરમિયાન મેઇન્ટેનન્સ અને રિપેર્સની ગ્રાન્ટમાંથી યુનિવર્સિટી સ્ટાફ ક્વાર્ટર્સ પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

ઉત્તર ૫૨ થી ૫૪ : સદરહુ માહિતી સભા સમયે સભાગૃહના ટેબલ પર મૂકવામાં આવી.

પ્રશ્ન ૫૫ : હાલ યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં કુલ કેટલા સભ્યો છે?

ઉત્તર ૫૫ : સુપરવાઇઝરી સ્ટાફ સાથે કુલ ૫૧ સભ્યો છે.

પ્રશ્ન ૫૬ : હાલ પરીક્ષા વિભાગમાં કુલ કેટલા જોબ ટ્રેઇની કર્મચારીઓ છે?

ઉત્તર ૫૬ : તા. ૧૫–૩–૧૯૯૨ના રોજ ૧૨ જોબ ટ્રેઇની પરીક્ષા વિભાગમાં કામ કરે છે.

પ્રશ્ન ૫૭ : તેઓને માસિક શું વેતન આપવામાં આવે છે?

ઉત્તર ૫૭ : પ્રતિમાસ રૂ. ૫૦૦ સ્ટાઇપેન્ડ તરીકે આપવામાં આવે છે.

પ્રશ્ન ૫૮ : તેઓને શી કામગીરી કરવાની હોય છે?

ઉત્તર ૫૮ : જે તે વિભાગના વડા જે પ્રમાણે સૂચવે તે પ્રમાણે કાયમી કર્મચારીઓની મદદમાં રહેવાનું હોય છે.

પ્રશ્ન ૫૯ : તેઓની ફરજ કેટલા કલાકની હોય છે?

ઉત્તર ૫૯ : કાર્યાલયના કાયમી કર્મચારીઓના કલાકો જેટલી જ હોય છે.

પ્રશ્ન ૬૦ : તેઓની શું જવાબદારી યુનિવર્સિટીએ નક્કી કરેલ છે ?

ઉત્તર ૬૦ : ઉપર પ્રશ્ન ૫૮નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૬૧ : શું યુનિવર્સિટી પાસે ૧૯૯૧ના વર્ષમાં એવી કોઈ ફરિયાદ આવેલ કે યુનિવર્સિટી હોસ્ટેલ બી—૧૨માં રહેતા કોઈ વિદ્યાર્થીએ હોસ્ટેલમાં આપઘાત કરેલ હતો?

ઉત્તર ૬૧ : ના, જી.

શ્રી. અરવિંદભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પૂરક પ્રશ્ન : ૧૯૯૧માં યુનિવર્સિટી હોસ્ટેલના બી–૧૨ નંબરના બ્લોકમાં કોઈ વિદ્યાર્થીએ આપઘાત કરેલો, જે વિદ્યાર્થી ગેરકાયદેસર રહેતો હતો અને તે અંગેનું આવેદનપત્ર પણ આપને વિદ્યાર્થીઓ તરફથી આપવામાં આવ્યું હતું, તે હકીકતથી આપશ્રી વાકેફ છો કે કેમ?

કુલપતિશ્રીનો ઉત્તર : મારા ખ્યાલ મુજબ કોઈ કાગળ આપી ગયું હતું અને મેં તે કાગળની તપાસ પણ કરાવી હતી, પણ તેમાં કોઈ તથ્ય જણાયું નથી. આમાં કોઈ પોલીસ કેસ થયો નથી. મારી પાસે જે વાત આવી છે તે પ્રમાણે યુનિવર્સિટીને લગતી કોઈ હોસ્ટેલમાંથી આવી માહિતી આવી નથી. છતાં આ અંગે વધારે માહિતી સભ્યશ્રી એ. આર. શાહ આપી શકે.

શ્રી. એ. આર. શાહે આ અંગે સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે વાસ્તવમાં આ અંગે મને પણ કોઈએ વાત કરી હતી કે આવું કંઈક બન્યું છે એટલે મેં યુનિવર્સિટીની હોસ્ટેલના બધા જ કર્મચારીઓને વ્યક્તિગત પૂછ્યું હતું કે આવી કોઈ ઘટના બની છે? જે તે રૂમ નંબરના આજુબાજુના વિદ્યાર્થીઓને પણ પૂછ્યું અને જી. એસ. ને પણ પૂછ્યું હતું પણ કોઈએ આવી કોઈ ઘટના વિષે કહ્યું નથી.

પ્રશ્ન ૬૨ : આ વિદ્યાર્થી યુનિવર્સિટી હૉસ્ટેલમાં ગેરકાયદેસર રહેતો હતો તે હકીકત ખરી છે?

ઉત્તર ૬૨ : પ્રશ્ન ૬૧નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૬૩ : આ વિદ્યાર્થીની લાશ યુનિવર્સિટીના સત્તાવાળાઓને કે પોલીસને જાણ કર્યા વગર યુનિવર્સિટી હૉસ્ટેલના અધિકારીશ્રીએ બારોબાર વિદ્યાર્થીનાં સગાં-સંબંધીઓને સુપરત કરેલ છે તે હકીકત ખરી છે?

ઉત્તર ૬૩ : પ્રશ્ન ૬૧નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૬૪ : આ અંગે વિદ્યાર્થીઓએ કુલપતિશ્રી પાસે કોઈ ફરિયાદ આપી હતી તે હકીકત ખરી છે?

ઉત્તર ૬૪ : ના, જી.

પ્રશ્ન ૬૫ : જો હા, તો આ ફરિયાદ સામે શું પગલાં લેવામાં આવ્યાં તેની માહિતી આપવામાં આવશે કે કેમ?

અને

પ્રશ્ન ૬૬ : કુલપતિશ્રીને કરેલ ફરિયાદની નકલ પરિશિષ્ટ તરીકે આપવા વિનંતી છે.

ઉત્તર ૬૫ અને ૬૬ : પ્રશ્ન ૬૪નો ઉત્તર જોતાં આ પ્રશ્નો ઊભા થતા નથી.

પ્રશ્ન ૬૭ : બોઈઝ હૉસ્ટેલમાં મેસ શું કોન્ટ્રાક્ટર મારફતે ચલાવવામાં આવે છે?

ઉત્તર ૬૭ : હા, જી.

પ્રશ્ન ૬૮ : આ કોન્ટ્રાક્ટરને રસોઈ માટે રૂમ, પાણી, ઈલેક્ટ્રિક વગેરે સવલતો આપવામાં આવે છે?

ઉત્તર ૬૮ : હા, જી.

પ્રશ્ન ૬૯ : જો હા, તો તેઓ પાસેથી આ અંગેનો કોઈ ચાર્જ વસૂલ કરવામાં આવે છે?

ઉત્તર ૬૯ : ના, જી.

પ્રશ્ન ૭૦ : કોન્ટ્રાક્ટર વિદ્યાર્થીઓ પાસેથી ફૂડ બિલ વસૂલ કરે છે તે કેવી રીતે ફૂડ બિલની રકમ નક્કી કરવામાં આવે છે?

ઉત્તર ૭૦ : ભોજનાલયના કરાર માટે વર્તમાનપત્રમાં જાહેરાત આપીને ભાવ ટેન્ડર દ્વારા મંગાવવામાં આવે છે, જે ફાઈનાન્સ સમિતિ સમક્ષ મૂકવામાં આવે છે. જે નિર્ણય થાય તે અનુસાર ભોજનાલય સોંપવામાં આવે છે.

પ્રશ્ન ૭૧ : યુનિવર્સિટીની એમ્બેસેડર કાર નં. ૯૪૫૨ના વપરાશની લોગ-બુક મેઇન્ટેઇન કરવામાં આવે છે કે કેમ?

ઉત્તર ૭૧ : હા, જી.

પ્રશ્ન ૭૨ : જો ના, તો શા માટે?

ઉત્તર ૭૨ : પ્રશ્ન ૭૧નો ઉત્તર જોતાં આ પ્રશ્ન ઊભો થતો નથી.

પ્રશ્ન ૭૩ : ચાલુ વર્ષ દરમિયાન આ ગાડીનો સૌથી વધુ વપરાશ યુનિવર્સિટીના ક્યા અધિકારીએ કર્યો?

ઉત્તર ૭૩ : ગાડીનો વપરાશ અધિકારીને લક્ષમાં લઈને નહીં, પણ કામને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે.

પ્રશ્ન ૭૪ : આ વપરાશ પૈકી અંગત કામ માટે કેટલા કિલોમીટર?

ઉત્તર ૭૪ : અંગત કામ માટે મોટરનો ઉપયોગ કરવામાં આવતો નથી.

પ્રશ્ન ૭૫ : તા. ૯-૧૨-૧૯૮૧ના રાજ્ય સરકારના વટહુકમ પછી યુનિવર્સિટી, સરકારશ્રીની મંજૂરી વગર યુનિવર્સિટી કર્મચારી, પછી તે શિક્ષક હોય કે બિનશિક્ષક, તેને કોઈ વધારાના ઈજાફા કે અન્ય ભથ્થાં આપી શકતી નથી તે વાત સાચી છે?

ઉત્તર ૭૫ : હા, જી.

પ્રશ્ન ૭૬ : તા. ૬-૬-૧૯૯૧ના રોજ મળી ગયેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં પ્રા. એ. આર. શાહની ડાયરેક્ટર ઑફ ઍકેડેમિક સ્ટાફ કૉલેજ તરીકે નિમણૂક કરી તે વખતે જે વધુ બે ઈજાફા આપ્યા તેને રાજ્ય સરકારે મંજૂરી આપી છે?

ઉત્તર ૭૬ : યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની અનુદાન યોજના અંતર્ગત રાજ્ય સરકારની મંજૂરી અપેક્ષિત નથી.

પ્રશ્ન ૭૭ : પરીક્ષા નિયામક તરીકે શ્રી. ડી. પી. છાયાની નિમણૂક કઈ તારીખે થઈ હતી?

ઉત્તર ૭૭ : તા. ૧૭-૧૧-૧૯૮૮ના રોજ.

પ્રશ્ન ૭૮ : તેમની નિમણૂક વખતે વધારાના કેટલા ઈજાફા આપવામાં આવ્યા હતા?

ઉત્તર ૭૮ : શ્રી. ડી. પી છાયા ગુજરાત યુનિવર્સિટીમાં જોડાયા તે અગાઉ એમ. એસ. યુનિવર્સિટીમાં તેઓ જે પગાર મેળવતા હતા તે પગાર આરક્ષિત કરવામાં આવ્યો હતો.

પ્રશ્ન ૭૯ : આ માટે રાજ્ય સરકારની પૂર્વમંજૂરી લેવામાં આવી હતી?

ઉત્તર ૭૯ : ના, જી

પ્રશ્ન ૮૦ : જે જે અધિકારીઓને હાલમાં વાહન ભથ્થું મળે છે તેમનાં નામ, હોદ્દો, મૂળ મળતું ભથ્થું, વધારા સાથે હાલમાં મળતા ભથ્થાની યાદી પરિશિષ્ટ તરીકે આપવી.

ઉત્તર ૮૦ : સદરહુ માહિતી માટે પરિશિષ્ટ "૪" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૮૧ : દેસાઈ પગારપંચ વખતે યુનિવર્સિટી કર્મચારીઓને મળતા મોટરકાર ભથ્થા, વાહન ભથ્થા, સ્કૂટર ભથ્થા વગેરે બંધ કરવા અંગેનો કોઈ જી.આર. રાજ્ય સરકાર તરફથી આવ્યો હતો?

ઉત્તર ૮૧ : ના, જી. યુનિવર્સિટીને અનુલક્ષીને આવો આદેશ આવ્યો નથી.

પ્રશ્ન ૮૨ : જો હા, તો હજી પણ આ ભથ્થાં બંધ નહિ કરતાં તેમાં વધારો શા માટે કરવામાં આવ્યો?

ઉત્તર ૮૨ : ઉપર પ્રશ્ન ૮૧નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૮૩ : ગુજરાત યુનિવર્સિટી ઍક્ટની કલમ ૧૨(૩)માં શું જણાવેલ છે?

ઉત્તર ૮૩ : યુનિવર્સિટી ધારાની કલમ ૧૨(૩)માં ઉપકુલપતિની સેવાની જોગવાઈનો નિર્દેશ કર્યો છે.

પ્રશ્ન ૮૪ : પ્રો-વાઈસ-ચાન્સેલરને હાલ અપાતી સગવડો શું રાજ્ય સરકારે નક્કી કરેલ છે?

ઉત્તર ૮૪ : હા, જી.

પ્રશ્ન ૮૫ : જો ના, તો રાજ્ય સરકારના પરિપત્ર નંબર તથા તારીખ આપશો.

અને

પ્રશ્ન ૮૬ : પરિપત્રની નકલ પરિશિષ્ટ તરીકે આપવા વિનંતી છે.

ઉત્તર ૮૫ અને ૮૬ : સદરહુ માહિતી માટે પરિશિષ્ટ "૫" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૮૭ : ગુજરાત યુનિવર્સિટીમાં સૌપ્રથમ પ્રો.વી.સી.ની નિમણૂક કઈ સાલમાં થઈ?

ઉત્તર ૮૭ : ૧૯૮૨ના વર્ષમાં.

પ્રશ્ન ૮૮ : ડૉ. એચ. એલ. પટેલ હાલ યુનિવર્સિટીમાં કોઈ હોદ્દો ધરાવે છે?

ઉત્તર ૮૮ : તબીબી વિદ્યાશાખામાં યુનિવર્સિટીની વિવિધ કામગીરીમાં સહાયરૂપ થવા માટે ઑફિસર ઑન સ્પેશિયલ ડ્યુટી તરીકે નિયુક્ત કરી છે.

પ્રશ્ન ૮૯ : તેઓને શું પગાર—માનદ વેતન આપવામાં આવે છે?

ઉત્તર ૮૯ : માસિક રૂ. ૧,૫૦૦નું માનદ વેતન તથા રૂ. ૫૦૦/— વાહનભથ્થું આપવામાં આવે છે.

પ્રશ્ન ૯૦ : યુનિવર્સિટી પરીક્ષાના તેમ જ વિવિધ કાર્યક્રમોમાં જે ટેક્ષીઓ ભાડે મંગાવવામાં આવે છે તે અંગેના કૉન્ટ્રાકટ કેવી રીતે આપવામાં આવે છે?

ઉત્તર ૯૦ : વર્તમાનપત્રોમાં જાહેરાત આપી ટેન્ડર મંગાવવામાં આવે છે.

પ્રશ્ન ૯૧ : આ ટેક્ષી કૉન્ટ્રાકટરો પોતે જરૂરી સંખ્યાની આર.ટી.ઓ. પાસિંગ ટેક્ષીઓ ધરાવે છે?

ઉત્તર ૯૧ : હા, જી.

પ્રશ્ન ૯૨ : ભાડે લેવાની ટેક્ષીઓનાં મીટર ટેસ્ટિંગ અંગેના રિપોર્ટ ટેક્ષી કૉન્ટ્રાકટર પાસેથી લેવામાં આવે છે ખરા?

ઉત્તર ૯૨ : ના, જી.

પ્રશ્ન ૯૩ : શું એ હકીકત છે કે કોઈ ટેક્ષી કૉન્ટ્રાકટર કે જેઓની ટેક્ષી પરીક્ષાના કામમાં લેવાય છે તેઓ યુનિવર્સિટીની એક એફિલિયેટેડ કૉલેજના વિદ્યાર્થી છે?

ઉત્તર ૯૩ : યુનિવર્સિટી પાસે તેવી માહિતી હોવી અપેક્ષિત નથી.

પ્રશ્ન ૯૪ : તેઓ યુનિવર્સિટી પરીક્ષામાં પણ બેઠા હતા?

ઉત્તર ૯૪ : યુનિવર્સિટી પાસે તેવી માહિતી હોવી અપેક્ષિત નથી.

પ્રશ્ન ૯૫ : યુનિવર્સિટીના પ્રકાશન વેચાણ કાઉન્ટર ઉપર હાલ કેટલો સ્ટાફ છે?

ઉત્તર ૯૫ : એકાઉન્ટન્ટ—એક
જુનિયર આસિસ્ટન્ટ—બે
પટાવાળા—એક
એમ કુલ ચાર સભ્યો છે.

પ્રશ્ન ૯૬ : આ કાઉન્ટર ઉપર શું એ હકીકત છે કે જુ. ક્લાર્ક કેશની કામગીરી સંભાળે છે?

ઉત્તર ૯૬ : હા, જી.

પ્રશ્ન ૯૭ : શું તેઓ કેશની કામગીરી સંભાળે છે તો તેઓને કેશ ઍલાઉન્સ આપવામાં આવે છે?

ઉત્તર ૯૭ : ના, જી.

પ્રશ્ન ૯૮ : યુનિવર્સિટીના કેશ કાઉન્ટર સંભાળનાર વ્યકિતનો હોદ્દો તેમ જ પગારધોરણ આપશો.

ઉત્તર ૯૮ : હોદ્દો આસિસ્ટન્ટ કેશિયરનો છે, તથા તેનું પગારધોરણ રૂ. ૧,૨૦૦–૨,૦૪૦નું છે.

પ્રશ્ન ૯૯ : યુનિવર્સિટીના કેશ કાઉન્ટર પર ફરજ બજાવતા સ્ટાફને કેશ એલાઉન્સ આપવામાં આવે છે?

ઉત્તર ૯૯ : હા, જી.

પ્રશ્ન ૧૦૦ : જો હા, તો કેટલું?

ઉત્તર ૧૦૦ : પ્રતિમાસ રૂ. ૧૦૦

પ્રશ્ન ૧૦૧ : યુનિવર્સિટી સાથે સંકળાયેલ કોઈ પણ કોલેજના આચાર્યશ્રી વિદ્યાર્થી પાસે ટ્રુકોપી માટે સહી-સિક્કા કરવાના કોલેજની રસીદ આપી પૈસા લઈ શકે ખરા ?

ઉત્તર ૧૦૧ : ના, જી.

પ્રશ્ન ૧૦૨ : શું યુનિવર્સિટીની જમીન ઉપર કેટલીક બહારની વ્યકિતઓએ ઝૂપડાં બાંધેલ છે તે હકીકત ખરી છે?

ઉત્તર ૧૦૨ : ના, જી.

પ્રશ્ન ૧૦૩ : યુનિવર્સિટી પાસે કુલ કેટલી એસ્ટેટ છે?

ઉત્તર ૧૦૩ : પ્રશ્નમાં કઈ માહિતી અપેક્ષિત છે તે સ્પષ્ટ થતું ન હોવાથી ઉત્તર આપવો શકય નથી, તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૧૦૪ : યુનિવર્સિટી પાસે કુલ કેટલી જમીન છે?

ઉત્તર ૧૦૪ : યુનિવર્સિટી પાસે કુલ ૨૬૦ એકર જમીન છે.

પ્રશ્ન ૧૦૫ : આ જમીનો ઉપર ગેરકાયદે દબાણ ન થાય તે માટે યુનિવર્સિટીએ શી કાર્યવાહી કરી છે?

ઉત્તર ૧૦૫ : યથોચિત પગલાં લેવામાં આવે છે.

પ્રશ્ન ૧૦૬ : યુનિવર્સિટીમાં બિનશિક્ષકની હાલ કેટલી જગાઓ ખાલી છે?

ઉત્તર ૧૦૬ : અંદાજે ૮૪.

પ્રશ્ન ૧૦૭ : યુનિવર્સિટીમા શિક્ષકોની હાલ કેટલી જગાઓ ખાલી છે?

ઉત્તર ૧૦૭ : અંદાજે ૬૧.

શ્રી. જગદીશ રાઠોડે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

પૂરક પ્રશ્ન : આ જગ્યાઓ અંગે શું કાર્યવાહી થઈ ?

કુલપતિશ્રીનો ઉત્તર : શિક્ષકોની ચોપ્પન જગ્યાઓની જાહેરખબર અપાઈ ગઈ છે અને સાત જગ્યાઓ માટેના ઇન્ટરવ્યુ લેવાની તૈયારી થઈ ગઈ છે.

પ્રશ્ન ૧૦૮ : યુનિવર્સિટી હાલ કેટલા નિવૃત્ત કર્મચારીઓની સેવા લઈ રહી છે?

ઉત્તર ૧૦૮ : બે નિવૃત્ત કર્મચારીઓની સેવા લેવામાં આવે છે.

પ્રશ્ન ૧૦૯ : તેઓને શું વેતન આપવામાં આવે છે?

ઉત્તર ૧૦૯ : એકને રૂ. ૫૨/-- દૈનિક તથા બીજા સભ્યને રૂ. ૭૦૦/— પ્રતિમાસ.

પ્રશ્ન ૧૧૦ : તેઓની સેવા યુનિવર્સિટી છેલ્લાં કેટલાં વર્ષોથી લઈ રહી છે?

ઉત્તર ૧૧૦ : એકની આશરે ૧૨ વર્ષથી તથા બીજાની આશરે બે વર્ષથી સેવા લેવામાં આવે છે.

પ્રશ્ન ૧૧૧ : કાર્યકારી કુલસચિવ તરીકે હાલ હોદ્દો કોણ સંભાળે છે?

ઉત્તર ૧૧૧ : શ્રી. એમ. પી. જડિયા.

પ્રશ્ન ૧૧૨ : તેઓ છેલ્લા કેટલા સમયથી આ હોદ્દો સંભાળે છે?

ઉત્તર ૧૧૨ : તા. ૧-૯-૧૯૮૯થી.

પ્રશ્ન ૧૧૩ : તેઓશ્રીને કોઈ ચાર્જ એલાઉન્સ આપવામાં આવે છે?

ઉત્તર ૧૧૩ : હા, જી.

પ્રશ્ન ૧૧૪ : શું એ હકીકત છે કે તેઓ છેલ્લા બાર માસથી આ ચાર્જ એલાઉન્સ પણ લેતા નથી?

ઉત્તર ૧૧૪ : છેલ્લા એક વર્ષની આ રકમ હજુ સુધી તેમણે લીધી નથી.

પ્રશ્ન ૧૧૫ : સમાજવિદ્યા ભવનના સમાજશાસ્ત્રના રીડર પ્રા. એ. આર. શાહની એકેડેમિક સ્ટાફ કૉલેજના ડિરેક્ટર તરીકે નિમણુક ક્યારે કરવામાં આવી?

ઉત્તર ૧૧૫ : તા. ૧૫-૪-૧૯૯૧થી.

પ્રશ્ન ૧૧૬ : પ્રા. એ. આર. શાહને સમાજશાસ્ત્ર અઠવાડિયામાં બે તાસ, એકેડેમિક સ્ટાફ કૉલેજના ડિરેક્ટરના કામકાજની સાથે-સાથે લેવાનું ગોઠવીને તેમને મૂળ જગા રીડર-ઇન-સોશિયોલોજીનું પ્રથમ લિયન ક્યારે આપવામાં આવ્યું?

ઉત્તર ૧૧૬ : તા. ૧૫-૪-૧૯૯૧થી.

પ્રશ્ન ૧૧૭ : (૧) સમાજવિદ્યા ભવન અને યુનિવર્સિટી એકેડેમિક સ્ટાફ કૉલેજ બંને સંસ્થાઓ અલગ અલગ છે? (૨) કે યુનિવર્સિટીના જ ડિપાર્ટમેન્ટો છે?

ઉત્તર ૧૧૭ : (૧) હા, જી; સમાજવિદ્યા ભવન યુનિવર્સિટીના વિદ્યાભવનો પૈકીનું એક વિદ્યાભવન છે, અને (૨) હા, જી; એકેડેમિક સ્ટાફ કૉલેજ, યુ.જી.સી. દ્વારા મંજૂર કરવામાં આવેલી યોજના હેઠળ નિયત સમય પૂરતો શરૂ થયેલ વિભાગ છે.

પ્રશ્ન ૧૧૮ : યુનિવર્સિટીના એક ડિપાર્ટમેન્ટમાંથી બીજા ડિપાર્ટમેન્ટમાં નિમણુક કે બઢતી આપવા માટે લિયન આપવું પડે તેવું બીજા કોઈ કર્મચારીના કેસમાં યુનિવર્સિટીએ કર્યું છે?

ઉત્તર ૧૧૮ : હા, જી.

પ્રશ્ન ૧૧૯ : નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ, હિસાબ વિભાગ, અમદાવાદ તરફથી યુનિવર્સિટીને સને ૧૯૮૩-૮૪માં જણાવવામાં આવેલ ઓડિટ વાંધા મુજબ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને નિયત કરેલ પગારધોરણના સિદ્ધાંત વિરુદ્ધ નિયત લાયકાત ન મેળવેલ હોવા છતાં પ્રા. એ. આર. શાહને મૂલ્યાંકન તબક્કા પછી નવા પગારધોરણમાં ચૂકવેલ ઈજાફાને કારણે રૂ. ૬,૦૯૯ની અતિચુકવણી કરવામાં આવી હતી તે વાત સાચી છે?

ઉત્તર ૧૧૯ : ના, જી.

પ્રશ્ન ૧૨૦ : જો હા, તો સરકારી ઓડિટમાં જણાવ્યા મુજબ તેમને ચૂકવેલ આ વધુ રકમ પ્રા. એ. આર. શાહ પાસેથી વસૂલ કરવામાં આવી છે?

ઉત્તર ૧૨૦ : **સદરહુ ઓડિટ વાંધાની પૂર્તતા કરવામાં આવી છે તે જોતાં વસૂલ કરવાનો પ્રશ્ન** હાલ ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન ૧૨૧ : જો ના, તો શા માટે ?

ઉત્તર ૧૨૧ : ઉપર પ્રશ્ન ૧૨૦નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૨૨ : જો રકમ વસૂલ કરવામાં આવી હોય તો યુનિવર્સિટીમાં કઈ રસીદ નંબરથી જમા કરાવવામાં આવ્યા છે ?

ઉત્તર ૧૨૨ : ઉપર પ્રશ્ન ૧૨૦નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૨૩ : યુનિવર્સિટીના કર્મચારીઓ કે જેઓ વધુ અભ્યાસ કરતા હોય તેઓએ યુનિવર્સિટીની મંજૂરી લેવી પડે છે ખરી ?

ઉત્તર ૧૨૩ : હા, જી.

પ્રશ્ન ૧૨૪ : યુનિવર્સિટીમાં જો કોઈ જોબ ટ્રેઈની કર્મચારી હોય અને તેઓ વધુ અભ્યાસ કરતા હોય તો તેઓએ યુનિવર્સિટીની મંજૂરી લેવી પડે કે નહિ ?

ઉત્તર ૧૨૪ : જોબ ટ્રેઈની માટે આવો કોઈ નિયમ થયેલ નથી.

પ્રશ્ન ૧૨૫ : ઉપકુલપતિશ્રી સમક્ષ યુનિવર્સિટીના એક જોબ ટ્રેઈની કર્મચારીએ વધુ અભ્યાસ યુનિવર્સિટીની મંજૂરી વગર કરેલ છે તેમ જ યુનિવર્સિટી પરીક્ષામાં પણ બેઠા હતા તે અંગે કોઈ યુનિવર્સિટીના સેનેટ સભ્યે ફરિયાદ કરેલ તે હકીકત સાચી છે ?

ઉત્તર ૧૨૫ : હા, જી.

પ્રશ્ન ૧૨૬ : જો હા, તો આ ફરિયાદ ઉપર શાં પગલાં લેવામાં આવ્યાં ?

ઉત્તર ૧૨૬ : ઉપર પ્રશ્ન ૧૨૪નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૨૭ : યુનિવર્સિટીના વહીવટ વિષે યુનિવર્સિટીના કોર્ટ (સેનેટ) સભ્ય ફરિયાદ કે સૂચના કરે તેના લેવાયેલ પગલાની જે તે કોર્ટ (સેનેટ) સભ્યને જાણ કરાય છે ખરી ?

ઉત્તર ૧૨૭ : સૂચનો કે ફરિયાદપત્રના ગુણદોષ પર આધાર રાખે છે.

પ્રશ્ન ૧૨૮ : યુનિવર્સિટીના કર્મચારીને યુનિવર્સિટીની પરીક્ષામાં મંજૂરી લઈને બેસે તો કેટલા દિવસની રજાઓ લેવી પડે છે?

ઉત્તર ૧૨૮ : પરીક્ષા શરૂ થવાના એક માસ પૂર્વેથી પરીક્ષા પૂરી થવા બાદ પંદર દિવસ સુધી રજા ઉપર રહેવું અનિવાર્ય છે.

પ્રશ્ન ૧૨૯ : શું એ હકીકત સાચી છે કે જોબ ટ્રેઈની ૨૪૦ દિવસથી વધુ થાય તેઓને જોબ ટ્રેઈની તરીકેની ફરજમાંથી મુક્ત કરવામાં આવે છે ?

ઉત્તર ૧૨૯ : હા, જી.

પ્રશ્ન ૧૩૦ : હાલ કુલ કેટલા જોબ ટ્રેઈની એવા છે કે જેઓના ૨૪૦ દિવસથી વધુ થયા હોય ? તેઓનાં નામ, વિભાગ આપવા વિનંતી છે.

ઉત્તર ૧૩૦ : એક પણ નહીં.

પ્રશ્ન ૧૩૧ : ૨૪૦ દિવસથી વધુ થયા હોય તેવા અપવાદરૂપ જોબ ટ્રેઈની છૂટા નહિ કરવા પાછળનો શો હેતુ છે? તેઓને જ શા માટે ચાલુ રાખવામાં આવે છે ?

ઉત્તર ૧૩૧ : ઉપર પ્રશ્ન ૧૩૦નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૩૨ : રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર એ યુનિવર્સિટીનો જ એક વિભાગ છે?

ઉત્તર ૧૩૨ : હા, જી.

પ્રશ્ન ૧૩૩ : આ વિભાગના કર્મચારીઓ યુનિવર્સિટીના જ કર્મચારીઓ ગણાય?

ઉત્તર ૧૩૩ : હા, જી.

પ્રશ્ન ૧૩૪ : આ વિભાગને કોમ્પ્યુટર વિભાગમાં ફેરવવામાં આવ્યો પછી પરીક્ષાનાં કામો તરફ બરાબર ધ્યાન અપાતું નથી તેવી ફરિયાદ છે ખરી?

ઉત્તર ૧૩૪ : ના, જી.

પ્રશ્ન ૧૩૫ : આ વિભાગના વડાને કોમ્પ્યુટર ટ્રેઈનિંગ માટે ક્યાં મોકલવામાં આવ્યા હતા?

ઉત્તર ૧૩૫ : ના, જી.

પ્રશ્ન ૧૩૬ : કોમ્પ્યુટર ટ્રેઈનિંગથી યુનિવર્સિટીને શું લાભ થશે?

ઉત્તર ૧૩૬ : ઉપર પ્રશ્ન ૧૩૫નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૩૭ : (૧) આ વિભાગના વડાને તેઓના પગાર ઉપરાંત અન્ય કોઈ વધારાનું વેતન ચૂકવવામાં આવે છે? અને (૨) તે ઇન્કમટેક્ષમાં બનાવવામાં આવે છે?

ઉત્તર ૧૩૭ : (૧) ના, જી. પરંતુ મુલાકાતી વ્યાખ્યાતા તરીકે તેમ જ પ્રાશ્નિક-પરીક્ષક તરીકે કામ કર્યું હોય તો નિયમ પ્રમાણે માનદ વેતન ચૂકવવામાં આવતું હોય છે.

(૨) ઇન્કમટેક્ષ રિટર્ન કર્મચારીઓએ ભરવાનું હોય છે.

પ્રશ્ન ૧૩૮ : આ વધારાના વેતનના કામની તૈયારી તેઓ ચાલુ સમય દરમિયાન કરે છે?

ઉત્તર ૧૩૮ : ઉપર પ્રશ્ન ૧૩૭નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૩૯ : આ વિભાગમાં કુલ કેટલા કર્મચારી છે?

ઉત્તર ૧૩૯ : પ્રશ્ન ૨૦નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૪૦ : આ વિભાગમાં કેટલાં હાજરીપત્રક રાખવામાં આવે છે?

ઉત્તર ૧૪૦ : બે.

પ્રશ્ન ૧૪૧ : યુનિવર્સિટીમાં વિભાગવાર હાજરીપત્રક રાખવામાં આવે છે, જ્યારે આ વિભાગમાં બે હાજરીપત્રક રાખવામાં આવે છે તેનાં કારણો શું?

ઉત્તર ૧૪૧ : વર્ગ ૪ના કર્મચારીઓ માટે અલગ હાજરીપત્રક રાખવાની પ્રથા છે.

પ્રશ્ન ૧૪૨ : આ વિભાગમાં બદલી થઈને પ્રમોશન પામીને જતા કર્મચારીના મેમામાં કૉમ્પ્યુટર વિભાગમાં બદલી તેમ દર્શાવવામાં આવે છે છતાં વિભાગના વડા અલગ અલગ હાજરી-પત્રક રાખે છે તેનાથી યુનિવર્સિટી માહિતગાર છે?

ઉત્તર ૧૪૨ : પ્રશ્ન ૧૪૦ તેમજ ૧૪૧નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૪૩ : શ્રી. સોની ડાયરેક્ટર ઑફ કૉમ્પ્યુટર તરીકે ક્યારે નિમાયા?

ઉત્તર ૧૪૩ : તા. ૧-૪-૧૯૮૫થી.

પ્રશ્ન ૧૪૪ : શ્રી. સોનીને ડાયરેક્ટર ઑફ કૉમ્પ્યુટરનું પગારધોરણ ક્યારથી આપવામાં આવ્યું?

ઉત્તર ૧૪૪ : તા. ૧-૪-૧૯૮૫થી.

પ્રશ્ન ૧૪૫ : આ યુનિવર્સિટીમાં એકમાત્ર રજિસ્ટ્રારશ્રી જ એકલા સ્ટેચ્યુટરી અધિકારી છે. બાકીના તમામ સબોર્ડિનેટ અધિકારી છે તે હકીકત સત્ય છે?

ઉત્તર ૧૪૫ : ના, જી.

પ્રશ્ન ૧૪૬ : પરીક્ષાનાં પરિણામોના સુચારુ સંચાલન માટે ડાયરેક્ટરશ્રીએ પરીક્ષા નિયામકશ્રી સાથે મળીને કામ કરવું જોઈએ?

ઉત્તર ૧૪૬ : પ્રશ્નમાં શું અપેક્ષિત છે તે સ્પષ્ટ થતું ન હોઈ ઉત્તર આપવાનું શક્ય નથી તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૧૪૭ : ....

પ્રશ્ન ૧૪૮ : આ વિભાગના વડા અન્ય કોઈ કૉમ્પ્યુટર કંપનીમાં નોકરી કરવા ગયા હતા?

ઉત્તર ૧૪૮ : હા, જી.

પ્રશ્ન ૧૪૯ : યુનિવર્સિટીમાં કૉમ્પ્યુટર પર તૈયાર થઈ શકે તેવાં કેટલાં કામો બહાર કરાવવાં પડે છે?

ઉત્તર ૧૪૯ : કામનું ભારણ જોતાં જરૂર જણાય તેટલાં કામો.

[૨] પ્રો. તુષાર પંડ્યાએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્ન ૧૫૦ : ગુજરાત યુનિવર્સિટીમાં ફેકલ્ટી ઑફ સાયન્સનું અસ્તિત્વ છે?

ઉત્તર ૧૫૦ : હા, જી.

પ્રશ્ન ૧૫૧ : જો હોય તો છેલ્લાં ત્રણ વર્ષમાં તેની કેટલી મીટિંગો થઈ?

ઉત્તર ૧૫૧ : વિદ્યાશાખાની રચના છેલ્લા એક વર્ષથી થઈ છે. તે પછી તેની સભા મળી નથી.

પ્રશ્ન ૧૫૨ : વિજ્ઞાન વિદ્યાશાખામાં પરીક્ષકોની નિમણૂકો અંગે કોઈ ધારાધોરણ છે?

ઉત્તર ૧૫૨ : હા, જી.

પ્રશ્ન ૧૫૩ : હોય તો તે જણાવવા વિનંતી છે. આ ધારાધોરણ પ્રમાણે નિમણૂકો થાય છે?

ઉત્તર ૧૫૩ : આ માટે યુનિવર્સિટી ધારાની કલમ ૪૬-એ જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૫૪ : પ્રિ. એન. આર. શાહ, પ્રો. કે. એસ. શાસ્ત્રી અને પ્રિ. દર્શનસિંગ શીખ કેટલી અને કઈ કઈ કમિટીઓમાં કામ કરે છે?

ઉત્તર ૧૫૪ : સદરહુ માહિતી માટે પરિશિષ્ટ "૬" જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૫૫ : કમિટીઓમાં કોને નીમવા તેના અંગે કોઈ ધારાધોરણ છે ખરાં?

ઉત્તર ૧૫૫ : જ્યાં ધારાધોરણમાં જોગવાઈ છે ત્યાં તે પ્રમાણે કરવામાં આવે છે.

પ્રશ્ન ૧૫૬ : તબીબી પરીક્ષાની ફીની આવક કરતાં ખર્ચ વધુ થાય છે, જ્યારે વિજ્ઞાન પરીક્ષાની આવક કરતાં ખર્ચ ઓછો થાય છે, તોપણ તબીબી પરીક્ષા માટેનાં વેતનો સારા પ્રમાણમાં વધાર્યાં છે, જ્યારે વિજ્ઞાન વિદ્યાશાખાનાં શા માટે વધારવામાં આવતાં નથી?

ઉત્તર ૧૫૬ : સમગ્ર પાસાંઓની વિચારણા કર્યા બાદ યુનિવર્સિટીના સત્તામંડળે નિર્ણય લીધો છે.

પ્રશ્ન ૧૫૭ : આપણી યુનિવર્સિટીમાં હાલ કેટલી કૉલેજોને સ્વાયત્તતા (antonomy) આપવામાં આવી છે?

ઉત્તર ૧૫૭ : એક.

પ્રશ્ન ૧૫૮ : યુ.જી.સી.ની ગાઈડલાઈન મુજબ બીજી વધુ કૉલેજોને સ્વાયત્તતા આપવાની વિચારણા ચાલે છે?

ઉત્તર ૧૫૮ : તે માટે અરજી આવ્યેથી તેની વિચારણા થઈ શકે.

પ્રશ્ન ૧૫૯ : આ માટે કોઈ કૉલેજોએ અરજી કરી છે?

ઉત્તર ૧૫૯ : હા, જી. બીજી છ કૉલેજોએ અરજી કરી હતી.

પ્રશ્ન ૧૬૦ : કરી હોય તો તેમનાં નામ આપો. યુનિવર્સિટીનો શો અભિગમ છે?

ઉત્તર ૧૬૦ : (૧) સેંટ ઝેવિયર્સ કોલેજ (૨) ગુજરાત કોલેજ (૩) એચ. કે. આર્ટ્સ કોલેજ (૪) એચ. એલ. કોમર્સ કોલેજ (૫) એચ. એ. કોમર્સ કોલેજ; અને (૬) એલ. એ. શાહ લૉ કોલેજ.
યુનિવર્સિટીના અભિગમ માટે પ્રશ્ન ૧૫૮નો ઉત્તર જોવા વિનંતી.

શ્રી. તુષાર પંડયાએ નીચેના પૂરક પ્રશ્નો પૂછયા :

પૂરક પ્રશ્ન : સંલગ્ન કોલેજોને સ્વાયત્તતા આપવા અંગે યુનિવર્સિટીનો શો અભિગમ છે?

કુલપતિશ્રીનો ઉત્તર : યુનિવર્સિટીનો અભિગમ તેના સ્ટેચ્યૂટ પ્રમાણે હોય છે સ્થાપિત થયેલા નીતિ-નિયમો પ્રમાણે યુનિવર્સિટીએ કાર્યવાહી કરવાની હોય છે.

પૂરક પ્રશ્ન : એટલે સ્વાયત્તતા આપવામાં આવશે કે નહિ?

કુલપતિશ્રીનો ઉત્તર : સંલગ્ન કોલેજોમાં ચાલતી કેટલીક અનિયમિતતાઓ જેવી કે ટ્યુશનો વગેરે જોતાં સ્વાયત્તતા આપવાની બાબત વિચારણા માંગી લે છે.

પૂરક પ્રશ્ન : સાહેબ, ટ્યુશન તો બધી જ કોલેજોમાં ચાલે છે?

કુલપતિશ્રીનો ઉત્તર : બસ. મારે પણ એ જ કહેવું છે.

પ્રશ્ન ૧૬૧ : ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજીને સ્વાયત્તતા આપ્યે કેટલાં વર્ષો થયાં?

ઉત્તર ૧૬૧ : હજી એક વર્ષ પૂરું થયું નથી. તા. ૧૫-૬-૧૯૯૧થી સ્વાયત્તતા આપવામાં આવી છે.

પ્રશ્ન ૧૬૨ : તેનું ત્યાર બાદ પુનર્મૂલ્યાંકન થયું છે?

ઉત્તર ૧૬૨ : ના, જી. સમયાનુસાર કરવામાં આવશે.

પ્રશ્ન ૧૬૩ : હોય તો શો રિપોર્ટ આવ્યો ?

ઉત્તર ૧૬૩ : ઉપર પ્રશ્ન ૧૬૨નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૬૪ : આ ઇન્સ્ટિટ્યૂટે હૉસ્ટેલનું મકાન બાંધ્યું છે?

ઉત્તર ૧૬૪ : હા, જી. (કોલેજે તેના તા. ૯-૩-૧૯૯૨ના પત્રથી જણાવ્યા પ્રમાણે.)

પ્રશ્ન ૧૬૫ : કેટલા છાત્રો માટે?

ઉત્તર ૧૬૫ : ૧૦૦ છાત્રો માટે. (કોલેજે તેના તા. ૯-૩-૧૯૯૨ના પત્રમાં જણાવ્યા પ્રમાણે.)

પ્રશ્ન ૧૬૬ : ૧૯૯૨ એપ્રિલ-મેની વાર્ષિક પરીક્ષા માટે આંતરિક વિકલ્પોવાળી પરીક્ષાને બદલે સામાન્ય વિકલ્પોવાળી પરીક્ષા લેવા માટે ખૂબ જ ટૂંકા ગાળામાં શા માટે નિર્ણય લેવો પડયો ? આ નિર્ણય પાછળ કયાં પરિબળો કારણભૂત છે?

ઉત્તર ૧૬૬ : **એકેડેમિક કાઉન્સિલની** તા. ૨૪-૨-૧૯૯૨**ની સભામાં ઠરાવ્યા પ્રમાણે.**

પ્રશ્ન ૧૬૭ : કોલેજોમાં વિદ્યાર્થીઓની મહત્તમ સંખ્યા અંગે કોઈ નિયમ અસ્તિત્વમાં છે? કારણ કે યુનિવર્સિટીના હેવાલમાં જણાવ્યા મુજબ કેટલીક કોલેજોમાં ૧,૯૦૦ કે તેથી વધુ પણ સંખ્યા છે.

ઉત્તર ૧૬૭ : હા, છે.

[૩] શ્રી મધુસૂદન બુટાલાએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્ન ૧૬૮ : (૧) ગુજરાત યુનિવર્સિટીના ભવન સિવાય કેટલી સંલગ્ન કોલેજોમાં અનુસ્નાતક કેન્દ્રો ચાલે છે? (૨) વિદ્યાશાખા પ્રમાણે જણાવવા વિનંતી છે.

ઉત્તર ૧૬૮ : (૧) ૬૯.

(૨) વિદ્યાશાખાવાર નીચે પ્રમાણે અનુસ્નાતક કેન્દ્રો છે :

	સંખ્યા		સંખ્યા
(૧) વિનયન	૨૧	(૬) કાયદાશાસ્ત્ર	૦૩
(૨) વાણિજ્ય	૨૧	(૭) તબીબી	૦૨
(૩) વિજ્ઞાન	૧૦	(૮) ફાર્મસી	૦૧
(૪) શિક્ષણ	૦૮	(૯) ડેન્ટલ	૦૧
(૫) ઇજનેરી	૦૨		

પ્રશ્ન ૧૬૯ : આ કેન્દ્રોમાં કેટલા અધ્યાપકો સેવા આપે છે? વિદ્યાશાખા પ્રમાણે જણાવવા વિનંતી છે.

અને

પ્રશ્ન ૧૭૦ : એક કરતાં વધુ અનુસ્નાતક કેન્દ્રમાં શિક્ષણકાર્ય કરતા અધ્યાપકોની (વિદ્યાશાખા પ્રમાણે) સંખ્યા જણાવવા વિનંતી છે.

ઉત્તર ૧૬૯ અને ૧૭૦ : પ્રશ્નનો વ્યાપ જોતાં ઉત્તર આપવાનું શક્ય નથી, તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૧૭૧ : ઉપરોક્ત અનુસ્નાતક કેન્દ્રો પૈકીનાં કેટલાં અનુસ્નાતક કેન્દ્ર કોલેજ સમય દરમિયાન ચાલે છે? (વિદ્યાશાખા પ્રમાણે જણાવવા વિનંતી છે.)

ઉત્તર ૧૭૧ : સદરહુ માહિતી સભા સમક્ષ સભાગૃહના ટેબલ ઉપર મૂકવામાં આવશે.

પ્રશ્ન ૧૭૨ : અનુસ્નાતક કેન્દ્ર ચલાવતી કોલેજના કેટલા અધ્યાપકો કોલેજ સમય દરમિયાન જ અનુસ્નાતકનું શિક્ષણકાર્ય કરે છે? વિદ્યાશાખા પ્રમાણે જણાવવા વિનંતી છે.

ઉત્તર ૧૭૨ : હાલના તબક્કે યુનિવર્સિટી પાસે સદરહુ **માહિતી ઉપલબ્ધ નથી** તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૧૭૩ : સ્થાનિક અધ્યાપકોને કન્વેયન્સ એલાવન્સ મળે છે ખરું?

ઉત્તર ૧૭૩ : હા, જી.

પ્રશ્ન ૧૭૪ : સ્થાનિક કૉલેજના અધ્યાપકોને અનુસ્નાતક કેન્દ્રમાં વર્ગ લેવા બદલ યુનિવર્સિટી વર્ષ દરમિયાન કુલ કેટલું કન્વેયન્સ એલાવન્સ ચૂકવે છે?

ઉત્તર ૧૭૪ : પ્રશ્નનો વ્યાપ જોતાં ઉત્તર આપવાનું શક્ય નથી, તો ક્ષમા કરશો.

પ્રશ્ન ૧૭૫ : સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન શિક્ષણની કૉલેજોના અધ્યાપકોને પાઠ જોવા માટે શાળામાં જવાના ભથ્થા તરીકે દરેક મહિને રૂ. ૪૦ આપે છે. શું આ જ પ્રણાલિકા ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોના અધ્યાપકો માટે શરૂ કરવા વિચારાય છે?

ઉત્તર ૧૭૫ : અન્ય યુનિવર્સિટીમાં પ્રવર્તમાન પ્રણાલિકા વિશે આ યુનિવર્સિટીને માહિતી નથી.

પ્રશ્ન ૧૭૬ : યુનિવર્સિટી સંલગ્ન શિક્ષણની કૉલેજોમાં સતત શિક્ષણકાર્ય કે પાઠ જોવા માટે બહારગામ જવાનું થાય ત્યારે કેટલી કૉલેજ વિશેષ ભથ્થું આપે છે?

ઉત્તર ૧૭૬ : તા. ૧૮-૩-૧૯૯૨ સુધીમાં કૉલેજ પાસેથી ઉપલબ્ધ થયેલી માહિતી પ્રમાણે ચાર કૉલેજો ભથ્થું આપે છે.

પ્રશ્ન ૧૭૭ : જે કૉલેજ આ પ્રકારનું ભથ્થું નથી આપતી તેને ગુજરાત યુનિવર્સિટી આદેશ આપી શકે ખરી?

ઉત્તર ૧૭૭ : હાલ આ બાબત વિચારણા હેઠળ નથી.

[૪] શ્રી. એસ. સી. કાનાવાલાએ નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી :

પ્રશ્ન ૧૭૮ : આપણી યુનિવર્સિટી તરફથી 'વિદ્યા' જર્નલ છેલ્લે ક્યારે પ્રકાશિત થયું?

ઉત્તર ૧૭૮ : માર્ચ, ૧૯૯૧માં.

શ્રી એસ. સી. કાનાવાલાએ નીચેના પુરક પ્રશ્ન પુછયો :

પૂરક પ્રશ્ન : યુનિવર્સિટીનું 'વિદ્યા' જર્નલ દર વર્ષે છપાય એવું કરવામાં આવે તો યોગ્ય રહે તેમ માનું છું.

કુલપતિનો ઉત્તર : તે બને તેટલું વ્યવસ્થિત રીતે બહાર પડાય તે આપણે જોઈશું.

પ્રશ્ન ૧૭૯ : જો 'વિદ્યા' જર્નલના અંકો નિયમિત રીતે બહાર પડતા ન હોય તો તેનું શું કારણ?

ઉત્તર ૧૭૯ : પર્યાપ્ત સંશોધન લેખોની અનુપલબ્ધિ, તથા અગત્યના તાકીદના કામમાં પ્રેસની વ્યસ્તતા ઈ. વિલંબ માટે કારણભૂત છે.

પ્રશ્ન ૧૮૦ : 'વિદ્યા' જર્નલ પ્રકાશિત કરવામાં ગુજરાત યુનિવર્સિટીએ કોઈ કાર્યવાહી નિયમિત રીતે બહાર પડે તે માટે કરી છે?

ઉત્તર ૧૮૦ : કુલપતિશ્રીએ આ માટે એક સમિતિ નિયુક્ત કરી છે.

પ્રશ્ન ૧૮૧ : ગુજરાત યુનિવર્સિટી દ્વારા મનોવિજ્ઞાન વિષયમાં એમ.ફિલ.ના વર્ગો ચાલે છે?

ઉત્તર ૧૮૧ : ના, જી.

પ્રશ્ન ૧૮૨ : જો જવાબ 'ના' હોય. તો તેનું શું કારણ?

ઉત્તર ૧૮૨ : તેનો અભ્યાસક્રમ વિચારણા હેઠળ છે.

પ્રશ્ન ૧૮૩ : એમ.ફિલ.નો અભ્યાસક્રમ હજુ સુધી તૈયાર થયો ના હોય તો તે અંગે શું કાર્યવાહી થઈ ?

ઉત્તર ૧૮૩ : સદરહુ અભ્યાસક્રમનો મુસદ્દો તૈયાર થયો છે અને યુનિવર્સિટી સત્તામંડળ સમક્ષ વિચારણા માટે મૂકવાની કાર્યવાહી થઈ રહી છે.

શ્રી. એસ. સી. કાનાવાલાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

પૂરક પ્રશ્ન : એમ.ફિલ.નો અભ્યાસક્રમ હજુ સુધી વિચારણા હેઠળ છે તે ઘણું જ મોડું કહેવાય. તે વહેલો તૈયાર થાય તેવું કરશો ?

કુલપતિનો ઉત્તર : હવે યુનિવર્સિટી સત્તામંડળો રચાયા પછી તે જોવાનું કામ તેમનું છે, તેમ છતાં હું મારાથી બનતું કરીશ.

પરિશિષ્ટ "૬"

કામકાજ ક્રમાંક ૫

બોર્ડ ઑફ એકાઉન્ટ્સનો અહેવાલ—૧૯૯૦-૯૧

અમો બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સભ્યોએ વર્ષ દરમિયાન યુનિવર્સિટીના ૧૯૯૦-૯૧ના હિસાબોની ચકાસણી કરી હતી. અને તે માટે શ્રી. જી. એસ. શાહના પ્રમુખસ્થાને કુલ ૮ (આઠ) મીટિંગો મળી હતી. ૧૯૯૦—૯૧ના વર્ષના હિસાબો અંગેનો છેવટનો હેવાલ તૈયાર કરવા માટે એક સભા યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૬-૩-૧૯૯૨ના રોજ મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર રહ્યા હતા :

૧. શ્રી. જી. એસ. શાહ

૨. શ્રી. ટી. એન. ત્રિવેદી

૩. શ્રી. પી. એમ. શાહ

સભાનું પ્રમુખસ્થાન શ્રી. જી. એસ. શાહે સંભાળ્યું હતું. આગામી યુનિવર્સિટીની કોર્ટ-મીટિંગમાં રજૂ કરવાનો અમારો હેવાલ નીચે મુજબ આપવામાં આવેલ છે :

(૧) આંતરિક ઑડિટ :

(અ) હેવાલના વર્ષ દરમિયાન આંતરિક ઑડિટર્સ "મે. લાખિયા ઍન્ડ કું." ચાર્ટર્ડ ઍકાઉન્ટ્સ તરફથી ૧૯૮૯-૯૦ના વર્ષનો તેમનો હેવાલ તા. ૨૦-૪-૧૯૯૧ના રોજ યુનિવર્સિટી કાર્યાલયને મળેલ છે. પરંતુ ૧૯૯૦—૯૧ના વર્ષનો હેવાલ હજુ સુધી મળ્યો ન હોવાથી અમો તપાસી શક્યા નથી. આ હેવાલ મેળવી હવે પછીની બોર્ડ ઑફ એકાઉન્ટ્સની સભામાં રજૂ કરાવો.

(બ) આંતરિક ઑડિટર્સનો ૧૯૮૯-૯૦નો જે હેવાલ મળેલ છે તે તપાસતાં અમોને માલૂમ પડેલ છે કે ઘણા બધા મુદ્દાઓ કે જે અંગે તેઓશ્રીએ વારંવાર રજૂઆતો કરેલ હોવા છતાં યુનિવર્સિટી તરફથી તેઓને કોઈ જ વિગતો આપવામાં આવેલ નથી. અથવા તો તે બાબત અંગે યોગ્ય પગલાં ભરવામાં આવેલ નથી, તે ઘણું જ દુઃખદ ગણાવી શકાય. અમારા મત મુજબ યુનિવર્સિટી કાર્યાલયે આ અંગે તાકીદે કાર્યવાહી કરી જરૂરી દુરસ્તી રિપોર્ટ રજૂ કરવો.

(ક) યુનિવર્સિટીને મળેલ આ આંતરિક ઑડિટ હેવાલ પણ અમારી દૃષ્ટિએ તે પછી મળનાર એક્ઝિક્યુટિવ કાઉન્સિલની મીટિંગમાં મુકાવવો જોઈએ, અને તેમાં દર્શાવેલ મુદ્દાઓ અંગે વિગતવાર ખુલાસા જે તે વિભાગ-ભવન વગેરે પાસેથી મેળવી તેનો દુરસ્તી રિપોર્ટ રજૂ કરવાની પ્રથા હોવી જોઈએ. આ રિપોર્ટ અંગે શા પગલાં લેવામાં આવેલ છે તેની અમોને કોઈ જ વિગતો આપવામાં આવેલ નથી, જે ઘણી જ દુઃખદ બાબત છે.

(૬) સરકારી ઑડિટ હેવાલ તેમ જ આંતરિક ઑડિટરશ્રીના હેવાલ તેમ જ તેઓશ્રીનાં કાર્યક્ષેત્ર જોતાં આંતરિક ઑડિટ વધારે અસરકારક તેમ જ ઉપયોગી બની શકે તે માટે અમો નીચે મુજબના મુદ્દાઓ પરત્વે ધ્યાન દોરીએ છીએ અને તે અંગે જરૂરી જણાય તો એક સબ-કમિટીની નિમણૂક કરી આંતરિક ઑડિટ પ્રથાને વધારે કાર્યક્ષમ બનાવવામાં આવે તેવાં જરૂરી પગલાં તાકીદે ભરવા અમારું સૂચન છે.

યુનિવર્સિટીના હિસાબોનું વિગતવાર સરકારી ઑડિટ થતું હોવાથી હાલની આંતરિક ઑડિટ વ્યવસ્થા નીચે જણાવેલ બાબતો માટે વધારે અસરકારક બનાવવામાં આવે તેમ અમો માનીએ છીએ :

૧. યુનિવર્સિટીના ઍડવાન્સ ખાતાના હિસાબોની ચકાસણી અને સમયાંતરે મેળવણી કરવી.
૨. ડિપોઝિટનાં ખાતાંઓની તેમ જ સસ્પેન્સ ખાતાંઓની ચકાસણી અને મેળવણી કરવી.
૩. દર મહિને યુનિવર્સિટીની વિવિધ બૅંકોનાં ખાતાંઓની મેળવણી કરવી.
૪. યુનિવર્સિટી દ્વારા તથા ભવન દ્વારા રાખવામાં આવતાં વિવિધ રજિસ્ટરો વગેરેની ચકાસણી અને મેળવણી કરવી.
૫. યુનિવર્સિટીના રોજબરોજના હિસાબોમાં લખવામાં આવતા વાઉચરો ઉપરના કોડ નંબરની ચકાસણી કરવી.
૬. યુનિવર્સિટીના હિસાબોનું દર ત્રણ મહિને આંતરિક ઑડિટ અને તેના ઉપરનો ત્રિમાસિક રિપોર્ટ તથા તેની દુરસ્તી.
૭. યુનિવર્સિટીને લાગુ પડતી વિવિધ ધારાકીય જોગવાઈઓ જેવી કે ઇન્કમટૅક્ષ કપાત, પ્રો. ફંડ કપાત તથા તેની સમયસર ચુકવણી વગેરેની ચકાસણી તથા આંતરિક અંકુશ.
૮. અન્ય હિસાબી બાબતોની વ્યવસ્થિત આંતરિક અંકુશ પદ્ધતિ તથા તેની ચકાસણી.

(૨) સને ૧૯૯૦-૯૧ના હિસાબો :

યુનિવર્સિટીના ચાલુ વર્ષના હિસાબો તપાસતાં માલૂમ પડેલ છે કે આ હિસાબો રોજબરોજ લખાતા નથી, તેમ જ બૅંકો પણ મેળવવામાં આવતી નથી. છેલ્લે સપ્ટેમ્બર, ૧૯૯૧ સુધીની બૅંક મેળવવામાં આવેલ છે. આવા હિસાબો રોજબરોજ લખાતા ન હોવાથી આંતરિક ઑડિટ કરાવવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. આ અંગે રીમાર્ક પણ આંતરિક ઑડિટરશ્રીએ તેમના ૧૯૮૯-૯૦ના હિસાબોના હેવાલમાં પેરા-૩ની નોંધ કરેલ છે જે ઘણી વાજબી છે. આ અંગે યોગ્ય ધ્યાન આપી રોજબરોજ હિસાબો લખાય તે જોવા અમારું સૂચન છે.

(૩) સરકારી ઑડિટ અહેવાલ :

(અ) અમારા ગયા વર્ષના હેવાલમાં જણાવ્યા મુજબ યુનિવર્સિટી કાર્યાલયને મળેલ ૧૯૮૩-૮૪થી ૧૯૮૬-૮૭ સુધીના ચાર વર્ષના સરકારી ઑડિટ હેવાલ જે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની મીટિંગમાં મૂકી સેનેટની મીટિંગમાં મૂકવામાં આવ્યા ન હતા તે પૈકી અમોને આપેલ ખુલાસા મુજબ ૧૯૮૩-૮૪, ૧૯૮૪-૮૫ તથા ૧૯૮૫-૮૬ એમ ત્રણ વર્ષના હિસાબો યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૧૩-૨-૧૯૯૨ની મીટિંગમાં રજૂ કરવામાં આવેલ છે. અને તેના યોગ્ય દુરસ્તી રિપોર્ટ માટે એક કમિટીની રચના પણ કરવામાં આવેલ છે જે ઘણી જ સારી બાબત છે. આશા રાખીએ કે આ અંગે કમિટી દ્વારા યોગ્ય અને ઝડપી કાર્યવાહી કરવામાં આવે.

(ખ) હેવાલવાળા વર્ષ દરમિયાન ૧૯૮૭-૮૮ના વર્ષના સરકારી ઑડિટ હેવાલ તા. ૩૦-૧-૧૯૯૧ના રોજ મળેલ છે. આ હેવાલ પણ ૧૯૮૬-૮૭ના વર્ષના હેવાલની સાથે એકિઝક્યુટિવ કાઉન્સિલની મીટિંગમાં મૂકી સેનેટ સમક્ષ હવે પછીની મીટિંગમાં મૂકવા અમારું સૂચન છે.

(ક) ૧૯૮૮-૮૯ના વર્ષમાં સરકારી ઑડિટરશ્રીના હેવાલમાં જણાવ્યા મુજબ ૧૯૬૮થી ૧૯૮૮-૮૯નાં વર્ષો સુધી ઉપસ્થિત કરવામાં આવેલ કુલ ૪૬૪ વાંધાઓ પૈકી એક પણ વાંધાનો નિકાલ કે દુરસ્તી કરવામાં આવેલ નથી, જે ઘણી જ ગંભીર બાબત ગણી શકાય. આશા છે કે આ અંગે નીમવામાં આવેલ કમિટી જરૂરી કાર્યવાહી કરી તેનો હેવાલ આ સભા સમક્ષ રજૂ કરશે. અમોને આપેલા ખુલાસા મુજબ ઑડિટ વાંધાઓનો દુરસ્તી રિપોર્ટ તૈયાર કરવા અંગેની કાર્યવાહી હિસાબ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે.

(૪) અંદાજપત્ર :

(અ) આ અગાઉ અમોને અમારા ગયા વર્ષના રિપોર્ટમાં જણાવ્યા મુજબ યુનિવર્સિટીના ધારાની કલમ ૪૯(૩)(૪) મુજબ એકિઝક્યુટિવ કાઉન્સિલે અંદાજપત્ર તૈયાર કરી કોર્ટની મીટિંગમાં વિચારવા માટે મૂકવાનું હોય છે. અને તે અંગે કોર્ટની મીટિંગમાં આ અંગે કલમ ૧૮(૮) મુજબ અંદાજપત્રને લગતા જે કોઈ જરૂરી ઠરાવ થયા હોય તે સાથે તેને ફરી એકિઝક્યુટિવ કાઉન્સિલની મીટિંગમાં રજૂ કરી મંજૂર કરવાની પ્રથા અપનાવવી જોઈએ. યુનિવર્સિટી કોર્ટની મીટિંગ જ તા. ૩૦ અને ૩૧મી માર્ચના રોજ છેલ્લા દિવસોએ મળતી હોવાથી એવી કોઈ જ પદ્ધતિ અપનાવવામાં આવતી નથી. આ અંગે યોગ્ય કાર્યવાહી થાય તે અંગે ઘટતું કરવું.

(ખ) યુનિવર્સિટીનાં છેલ્લાં કેટલાંક વર્ષોનાં અંદાજપત્રો અને તેની છેવટની વાસ્તવિક પરિસ્થિતિ તપાસતાં તેમાં ઘણો મોટો તફાવત જોવા મળે છે. આવો મોટો તફાવત ન રહે તે માટે અંદાજપત્ર પૂરી ચોકસાઈથી બનાવવાના પ્રયત્નો થવા જોઈએ એમ અમો માનીએ છીએ. દા.ત. ૧૯૮૯-૯૦ અને ૧૯૯૦-૯૧ના અંદાજિત અને વાસ્તવિક આવક અને ખર્ચ નીચે મુજબ રહેવા પામ્યો છે :

વર્ષ	વિગત	પુનર્નિમિત અંદાજ (રૂ. લાખમાં)	વાસ્તવિક (રૂ. લાખમાં)
૧૯૮૯-૯૦	આવક	૮૩૨	૬૮૨
	ખર્ચ	૮૮૧	૬૧૧
૧૯૯૦-૯૧	આવક	૭૧૪	૬૦૯
	ખર્ચ	૧૦૧૩	૬૯૯

(૫) ગ્રાન્ટ્સ :

(અ) અમારા ગયા વર્ષના હેવાલમાં જણાવ્યા મુજબ યુનિવર્સિટીના રજૂ થતા અંદાજપત્રમાં ૭૧ ટકાથી ૮૦ ટકા આવક વિવિધ ગ્રાન્ટ્સ સ્વરૂપે મળે છે. પરંતુ તે માટે કોઈ જ વ્યવસ્થિત અને નિપુણ સ્ટાફ નથી. આ અંગે અમો જરૂરી કુશળ સ્ટાફની નિમણૂક માટે ભલામણ કરીએ છીએ.

(બ) યુનિવર્સિટી દ્વારા મેળવવામાં આવતી કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર તથા યુ.જી.સી.ની વિવિધ ગ્રાન્ટ્સની પૂરેપૂરી માહિતી ઉપલબ્ધ થઈ શકે તથા હિસાબો અંગે વિગતવાર હેવાલ મળી શકે તે માટે વિષયોના નિષ્ણાતોની એક ખાસ સમિતિની નિમણૂક કરવા અમારી ભલામણ છે.

(૬) અન્ય હિસાબી મુદ્દાઓ :

(૧) **પેટી કેશ :** હેવાલવાળા વર્ષ દરમિયાન અમાએ વિવિધ વિદ્યાશાખાની મુલાકાત લઈ પેટી કેશ વગેરેની ચકાસણી કરેલ છે અને તે બરાબર માલૂમ પડેલ છે.

(૨) **એડવાન્સીઝ તથા અન્ય ખાતાં : રૂ. ૧,૧૬,૨૧,૯૫૨ :** યુનિવર્સિટીના હિસાબોમાં દર્શાવ્યા મુજબ તા. ૩૧–૩–૧૯૯૧ના રોજ રૂ. ૧,૧૬,૨૧,૯૫૨ એડવાન્સ તરીકે ઊભા છે, જેની વિગતો નીચે આપવામાં આવેલ છે. આવા એડવાન્સ હિસાબોની ચકાસણી કરતાં નીચે જણાવેલ મુદ્દા પરત્વે અમો આ સભાનું ધ્યાન દોરીએ છીએ :

(અ) ઉપરોકત એડવાન્સની રકમોનું મુખ્ય વર્ગીકરણ નીચે મુજબ આપી શકાય :

૧. સ્ટાફના વિવિધ એડવાન્સ	૩,૮૪,૭૩૦
૨. વિવિધ ભવનોના એડવાન્સ (લેટર ઑફ ક્રેડિટ સાથે)	૯૪,૮૪,૫૬૨
૩. વિવિધ કૉલેજ એડવાન્સ	૧,૦૦,૫૭૫
૪. પરીક્ષાના કામ અંગેની એડવાન્સ	૬,૬૭,૬૭૦
૫. વ્યકિતગત પાર્ટીઓની એડવાન્સ	૫,૩૨,૯૪૦
૬. અન્ય જનરલ એકાઉન્ટ્સ એડવાન્સ	૭,૮૪,૪૪૨
	૧,૧૯,૫૪,૯૧૯
બાદ : એડવાન્સ ખાતે જમા રકમો	—૩,૩૨,૯૬૭
	૧,૧૬,૨૧,૯૫૨

(બ) ઉપરોકત એડવાન્સીઝ પૈકી અમોએ મોટા ભાગનાં વિદ્યાભવનોમાં રૂબરૂ મુલાકાત લઈ એડવાન્સીઝ અંગેની વાસ્તવિક પરિસ્થિતિનો ખ્યાલ મેળવવા પ્રયત્ન કરેલ છે. આવી મુલાકાત દરમિયાન તેમ જ વિદ્યાભવનો દ્વારા આપવામાં આવેલ ખુલાસા મુજબ તેમ જ ત્યાં રાખવામાં આવતાં રજિસ્ટરો જોતાં ઘણી જ ઓછી રકમ બાકી નીકળે છે અને મોટા ભાગના એડવાન્સ અંગેના હિસાબો તેઓના કહેવા મુજબ યુનિવર્સિટીની હિસાબી શાખામાં મોકલી આપેલ છે. આમ છતાં ઉપર દર્શાવ્યા મુજબ વિદ્યાભવનો ખાતે બાકી નીકળતી રકમ ઘણી વધારી છે, જેની તાકીદે મેળવણી કરી જરૂરી હવાલા-નોંધ આપી હિસાબો મેળવવા ઘટતું કરવું.

(ક) ઉપરોકત એડવાન્સીઝનાં ખાતાંઓ પૈકી રૂ. ૩,૩૨,૯૬૭ જેટલી રકમ વિવિધ ખાતે જમા પણ બોલે છે. જે કોઈ પણ સંજોગોમાં નામા પદ્ધતિના સિદ્ધાંતો સાથે કોઈ પણ રીતે સુસંગત નથી. આવી રકમોની મેળવણી તાકીદે કરવા અમારી ભલામણ છે. આવી જમા રકમો પૈકી કેટલીક મોટી રકમો નીચે મુજબની માલૂમ પડેલ છે :

૧. ઑબ્ઝર્વર્સ ચાલુ વર્ષના એડવાન્સ .. રૂ. ૧,૧૮,૧૨૫

૨. કૉલેજોની પરીક્ષા એડવાન્સ .. રૂ. ૯૪,૬૨૫

(ડ) યુનિવર્સિટીના ચોપડે આવા એડવાન્સીઝની રકમો નહિ મેળવવામાં આવતી હોવાથી વર્ષોવર્ષ વધતી જ ગયેલ છે. વારંવારનાં સૂચનો છતાં કાર્યાલય દ્વારા કોઈ નક્કી પગલાં ભરવામાં આવેલ નથી. માટે જ અમો અમારા આ હેવાલના મુદ્દા ૧ ઉપર આ સભાનું ધ્યાન દોરી તે અંગે યોગ્ય કાર્યવાહી કરવા કુલપતિશ્રીને ભલામણ કરવા વિનંતી કરીએ છીએ. આવા એડવાન્સીઝની રકમોની વિગત નીચે મુજબ હતી :

એડવાન્સની રકમ (રૂપિયા લાખમાં)

૧૯૮૮–૮૯...રૂ. ૬૦.૪૪ ૧૯૮૯–૯૦...રૂ. ૮૦.૪૪ ૧૯૯૦–૯૧...રૂ. ૧૧૬.૨૧

(ઢ) અમારા મત મુજબ વર્ષને અંતે જે તે વિદ્યાભવનો પાસેના બાકી એડવાન્સ અંગેના તેઓના કન્ફર્મેશન મેળવવાની પ્રથા અમલમાં મૂકવી.

(ણ) વિદ્યાભવનોના એડવાન્સ જોતાં અમોને લાગે છે કે જે તે ભવનના અગાઉના એડવાન્સ જે કાંઈ બાકી હોય તેના હિસાબ ન આવે ત્યાં સુધી નવા એડવાન્સ ન આપવામાં આવે. અને તે અંગે ભવનના વડાનું "નો ડયુ" સર્ટિફિકેટ મેળવ્યા બાદ એડવાન્સ આપવાની પ્રથા અમલમાં મૂકવી. જેથી કરી વધતા જતા એડવાન્સ ઉપર કંઈક અંકુશ જાળવી શકાય.

(ત) અમોને આપેલ ખુલાસા મુજબ ભવનો દ્વારા હિસાબો આવી ગયા હોવા છતાં કોઈ ઓડિટ-વાંધાને કારણે જમા ખર્ચી ન થતાં આવા હિસાબો પેન્ડિંગમાં રહેવા પામે છે અને ચોપડે બાકી એડવાન્સ બોલે છે. દા.ત. વાણિજ્ય વિદ્યાશાખાના હિસાબો ઘણા સમય પહેલાં મોકલી આપવા છતાંય ચોપડે લેણું દર્શાવવામાં આવે છે, જે વાજબી નથી. આથી અમારું સૂચન છે કે વાંધા-વાળી રકમોને બાજુએ અલગ ખાને રાખીને પણ બાકીના હિસાબોની જમા ખર્ચી કરવાની પ્રથા શકય હોય તો અમલમાં મૂકવા અમારું સૂચન છે. તેને પરિણામે પણ આવા એડવાન્સીઝની રકમો વધતી અટકાવી શકાશે.

(૭) ડિપોઝિટ અને બીજાં ખાતાંઓ : રૂ. ૯૨,૯૦,૬૧૭-૦૦

(અ) હેવાલના વર્ષ દરમિયાન અમોએ ડિપોઝિટ અને બીજાં ખાતાંઓ અંગેની ચકાસણી કરેલ છે, જેનું ટૂંકમાં વર્ગીકરણ નીચે મુજબ છે :

૧. ડિપોઝિટ્સ	રૂ. ૧૨,૪૯,૪૨૨
૨. નહિ ચૂકવાયેલ પરીક્ષા ફી	રૂ. ૨૪,૨૨,૬૩૫
૩. મલ્હોત્રા પગાર તફાવત	રૂ. ૭,૭૫,૪૫૫
૪. ટાઈમ બાર ચેક્સ	રૂ. ૨,૬૯,૬૭૦
૫. વિવિધ વિદ્યાશાખાઓની ડિપોઝિટો	રૂ. ૨૭,૪૯,૦૨૧
૬. યૂથ વેલ્ફેર ફેસ્ટિવલ ફી	રૂ. ૪,૯૦,૨૭૧
૭. ડી.પી.ઈ. સ્પોર્ટ્સ ફી	રૂ. ૭,૬૭,૧૨૨
૮. પાર્ટીઓનાં નહિ ચૂકવાયેલ બિલો	રૂ. ૧૦,૫૦,૮૬૧
	રૂ. ૯૭,૭૪,૪૫૭
બાદ : ડિપોઝિટ ખાતે ઉધાર બાકી	રૂ. ૪,૮૩,૮૪૦
	રૂ. ૯૨,૯૦,૬૧૭

(બ) ઉપરોકત ડિપોઝિટનાં ખાતાં ચેક તપાસતાં કેટલાંય ખાતાંઓ ઉધાર બાકી દર્શાવે છે આ પણ નામા પદ્ધતિના સિદ્ધાંતો સાથે સુસંગત નથી. આ અંગે યોગ્ય કરવું. કેટલીક મોટી રકમો નીચે દર્શાવેલ છે તે અંગે તાકીદે ખુલાસા કરવા :

૧. સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયામાં (એફ.ડી.)	રૂ.	૨,૫૬,૪૯૨
૨. લક્ષ્મી કન્સ્ટ્રકશન કંપની	રૂ.	૩૦,૦૦૦
૩. યુનિવર્સિટી કન્ઝયુમર્સ સ્ટોર્સ	રૂ.	(૪૪,૧૪૭)
૪. નવજીવન ટ્રસ્ટ	રૂ.	૫૦,૦૦૦
૫. એ.આઈ.યુ. કોન્ફરન્સ (તોવુંનું)	રૂ.	૪૮,૦૦૪

(ક) જે તે બાબતોનાં વિવિધ ડિપોઝિટનાં રજિસ્ટરો પણ વર્ષના અંતે મેળવવામાં આવતાં નથી. આ અંગે યોગ્ય કરવું.

(૮) રોકડ અને બૅન્ક સિલક :

(અ) અમારી તપાસ દરમિયાન જાણવા મળેલ છે કે યુનિવર્સિટીના હિસાબી કાર્યાલય દ્વારા દર મહિને બેંકો મેળવવામાં આવતી નથી. ચાલુ વર્ષના હિસાબો જોતાં અને અમોને આપેલ ખુલાસા મુજબ સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા, યુનિવર્સિટી શાખાના હિસાબો સપ્ટેમ્બર, ૧૯૯૧ સુધીના મેળવવામાં આવેલ છે. છેલ્લા કેટલાક મહિનાથી બેંક મેળવવાની બાકી છે, જે બરાબર નથી.

(બ) હેવાલવાળા વર્ષ દરમિયાન તા. ૩૧-૩-૧૯૯૧ના રોજ સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા, યુનિવર્સિટી શાખાનું મેળવવામાં આવેલ બેંકના મેળવણીપત્રકમાં દર્શાવેલ નીચેની બાબતો ઘણી જ ગંભીર ગણી શકાય. આ અંગે તાકીદે મેળવણી કરી લેવા અમારું સૂચન છે :

૧. લખેલા પણ રજૂ ન થયેલા ચેકો	રૂ.	૭૧,૭૨,૫૧૦--૨૪ પૈસા
૨. ભરેલા પણ જમા ન થયેલા ચેકો	રૂ.	૮૦,૦૧,૫૦૪--૪૪ પૈસા
૩. બેંકના સ્ટેટમેન્ટમાં ઓછી ઉધારેલ અથવા વધુ જમા કરેલ રકમો	રૂ.	૬,૫૩,૪૩૯-(૯૯) પૈસા
૪. બેંકના સ્ટેટમેન્ટમાં વધુ ઉધારેલ અથવા ઓછી જમા કરેલ રકમો.	રૂ.	૭૦,૧૨૬--૪૪ પૈસા

ઉપરોકત રકમો પૈકી ઘણી બધી રકમો ઘણાં વર્ષોથી બાકી તરીકે ઊભી જ છે, જે અંગેની આંજદિન સુધી કોઈ જ મેળવણી કરવામાં આવી નથી. તો આ અંગે તાકીદે યોગ્ય કરવું.

(ક) યુનિવર્સિટીના હિસાબો દર્શાવવામાં આવેલ છે. બેંકો પૈકી કેટલીક બેંકોના હિસાબો કયારેય મેળવવામાં આવ્યા જ નથી. તથા આ અંગેની નોંધ પણ આંતરિક ઑડિટરના રિપોર્ટના મુદ્દા ૧૦થી ૧૬માં કરવામાં આવેલ છે. આવી બેંકોની મેળવણી કરી લેવા અમારું સૂચન છે.

(ડ) યુનિવર્સિટીના દરેક બેંકના વર્ષ આખરના બેલેન્સ કન્ફર્મેશન જે તે વર્ષે બેંક પાસેથી મેળવી દફતરે રાખવા ઘટતું કરવું.

(૯) સસ્પેન્સ ખાતે જમા :

યુનિવર્સિટીના ચોપડે સસ્પેન્સ ખાતે જમા રહેતી રકમ રૂ. ૬,૪૩,૨૫ગ અંગેની વિગતવાર કોઈ મેળવણી કરવામાં આવેલ નથી. આવી મોટી રકમ સસ્પેન્સ ખાતે પડેલ છે, જેની મેળવણી કરી યોગ્ય જમા ખર્ચા કરી લેવા અમારી ભલામણ છે.

(૧૦) યુનિવર્સિટીના કર્મચારીઓનું પ્રોવિડન્ટ ફંડ :

(અ) યુનિવર્સિટીના અગાઉના હિસાબોની ચકાસણી કરતાં જાણવા મળેલ છે કે યુનિવર્સિટી કર્મચારીઓના પગારમાંથી કપાત થતી સી.પી.એફ.ની રકમ જેટલી જ યુનિવર્સિટી દ્વારા ભરવાની રકમ પૈકી છેલ્લાં બે વર્ષમાં નીચે મુજબનો તફાવત જોવા મળેલ છે. તો તે અંગે ખુલાસો કરવો અને આવી રકમ તાકીદે ભરાવી લેવા ઘટતું કરવું :

વર્ષ	કર્મચારીઓનો ફાળો રૂ. પૈસા	યુનિવર્સિટીએ ભરેલ રકમ રૂ.	તફાવત રૂ. પૈસા
૧૯૮૯—૯૦	૮,૪૯,૬૧૩--૧૯	૮,૪૨,૬૦૦	૭,૦૧૩--૧૯
૧૯૯૦--૯૧	૬,૦૦,૧૫૬--૨૭	૬,૦૦,૦૦૦	૧૫૬--૨૭

(બ) યુનિવર્સિટીના ૧૯૯૧--૯૨ના ચાલુ વર્ષના હિસાબો જોતાં માલૂમ પડેલ છે કે યુનિવર્સિટીના કર્મચારીઓના પગારમાંથી કપાત કરવામાં આવતી જી.પી.એફ.ની રકમ જૂન, ૧૯૯૧થી આજ–દિન સુધીની રકમ ટ્રેઝરીમાં જમા કરવામાં આવેલ નથી. પ્રો. ફંડની આવી પગારમાંથી કરેલ કપાત સમયસર જમા ન કરાવવી તે ઘણી જ ગંભીર બાબત છે. આવી ન જમા કરાવેલ રકમ રૂપિયા ૩૪,૯૯,૧૯૦--૧૯ પૈસા થવા જાય છે. આવી રકમ તાકીદે જમા કરાવી દેવા અમારું સૂચન છે.

(૧૧) એન્ડોવમેન્ટ ફંડ :

(અ) યુનિવર્સિટીને વિવિધ સખાવતો માટે મળેલ ફંડના હિસાબ અલગ અલગ રાખવા અમારું સૂચન છે.

(બ) આવાં ફંડોની ચકાસણી કરતાં જાણવા મળેલ છે કે ફંડ ખાતે જે રકમ જમા છે તે રકમનું પૂરેપૂરું રોકાણ થવા પામેલ નથી; તેમાં તફાવત માલૂમ પડેલ છે. આવા તફાવત અંગે યોગ્ય ખુલાસો કરવો.

આ ફંડ ખાતે નીચે દર્શાવેલ કેટલીક બાકીઓ ઘણા લાંબા સમયથી બાકી નીકળે છે તે અંગે

(ક) યોગ્ય ખુલાસા કરી જમા ખર્ચ કરી મેળવણી કરી લેવા ઘટતું કરવું :

૧. ૩ ટકા કન્વ. ૧૯૪૬ ... રૂ. ૪,૯૦,૪૫૫--૧૭ પૈસા

૨. ૫½ ટકા લોણી જી.એસ.ડી. લોન ૧૯૮૪ ... રૂ. ૪,૮૧,૯૫૫--૧૭ પૈસા

(ડ) એન્ડોવમેન્ટ ફંડ ખાતે રૂ. ૧૩,૧૯૦--૨૦ પૈસા : આવકવેરાની રકમ લેણી દર્શાવવામાં આવેલ છે તે અંગે કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. આ રકમ પરત મેળવવાપાત્ર હોય તો જરૂરી કાર્યવાહી કરી પરત મેળવવી.

(૧૨) વિવિધ સ્ટૉક અંગે :

યુનિવર્સિટીના હિસાબોમાં સિમેન્ટ, લોખંડ તથા પેપર્સના સ્ટોક વર્ષના અંતે રહેવા પામે છે. આ અંગે આંતરિક ઑડિટર્સના રિપોર્ટમાં ઘણી જ ગંભીર નોંધો કરવામાં આવેલ છે. આ અંગે અમો પણ નીચે મુજબ રિપોર્ટ કરીએ છીએ :

(અ) પેપર્સ સ્ટૉક : યુનિવર્સિટી પ્રેસ દ્વારા રાખવામાં આવતા પેપર્સના સ્ટોક રજિસ્ટર માગવા છતાં રજૂ કરવામાં આવતા નથી. વર્ષને અંતે બાકી રહેતા સ્ટોકની પણ કોઈ ચકાસણી કરવામાં આવતી નથી. અને આ અંગેનું સર્ટિફિકેટ પણ અનેકવાર માગવા છતાં રજૂ કરેલ નથી. આવા અસહકાર માટે અમો ઘણી જ ગંભીર નોંધ લઈએ છીએ. આ અંગે યોગ્ય કરવા અમારી ભલામણ છે.

(બ) સિમેન્ટનો સ્ટૉક : સિમેન્ટના સ્ટોક અંગેનું કોઈ જ પત્રક રાખવામાં આવેલ જણાતું નથી. હિસાબોમાં સિમેન્ટનો સ્ટોક છેલ્લાં કેટલાંય વર્ષોથી જમા બાકી નીકળે છે, એ પણ વાજબી નથી. આવી રકમ અંગે યોગ્ય હવાલા નોંધ કરી લેવી.

(ક) લોખંડનો સ્ટૉક : યુનિવર્સિટીના ચોપડે લોખંડના સ્ટોક છેલ્લાં કેટલાંય વર્ષોથી એક જ રકમ વડે દર્શાવવામાં આવેલ છે. આ કઈ રીતે શકય બને? યુનિવર્સિટી દ્વારા હાથ ધરવામાં આવતાં વિવિધ કામો માટે લોખંડના વપરાશ હોવા છતાં કોઈ જ આવક જણાતી નથી. અથવા તો તમામ ખરીદી વપરાશ તરીકે દર્શાવવાની પ્રથા અમલમાં છે, તે વાજબી નથી. આ અંગેના રેકોર્ડ પણ વ્યવસ્થિત રાખવામાં આવે અને તેની ચોકસાઈ સમયાંતર કરવાની પ્રથા અમલમાં મૂકવા અમારી ભલામણ છે.

(૧૩) યુનિવર્સિટીની અસ્કયામતો :

અમોને આપવામાં આવેલ ખુલાસા મુજબ યુનિવર્સિટીની વિવિધ મિલકતોના સને ૧૯૮૨–૮૩નાં વર્ષમાં જે રકમોનો વીમો ઉતારવામાં આવતો હતો તે જ રકમો વડે આજે પણ ૧૯૯૧–૯૨ના વર્ષમાં વીમો ઉતારવામાં આવે છે, જે વાજબી નથી. વિવિધ મિલકતોની આજની કિંમતો ધ્યાનમાં લઈ વીમા પૉલિસી લેવાની પ્રથા અમલમાં મૂકવા અમારું સૂચન છે.

(૧૪) પરીક્ષકોનાં બાકી મહેનતાણાં :

યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી વિવિધ પરીક્ષાઓના પરીક્ષણ કાર્યનાં મહેનતાણાંની રકમ ઑક્ટોબર, ૧૯૯૦ની પરીક્ષાઓથી બાકી છે જે સમયસર ચૂકવવામાં આવતી નથી, તે વાજબી નથી. આવી બાકી રકમની ચુકવણી શકય તેટલી વહેલી કરવા અમારી ભલામણ છે.

અમો આ તબક્કે અમારી કામગીરીમાં તમામ સહકાર આપવા બદલ યુનિવર્સિટી કાર્યાલયના સ્ટાફનો આભાર માનીએ છીએ.

(૧) પ્રિ. જી. એસ. શાહ,
(૨) પ્રો. ડી. એન. ત્રિવેદી,
(૩) પ્રો. પી. એમ. શાહ.

પરિશિષ્ટ " ૩ "

કામકાજ ક્રમાંક ૬

બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સભ્યોએ વર્ષ દરમિયાન યુનિવર્સિટીના હિસાબોની ચકાસણી કરી હતી, અને ૧૯૮૯–૯૦ના વર્ષના હિસાબો અંગેનો હેવાલ તૈયાર કરવા માટે એક સભા યુનિવર્સિટીના કાર્યાલયમાં તારીખ ૨–૩–૧૯૯૧ના રોજ મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર રહ્યા હતા :

ક્રમ	સભ્યનું નામ	તા. ૨–૩–૧૯૯૧
૧.	પ્રિ. જી. એસ. શાહ	હાજર
૨.	શ્રી. ડી. એન. ત્રિવેદી	હાજર
૩.	,, પી. એમ. શાહ	હાજર.

સભાનું પ્રમુખસ્થાન પ્રિ. જી. એસ. શાહે સંભાળ્યું હતું. આગામી યુનિવર્સિટીની કોર્ટ મીટિંગમાં રજૂ કરવાનો હેવાલ નીચે મુજબ આપવામાં આવેલ છે :

૧. આંતરિક ઑડિટ :

(અ) યુનિવર્સિટીના આંતરિક ઑડિટર્સ મે. લાખિયા ઍન્ડ કંપની, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ તરફથી હેવાલવાળા વર્ષ ૧૯૮૯–૯૦નો તેમનો કોઈ હેવાલ આજદિન સુધી યુનિવર્સિટી કાર્યાલયને મળેલ નથી. પરિણામે અમો તે તપાસી શકયા નથી. સદર હેવાલ મળ્યેથી હવે પછીની બોર્ડ ઑફ એકાઉન્ટ્સની સભામાં રજૂ કરવો.

(બ) ચાલુ હિસાબી વર્ષ ૧૯૯૦–૯૧ના હિસાબો પણ નિયમિત રોજેરોજ લખાવવા જોઈએ અને તેનું આંતરિક ઑડિટ સમયાંતરે થાય તેવી વ્યવસ્થા ગોઠવવા અમારી ભલામણ છે, જેથી કરી આંતરિક ઑડિટર્સશ્રીનો હેવાલ સમયસર મળી શકે.

૨. સરકારી ઑડિટ હેવાલ :

(અ) ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ-૪૯(૨)માં સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં સિન્ડિકેટ દ્વારા છેલ્લાં ચાર વર્ષોના ઑડિટ થયેલ હિસાબો તથા તેના હેવાલ, જેની વિગત નીચે જણાવેલ છે તે, યુનિવર્સિટી કોર્ટની મીટિંગમાં રજૂ કરવામાં આવેલ નથી, તથા તે અંગેનો કોઈ જ દુરસ્ત રિપોર્ટ જે તે સત્તાવાળાઓને મોકલવામાં આવ્યો નથી યુનિવર્સિટીના

હિસાબો અંગે સરકારી ઑડિટ હેવાલની આવી ઉપેક્ષા અતિ ગંભીર બાબત ગણી શકાય. આવા કોર્ટ સમક્ષ રજૂ નહિ કરેલા હેવાલો હવે પછીની કોર્ટની મીટિંગમાં રજૂ કરવા ભલામણ છે :

હિસાબી વર્ષ	હેવાલ મળ્યાની તારીખ
૧૯૮૩—૮૪	સપ્ટેમ્બર, ૧૯૮૬
૧૯૮૪—૮૫	એપ્રિલ, ૧૯૮૮
૧૯૮૫—૮૬	તા. ૩૧--૧૨--૧૯૮૯
૧૯૮૬—૮૭	તા. ૧૪--૯--૧૯૯૦

(બ) યુનિવર્સિટીના હિસાબો અંગે સરકારી ઑડિટરશ્રીના હેવાલ મળ્યા બાદ સિન્ડિકેટની મીટિંગમાં રજૂ કરવાની પ્રથા અમલમાં મૂકવા અમારી ભલામણ છે અને આ હેવાલમાં દર્શાવેલ ખામીઓનો દુરસ્તી રિપોર્ટ તૈયાર કરી સમયમર્યાદામાં જે તે સત્તાવાળાઓ સમક્ષ રજૂ કરવા ઘટતું કરવા ભલામણ છે.

(ક) ૧૯૮૬—૮૭ના સરકારી ઑડિટ હેવાલમાં જણાવ્યા મુજબ ૧૯૬૮થી આજદિન સુધી ઉપસ્થિત કરવામાં આવેલ ૪૧૩ મુદ્દાઓ પૈકી એક પણ મુદ્દાની દુરસ્તી કરવામાં આવેલ નથી અથવા કોઈ પગલાં ભરવામાં આવ્યાં નથી. આવા હેવાલનો દુરસ્તી રિપોર્ટ તૈયાર કરવા ઘટતી કાર્યવાહી કરવી.

૩. અંદાજપત્ર :

(અ) ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ-૪૯(૩) અને (૪) મુજબ સિન્ડિકેટે અંદાજ-પત્ર તૈયાર કરી કોર્ટની મીટિંગમાં વિચારણા માટે મૂકવાનું હોય છે અને ત્યાર બાદ કોર્ટની મીટિંગમાં આ અંગે કલમ ૧૮(૮) મુજબ મળેલ સત્તા મુજબ જરૂરી ઠરાવો થયા હોય તો તે સાથે ફરી સિન્ડિકેટની મીટિંગમાં રજૂ કર્યા બાદ જ તેને મંજૂર કરવાની પ્રથા અપનાવવી જોઈએ. યુનિવર્સિટીની કોર્ટની મીટિંગ જ વર્ષના છેલ્લા દિવસે મળતી હોઈ આવી કોઈ જ પદ્ધતિ અપનાવવામાં આવતી નથી. આ અંગે હવે પછી અંદાજપત્ર માટે યોગ્ય કાર્યવાહી કરવા અમારી ભલામણ છે.

(બ) યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવતા અંદાજપત્રમાં તા. ૩૦—૯--૧૯૯૧ સુધીના સમય દરમિયાન મળેલ તથા વાપરવામાં આવેલ ગ્રાન્ટની કોઈ જ વિગતો દર્શાવવામાં આવતી નથી જે વાજબી નથી. આ અંગે જરૂરી વિગતો આપવા ઘટતું કરવું.

(ક) યુનિવર્સિટી સિન્ડિકેટ દ્વારા તૈયાર કરવામાં આવતા અંદાજપત્ર અને છેવટની વાસ્તવિક સ્થિતિ વચ્ચે ઘણો મોટો તફાવત જોવા મળે છે. આથી અંદાજપત્ર ચોકસાઈપૂર્વક બનાવવા પ્રયત્નો થવા જોઈએ એમ અમો માનીએ છીએ. દા.ત. ૧૯૮૯—૯૦ના વર્ષનું બનાવેલ અંદાજપત્ર સામે વાસ્તવિક આવક-ખર્ચ નીચે મુજબ રહેવા પામેલ છે :

વિગત	અંદાજપત્ર (રૂ. લાખમાં)	વાસ્તવિક (રૂ. લાખમાં)	તફાવત (રૂ. લાખમાં)
આવક	૭૭૭	૬૮૨	૯૫
ખર્ચા	૭૧૨	૬૧૫	૯૭

૪. ગ્રાન્ટ્સ :

અમારી તપાસ દરમિયાન જાણવા મળેલ છે કે યુનિવર્સિટીના અંદાજપત્રની ૭૫ ટકાથી ૮૦ ટકા રકમ જે માત્ર વિવિધ ગ્રાન્ટ સ્વરૂપે જ મળે છે તે અંગે કોઈ જ વ્યવસ્થિત સ્ટાફ નથી. માત્ર એક જ હંગામી કર્મચારી દ્વારા જ કાર્યવાહી કરવામાં આવે છે. અમારા મત મુજબ આવી વિવિધ ગ્રાન્ટનો મહત્તમ ઉપયોગ તથા હિસાબી પદ્ધતિ માટે કુશળ અને વિષયના જાણકાર સ્ટાફની જરૂરિયાત અંગે ભલામણ કરીએ છીએ.

૫. હિસાબી મુદ્દાઓ :

(૧) પેટીકેશ :

હિસાબી વર્ષ દરમિયાન અમોએ વિવિધ વિદ્યાશાખાઓની મુલાકાત લઈ પેટીકેશ વગેરેની ચકાસણી કરેલ છે, અને તે બરાબર માલૂમ પડેલ છે.

(૨) ઍડવાન્સીઝ તથા અન્ય ખાતાં : ઉધાર રૂ. ૮૦,૪૪,૦૨૮

યુનિવર્સિટીના હિસાબોમાં દર્શાવ્યા મુજબ તા. ૩૧--૩--૧૯૯૦ના રોજ રૂપિયા ૮૦,૪૪,૦૨૮ ઍડવાન્સ તરીકે ઊભા છે. આવા ઍડવાન્સના હિસાબોની ચકાસણી કરતાં નીચે મુજબ મુદ્દા પરત્વે આ સભાનું ધ્યાન દોરીએ છીએ :

(અ) યુનિવર્સિટી દ્વારા આપવામાં આવતા વિવિધ ઍડવાન્સની રકમો જે તે પાર્ટીઓના કન્ફર્મેશનને આધીન છે. આવા કન્ફર્મેશન વર્ષના અંતે જે બાકી હોય તે માટે લેવા અમારી ભલામણ છે.

(બ) ઍડવાન્સ તરીકે ખેંચવામાં આવતી રકમોની નિશ્ચિત સમયાંતરે મેળવણી કરી જરૂરી હવાલા નોંધ પસાર કરવી જોઈએ. મોટા ઍડવાન્સ પૈકી રજૂ કરેલ હિસાબોમાં કોઈ નાની રકમ અંગે વિવાદ હોય તો તે અલગ ખાતે લઈ જઈને પણ ઍડવાન્સના હિસાબો ચૂકતે કરવાની પ્રથા અમલમાં મૂકવા અમારી ભલામણ છે.

(ક) ઍડવાન્સીઝનાં ખાતાંઓ પૈકી કેટલાક ઍડવાન્સીઝ જે નીચે દર્શાવેલ છે તેમાં અલગ વ્યકિતગત ખાતાવહીઓ હોવા છતાં વ્યકિતગત બાકીઓની સામાન્ય ખાતાવહીની બાકી સાથે મેળવણી કરવાની પ્રથા અમલમાં નથી જેથી કરી તેની મેળવણી શકય થઈ શકતી નથી. આ અંગે વ્યકિતગત બાકીઓ મેળવવા અમારું સૂચન છે :

ક્રમ	ઍડવાન્સની વિગત	તા. ૩૧--૩--૧૯૯૦ની બાકી
૧.	કૉલેજ પરીક્ષા ઍડવાન્સ	રૂ. ૨,૭૫,૮૬૬--૬૩ પૈસા
૨.	અન્ય બાકી ઍડવાન્સ	રૂ. ૨,૪૩,૯૭૬--૭૯ પૈસા
૩.	એન.એસ.એસ. કૉલેજ ઍડવાન્સ	રૂ. ૧,૭૮,૪૪૬--૨૯ પૈસા
૪.	યુનિવર્સિટી સ્ટાફ ઍડવાન્સ	રૂ. ૬૪,૬૨૭--૧૬ પૈસા
૫.	જનરલ ઍકાઉન્ટ ઍડવાન્સ	રૂ. ૪,૦૦,૭૬૮--૮૦ પૈસા
૬.	પી. જી. સેન્ટર ઍડવાન્સ	રૂ. ૮૪,૦૯૯--૮૧ પૈસા
૭.	ઈ.એમ.આર.સી. ઍડવાન્સ	રૂ. ૧૩,૯૧,૩૫૭--૭૨ પૈસા

(૩) સસ્પેન્સ ખાતે જમા રૂ. ૫,૪૦,૮૭૨ :

યુનિવર્સિટીના હિસાબોમાં તા. ૩૧--૩--૧૯૯૦ના રોજ સસ્પેન્સ ખાતે પડેલી રકમ રૂ. ૫,૪૦,૮૭૨ પૈકી કેટલીક રકમો ઘણાં વર્ષોથી આગળ ખેંચાય છે, જેની કોઈ જ મેળવણી કરવામાં આવતી નથી. આ અંગે યોગ્ય કાર્યવાહી કરવા અમારી ભલામણ છે.

(૪) ડિપોઝિટ અને અન્ય ખાતે જમા રૂ. ૭૪,૮૭,૧૭૦ :

યુનિવર્સિટીના હિસાબોમાં તા. ૩૧--૩--૧૯૯૦ના રોજ ડિપોઝિટ તથા અન્ય ખાતે રૂ. ૭૪,૮૭,૧૭૦ જમા ખેંચાય છે, જે પૈકી ઘણી મોટી રકમ નાની નાની ડિપોઝિટના સ્વરૂપે છે. દા.ત. રૂ. ૧૦ કે ૨૦ આવી નાની રકમો અંગેની નિશ્ચિત સમયમર્યાદા બાંધી આ અંગે યોગ્ય હવાલા નોંધ કરી લેવા સારુ અમારું સૂચન છે. આવી જનરલ ફંડ ડિપોઝિટની જ રકમ રૂ. ૭,૦૯,૦૯૬ થવા જાય છે. આ ઉપરાંત ટાઈમ બાર-એક્સની રકમ રૂ. ૪,૦૪,૪૦૧ અંગેની યોગ્ય હવાલા--નોંધ કરી લેવા ઘટતું કરવું.

(૫) યુનિવર્સિટીનાં ફંડો તથા તેનાં રોકાણો :

યુનિવર્સિટીનાં ખાસ ફંડોનું રોકાણ પણ પૂરેપૂરી નિશ્ચિત જામીનગીરીઓમાં થવું જોઈએ, પરંતુ આવાં રોકાણો કરવામાં આવેલ નથી. આ અંગે સરકારી ઑડિટરના અગાઉના હેવાલોમાં વારંવાર ધ્યાન દોરવામાં આવેલ છે. પરંતુ આ અંગે કોઈ જ પગલાં લેવામાં આવ્યાં નથી તે અમારી દૃષ્ટિએ વાજબી નથી.

(૬) સિમેન્ટ ખાતે જમા :

(૧) યુનિવર્સિટીના ચોપડે પેપર, સ્ટીલ તથા સિમેન્ટનો જે સ્ટોક દર્શાવવામાં આવે છે તે માત્ર ચોપડા ઉપર જે બાકી હોય તે જ બાકી વડે દર્શાવાય છે. જે તે સ્ટોક પત્રકો તથા જેની મેળવણી વર્ષ પૂરું થવા છતાં કરવાની કોઈ જ પ્રથા અમલમાં નથી અને તેને કારણે જ સિમેન્ટના સ્ટોકને બદલે તે ખાતે જમા બાકી દર્શાવવામાં આવે છે, જે બિલકુલ વાજબી નથી. આ અંગે યોગ્ય કરવા અમારું સૂચન છે.

(૨) યુનિવર્સિટીના પ્રેસ પાસેના પેપર સ્ટોક પૈકી બહારની પાર્ટીઓ પાસે બાકી રહેતા પેપરના સ્ટોકની નિયમિત અને વ્યવસ્થિત નોંધ કરેલ જણાતી નથી તથા વર્ષ આખરના આવા સ્ટોકના કોઈ જ પાર્ટીઓના કન્ફર્મેશન પણ લેવામાં આવતા નથી. કન્ફર્મેશનની પ્રથા અમલમાં મૂકવા અમારી ભલામણ છે.

(૩) જે તે વિભાગ દ્વારા ખરીદવામાં આવતા પેપર, સ્ટીલ તથા સિમેન્ટનાં બિલોની હવાલાનોંધ પણ સમયસર થતી નથી. આ અંગે યોગ્ય કરવું.

(૭) પરીક્ષકોના મહેનતાણા તથા અન્ય ખર્ચ :

યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી વિવિધ પરીક્ષાઓના પરીક્ષણ કાર્યનાં મહેનતાણાં સમયસર ચૂકવવામાં આવતાં નથી જે વાજબી નથી. આવી બાકી રકમની ચુકવણી શકય તેટલી વહેલી કરવા અમારી ભલામણ છે.

અમો આ તબક્કે અમારી કામગીરીમાં સહકાર આપવા બદલ તમામ સ્ટાફના સભ્યોનો આભાર માનીએ છીએ.

પ્રિ. જી. એસ. શાહ
શ્રી. ડી. એન. ત્રિવેદી
શ્રી. પી. એમ. શાહ.

પરિશિષ્ટ "૪"

શ્રી. અરવિંદ શાહના પ્રશ્ન ક્રમાંક ૮૦ અંગેની માહિતી

યુનિવર્સિટીના જે કર્મચારીઓને વાહનભથ્થું પ્રતિમાસ આપવામાં આવે છે તેની યાદી :

ક્રમાંક	જે કર્મચારીઓને વાહનભથ્થું આપવામાં આવે છે તેઓનું નામ	હોદ્દો	વિભાગ	વાહનભથ્થાની પ્રતિમાસની ઉચ્ચક રકમ રૂપિયા
૧.	શ્રી. ડી. બી. સુતરિયા	ડેપ્યુ. એન્જિનિયર (સિવિલ)	એસ્ટેટ	૧૫૦
૨.	શ્રી. જે. સી. પટેલ	ડેપ્યુ. એન્જિનિયર (ઇલેક્ટ્રિકલ)	એસ્ટેટ	૧૫૦
૩.	શ્રી. એલ. એ. ઠક્કર	ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન	ડી.પી.ઈ.	૧૫૦
૪.	શ્રી. કે. એચ. દવે	ડાયરેક્ટર ઑફ યુથ વેલ્ફેર	યુવક કલ્યાણ	૧૫૦
૫.	પ્રો. એ. આર. શાહ	ચીફ વોર્ડન	યુનિ. બોયઝ ઍન્ડ લેડીઝ હોસ્ટેલ	૧૫૦
૬.	શ્રી. આર. પી. સોની	ડાયરેક્ટર ઑફ રેલવાલા કોમ્પ્યુટર સેન્ટર	રેલવાલા કોમ્પ્યુટર સેન્ટર	૧૫૦
૭.	ડૉ. એમ. પી. ભટ્ટ	તબીબી નિવાસી અધિકારી	યુનિ. આરોગ્યકેન્દ્ર	૧૫૦
૮.	ડૉ. (મિસિસ) એસ. એચ. દેસાઈ	લેડી મેડિકલ ઑફિસર	યુનિ. આરોગ્યકેન્દ્ર	૧૫૦
૯.	શ્રી. જે. એમ. પુરોહિત	પ્રેસ મેનેજર	યુનિ. પ્રેસ	૧૫૦

પરિશિષ્ટ "૫"

[૧] શ્રી. અરવિંદ શાહના પ્રશ્ન ક્રમાંક ૮૫-૮૬ અંગેની માહિતી :

NOTIFICATION
GOVERNMENT OF GUJARAT
EDUCATION DEPARTMENT
SACHIVALAYA, GANDHINAGAR
Date the 2nd September, 1989.

GH—SH—29 USG-1082-4015-88-KH

The salaries of the Vice-Chancellors and Pro-Vice-Chancellors have been revised from Rs. 2500/- to Rs. 7600/- and Rs. 2250/- to Rs. 7300/- vide Govt. Resol. NO. MIS-1187-55843-KH, dated 14-9-1988 with effect from dt. 1-1-86. Conditions No. 1(*a*) in Govt. Notification Education deptt. NO. GH-SH-29-USG-1082-8363-KH, and Notification NO. GH-SH-30-USG-1082-8363-KH dated 7-6-82 and therefore be revised and read as under :

"1 (*a*) with effect from 1—1—1986 the salary of the Vice-Chancellor shall be Rs. 7600/- plus D.A. and other allowances as admissible to university employees p.m. He shall be provided with a furnished residance suitable to his status free of rent and taxes. He shall be provided with telephone facilities and with a car by the university, the expenditure on account of a driver maintenance and repairs of the car (including servicing) petrol and oil expenses being borne by the University."

"1 (*a*) with effect from 1-1-86, the salary of Pro-Vice-Chancellor shall be Rs. 7300/- P.M. plus D.A. and other allowances as admissible to university employees. He shall be provided with a furnished residence suitable to his status free of rent and taxes. He shall be provided with telephone facilities."

By order and in the name of the Governor of Gujarat.

M. G. SHAH
Under Secretary to the Govt.
Education deptt.

પરિશિષ્ટ "૬"

[૨] પ્રો. તુષાર પંડયાના પ્રશ્ન ક્રમાંક ૧૫૪ અંગેની માહિતી

પ્રો. કે. એસ. શાસ્ત્રી અને આચાર્યશ્રી એન. આર. શાહ અનુક્રમે વિનયન અને વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી તરીકે હોદ્દાની રૂએ તથા આચાર્યશ્રી. ડી. એમ. શીખ ચેરમેનશ્રીના હોદ્દાની રૂએ સભ્ય થતા હોય તે સિવાય જ્યાં કુલપતિશ્રીએ આ સભ્યોની જે સમિતિ પર નિયુક્તિ કરી છે તેની માહિતી નીચે પ્રમાણે છે :

૧. શ્રી. કે. એસ. શાસ્ત્રી

(૧) ઓબ્ઝર્વર સમિતિ
(૨) નવી કોલેજ શરૂ કરવા માટે જરૂરિયાત (need) નક્કી કરવા અંગેની સમિતિ
(૩) યુ.જી.સી. ઇન્ટર-ડિસિપ્લિનરી ઍક્ટિવિટીઝ અને આદાનપ્રદાન યોજના અંગેની સમિતિ
(૪) યુ.પી.એસ.સી અને જી.સી.એસ.સી. પરીક્ષામાં ન હોય તેવા વિષયો અંગેની સમિતિ
(૫) વૈદિક ચેર
(૬) એમ.ફિલ.ના પ્રવેશ અંગેની સમિતિ
(૭) લાઇબ્રેરી સાયન્સની ઍડહોક સમિતિ
(૮) યુનિવર્સિટી કર્મચારીઓ માટેની સ્થાયી સમિતિ
(૯) એમ.ડી.સી.ની ઍડહોક સમિતિ.

૨. આચાર્યશ્રી એન. આર. શાહ

(૧) ઓબ્ઝર્વર સમિતિ
(૨) નવી કોલેજ શરૂ કરવા માટે જરૂરિયાત (need) નક્કી કરવા અંગેની સમિતિ
(૩) યુ. જી. સી. ઇન્ટર-ડિસિપ્લિનરી ઍક્ટિવિટીઝ અને આદાનપ્રદાન યોજના સમિતિ
(૪) યુ.પી.એસ.સી. અને જી.પી.એસ.સી. પરીક્ષામાં ન હોય તેવા વિષયો અંગેની સમિતિ
(૫) યુવક મહોત્સવ સંચાલન સમિતિ.

૩. આચાર્યશ્રી ડી. એમ. શીખ

(૧) ઓબ્ઝર્વર સમિતિ
(૨) નવી કોલેજ શરૂ કરવા માટે જરૂરિયાત (need) નક્કી કરવા અંગેની સમિતિ
(૩) કો-ઑપરેશનની ઍડહોક સમિતિ
(૪) યુનિવર્સિટી કર્મચારીઓ માટેની સ્થાયી સમિતિ
(૫) ફાઇનાન્સ સમિતિ
(૬) બોર્ડ ફોર સ્ટુડન્ટ્સ વેલ્ફેર.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ—૩૮૦૦૦૯.

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની કોર્ટની વાર્ષિક સભા મંગળવાર, તા. ૩૦-૩-૧૯૯૩ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે યુનિવર્સિટી કોર્ટ-ખંડમાં મળી હતી અને બુધવાર, તા. ૩૧-૩-૧૯૯૩ના રોજ તે જ સ્થળે અને સમયે ચાલુ રહી હતી. બન્ને દિવસોએ અધ્યક્ષસ્થાન કુલપતિશ્રી ડૉ. મહેન્દ્રભાઈ નાનુભાઈ દેસાઈએ સંભાળ્યું હતું. આ બન્ને દિવસોએ સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩૦-૩-૧૯૯૩	તા. ૩૧-૩-૧૯૯૩
૧.	ડૉ. સરૂપસિંહ (કુલાધિપતિ)	ગેરહાજર	ગેરહાજર
૨.	ડૉ. એમ. એન. દેસાઈ (કુલપતિ)	હાજર	હાજર
૩.	પ્રો. એન. બી. વસાણી (ઉપકુલપતિ)	ગેરહાજર	ગેરહાજર
૪.	ડૉ. પી. સી. વૈદ્ય (ભૂતપૂર્વ કુલપતિ)	ગેરહાજર	ગેરહાજર
૫.	પ્રો. કે. એસ. શાસ્ત્રી (ભૂતપૂર્વ કુલપતિ)	હાજર	હાજર
૬.	શ્રી એમ. એસ. શાહ (કાર્યકારી કુલસચિવ)	હાજર	હાજર
૭.	શ્રી કૌટિલ્ય શુક્લ (કાર્યકારી ગ્રંથપાલ)	હાજર	હાજર
૮.	ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર	ગેરહાજર
૯.	નિયામકશ્રી, ટેકનિકલ એજ્યુકેશન	ગેરહાજર	ગેરહાજર
૧૦.	ડાયરેકટર ઑફ હેલ્થ, મેડિકલ સર્વિસીઝ એન્ડ મેડિકલ એજ્યુકેશન	ગેરહાજર	ગેરહાજર
૧૧.	નિયામકશ્રી, રોજગાર અને તાલીમ	ગેરહાજર	ગેરહાજર
૧૨.	નિયામકશ્રી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર	ગેરહાજર	ગેરહાજર
૧૩.	અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ	ગેરહાજર	ગેરહાજર
૧૪.	શ્રી ભરતભાઈ બારોટ	ગેરહાજર	ગેરહાજર
૧૫.	શ્રી પોપટલાલ પી. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૧૬.	શ્રી હરેન વી. પંડ્યા	હાજર	હાજર
૧૭.	શ્રી ઠાકોરભાઈ પી. અમીન	ગેરહાજર	ગેરહાજર
૧૮.	શ્રી અરવિંદ શાહ	હાજર	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩૦–૩–૧૯૯૩	તા. ૩૧–૩–૧૯૯૩
૧૯.	શ્રી બી. આર. પટેલ	હાજર	હાજર
૨૦.	શ્રી જે. એચ. રાઠોડ	હાજર	હાજર
૨૧.	શ્રી એચ. એસ. પઠાણ	ગેરહાજર	ગેરહાજર
૨૨.	શ્રી એમ. આર. શાસ્ત્રી	ગેરહાજર	ગેરહાજર
૨૩.	શ્રી ડી. બી. લાખિયા	હાજર	ગેરહાજર
૨૪.	શ્રી એસ. એન. પટેલ	હાજર	હાજર
૨૫.	ડૉ. નીતિન એસ. વોરા	હાજર	હાજર
૨૬.	શ્રી બી. એસ. પટેલ	ગેરહાજર	હાજર
૨૭.	શ્રી નરહરિ એચ. અમીન	ગેરહાજર	ગેરહાજર
૨૮.	શ્રી કે. આર. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૨૯.	શ્રી એ. એસ. શાહ	ગેરહાજર	ગેરહાજર
૩૦.	શ્રી યુ. એસ. પંડિત	ગેરહાજર	ગેરહાજર
૩૧.	ડૉ. એમ. બી. દેસાઈ	હાજર	હાજર
૩૨.	શ્રી વી. પી. કામદાર	હાજર	હાજર
૩૩.	શ્રી એમ. સી. શાહ	ગેરહાજર	ગેરહાજર
૩૪.	શ્રી બી. કે. શાહ	ગેરહાજર	ગેરહાજર
૩૫.	શ્રી વી. જી. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૩૬.	શ્રી સી. કે. ઠાકર	હાજર	હાજર
૩૭.	શ્રી એ. આર. શુકલ	હાજર	હાજર
૩૮.	શ્રી એ. આર. શાહ	હાજર	હાજર
૩૯.	શ્રી એસ. આઈ. પટેલ	હાજર	હાજર
૪૦.	શ્રી એ. એમ. પટેલ	હાજર	ગેરહાજર
૪૧.	શ્રી એસ. સી. કાનાવાલા	હાજર	હાજર
૪૨.	શ્રી જે. જે. ગોઠી	હાજર	હાજર
૪૩.	શ્રી ટી. આઈ. દવે	હાજર	હાજર
૪૪.	શ્રીમતી ડી. જી. નાયક	હાજર	હાજર
૪૫.	શ્રીમતી આર. એ. દેસાઈ	હાજર	હાજર
૪૬.	શ્રી આર. જે. દવે	હાજર	હાજર
૪૭.	શ્રી એમ. સી. બુટાલા	હાજર	હાજર
૪૮.	શ્રી એલ. એમ. પટેલ	હાજર	હાજર
૪૯.	શ્રી આર. એમ. ભાવસાર	ગેરહાજર	ગેરહાજર
૫૦.	ડૉ. એસ. જી. દેસાઈ	હાજર	હાજર
૫૧.	શ્રી. બી. વી. પરીખ	હાજર	ગેરહાજર
૫૨.	શ્રી. એ. એ. અહલુવાલિયા	હાજર	હાજર
૫૩.	શ્રી. ટી. સી. પંડ્યા	ગેરહાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩૦-૩-૧૯૯૩	તા. ૩૧-૩-૧૯૯૩
૫૪.	શ્રી. એમ. એન. પટેલ	હાજર	હાજર
૫૫.	શ્રી. જી. આર. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૫૬.	શ્રી. એલ. એમ. મહેતા	ગેરહાજર	ગેરહાજર
૫૭.	શ્રી. સી. વી. દુધિયા	હાજર	ગેરહાજર
૫૮.	શ્રી. એમ. બી. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૫૯.	શ્રી. એસ. એલ. જોશી	હાજર	ગેરહાજર
૬૦.	ડૉ. આર. કે. પટેલ	ગેરહાજર	હાજર
૬૧.	શ્રી. પી એમ. શાહ	હાજર	હાજર
૬૨.	શ્રી. ડી. બી. સોલંકી	હાજર	હાજર
૬૩.	શ્રી. ડી. એન. ત્રિવેદી	ગેરહાજર	ગેરહાજર
૬૪.	શ્રી. એમ. ટી. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૬૫.	શ્રી. કે. એસ. ગાંધી	હાજર	હાજર
૬૬.	શ્રી. જે. એચ. ઠક્કર	હાજર	હાજર
૬૭.	શ્રી. ડી. એ. પટેલ	હાજર	હાજર
૬૮.	શ્રી. કે. જે. પટેલ	હાજર	હાજર
૬૯.	શ્રી. આર. વી. ભટ્ટ	ગેરહાજર	ગેરહાજર
૭૦.	ડૉ. ડી. એમ. શિશુ	ગેરહાજર	ગેરહાજર
૭૧.	પ્રિ. આર. આર. ભટ્ટ	હાજર	ગેરહાજર
૭૨.	પ્રિ. કે. ડી. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૭૩.	પ્રિ. બી. એન. ગાંધી	હાજર	હાજર
૭૪.	પ્રિ. એ. એફ. દાવર	હાજર	હાજર
૭૫.	પ્રિ. એચ. પી. પંડ્યા	ગેરહાજર	ગેરહાજર
૭૬.	પ્રિ. એન. વી. રાવલ	હાજર	હાજર
૭૭.	પ્રિ. લીલાબહેન કે. પટેલ	હાજર	હાજર
૭૮.	પ્રિ. એચ. કે. વ્યાસ	હાજર	હાજર
૭૯.	પ્રિ. વી. આર. રુદાણી	હાજર	હાજર
૮૦.	પ્રિ. એન. એસ. શાહ	હાજર	હાજર
૮૧.	પ્રિ. વી. ટી. સોની	હાજર	હાજર
૮૨.	પ્રિ. એચ. એમ. દેસાઈ	હાજર	ગેરહાજર
૮૩.	પ્રિ. એમ. આર. જોશી	હાજર	હાજર
૮૪.	ડૉ. ચંદ્રહાસ એ. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૮૫.	પ્રિ. આર. એચ. વ્યાસ	હાજર	હાજર
૮૬.	પ્રિ. ડી. એમ. શીખ	હાજર	હાજર
૮૭.	પ્રિ. આર. સી. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૮૮.	પ્રિ. સી. બી. રાવલ	ગેરહાજર	ગેરહાજર

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩૦-૩-૧૯૯૩	તા. ૩૧-૩-૧૯૯૩
૮૯.	શ્રી. કે. જે. દેસાઈ	હાજર	ગેરહાજર
૯૦.	શ્રી. વોરા હિરણુભાઈ. વી.	હાજર	હાજર
૯૧.	શ્રી. બી. એચ. પ્રજાપતિ	હાજર	હાજર
૯૨.	શ્રી. જે. આઈ. ચાવડા	ગેરહાજર	ગેરહાજર
૯૩.	શ્રી. ડી. વી. પટેલ	હાજર	હાજર
૯૪.	શ્રી. એમ. કે. પટેલ	હાજર	હાજર
૯૫.	શ્રી. એચ. એફ. રકકડ	હાજર	હાજર
૯૬.	શ્રી. બી. કે. પટેલ	હાજર	હાજર
૯૭.	શ્રી. એ. વી. નાયર	ગેરહાજર	ગેરહાજર
૯૮.	શ્રી. આર. બી. પટેલ	હાજર	હાજર
૯૯.	કુ. દીપ્તિ પી. બુચ	ગેરહાજર	ગેરહાજર
૧૦૦.	શ્રી. પી. કે જૈન	હાજર	ગેરહાજર
૧૦૧.	શ્રી. સુધીર આઈ. નાણાવટી	ગેરહાજર	ગેરહાજર
૧૦૨.	શ્રીમતી રાજશ્રી એસ. નાણાવટી	ગેરહાજર	ગેરહાજર
૧૦૩.	શ્રી. વી એચ. દીક્ષિત	હાજર	ગેરહાજર
૧૦૪.	પ્રો. ધવલ મહેતા	હાજર	હાજર
૧૦૫.	પ્રો. અરુણ વૈદ્ય	હાજર	હાજર
૧૦૬.	પ્રો. એ. બી. વોરા	હાજર	હાજર
૧૦૭.	શ્રીમતી અમીના આઈ. અમીન	ગેરહાજર	ગેરહાજર
૧૦૮.	શ્રીમતી પ્રતીક્ષાબહેન રાવલ	હાજર	ગેરહાજર
૧૦૯.	પ્રો. મંગુભાઈ આર. પટેલ	હાજર	હાજર
૧૧૦.	ડૅા. એસ. સી. કુકરેતી	ગેરહાજર	ગેરહાજર
૧૧૧.	શ્રી. આર. જે. મોઢી	ગેરહાજર	ગેરહાજર
૧૧૨.	શ્રી, મહંમદ માંકડ	ગેરહાજર	ગેરહાજર
૧૧૩.	ડૅા. કેતન ડી. દેસાઈ	હાજર	હાજર
૧૧૪.	પ્રો. મોહિયુદ્દીન બૅામ્બેવાલા	હાજર	હાજર
૧૧૫.	પ્રો. ઈશ્વરભાઈ એ. પરમાર	હાજર	હાજર
૧૧૬.	શ્રી. બદરુદ્દીન શેખ	ગેરહાજર	ગેરહાજર
૧૧૭.	શ્રી. એસ. ટી. દેસાઈ	હાજર	હાજર
૧૧૮.	શ્રી. એચ. એ. ભટ્ટ	ગેરહાજર	ગેરહાજર
૧૧૯.	શ્રી. કનુભાઈ શાહ	હાજર	હાજર

તા. ૩૦-૩-૯૩ના રોજ યાદી પ્રમાણે સભાનું કામકાજ શરૂ કરતાં પહેલાં નીચેના બે શોકદર્શક ઠરાવો અધ્યક્ષસ્થાનેથી રજૂ કરવામાં આવ્યાં :

(૧) "ગુજરાત યુનિવર્સિટી કોર્ટ (સેનેટ)ની આ સભા ગુજરાત રાજ્યની વડી અદાલતના માજી મુખ્ય ન્યાયમૂર્તિ તથા પ્રખર અને વિદ્વાન ધારાશાસ્ત્રી અને આ યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિશ્રી માનનીય જસ્ટિસ શ્રી નોમનભાઈ એમ. મિયાંભાઈના દુઃખદ અવસાનથી ઊંડા શોક અને આઘાતની લાગણી અનુભવે છે.

સામાજિક ન્યાય, અદના માણસ પ્રત્યે હમદર્દી, મૂલ્યનિષ્ઠ શિક્ષણવિદ અને કોમી એકતા તથા ભાઈચારાની ભાવનાને વરેલા સદ્‌ગત શ્રી મિયાંભાઈ ગુજરાતના ન્યાયતંત્ર અને શિક્ષણ જગતમાં આગવી ચાહના ધરાવતા હતા. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે એમણે ટૂંકા ગાળા માટે આપેલી સેવાઓ નોંધપાત્ર રહી હતી.

વિદ્વાન ન્યાયમૂર્તિ તથા પ્રખર ધારાશાસ્ત્રી અને શિક્ષણના સતત ચિંતક માનનીય જસ્ટિસ શ્રી નોમનભાઈ મિયાંભાઈના દુઃખદ નિધન પ્રસંગે આ સભા ઊંડા શોક અને દુઃખની લાગણી અનુભવે છે, અને તેઓશ્રીએ કરેલી સેવાઓનું કૃતજ્ઞભાવે સ્મરણ કરીને તેઓશ્રીને શ્રદ્ધાંજલિ સમર્પે છે, અને તેમનાં કુટુંબીજનો પ્રત્યે ઊંડી હમદર્દી વ્યક્ત કરે છે અને સદ્‌ગતના પવિત્ર આત્માને ચિરશાંતિ મળે તેવી પ્રાર્થના કરે છે.

આ ઠરાવની નકલ સદ્‌ગતશ્રીનાં કુટુંબીજનોને મોકલી આપવા આ સભા પ્રમુખશ્રીને વિનંતી કરે છે."

(૨) "ગુજરાત યુનિવર્સિટી કોર્ટ (સેનેટ)ની આ સભા યુનિવર્સિટીના ભૂતપૂર્વ ઉપકુલપતિશ્રી પ્રો. અંબુભાઈ દેસાઈના દુઃખદ અવસાનથી ઊંડા શોક અને આઘાતની લાગણી અનુભવે છે.

પ્રો. અંબુભાઈ દેસાઈએ સને. ૧૯૮૬ થી ૧૯૯૨ સુધી ઉપકુલપતિ-પદ તથા સને ૧૯૮૭ થી ૧૯૮૮ દરમ્યાન દસેક માસ માટે આ યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ તરીકેની જવાબદારી સંભાળી હતી, અને યુનિવર્સિટીને પ્રેરક અને સબળ નેતૃત્વ પૂરું પાડ્યું હતું. કેળવણીના આજીવન સાધક, શિક્ષણના સતત ચિંતક અને આગવી સૂઝ ધરાવનાર જાણીતા શિક્ષણવિદ પ્રો. અંબુભાઈ દેસાઈએ અધ્યાપક સમાજના પ્રશ્નોમાં પણ ઊંડો રસ લઈ સંગઠન પાછળ ઘણો સમય આપ્યો હતો. શિક્ષણ-પરીક્ષણમાં શુદ્ધિ જળવાય અને સમગ્ર સમાજનાં નૈતિક ધોરણો વિકસે એ માટે તેઓ સતત પ્રયત્નશીલ રહ્યા હતા. 'દૃષ્ટિ' માસિકનો કાર્યભાર પણ તેમણે સંભાળ્યો હતો.

૧૯૩૨માં ભરૂચ જિલ્લાના પાલેથા ગામે જન્મેલા પ્રો. અંબુભાઈ વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીમાંથી ભૂગોળ વિષય સાથે એમ.એસસી. થયા હતા અને ભૂગોળ વિષયના વ્યાખ્યાતા અને અનુસ્નાતક અધ્યાપક તરીકે એમણે ગુજરાતીમાં લેખન–સંપાદનની મહત્ત્વની કામગીરી બજાવી હતી.

કેળવણીના આજીવન સાધક અને શિક્ષણના સતત ચિંતક પ્રો. અંબુભાઈ દેસાઈના દુઃખદ નિધન પ્રસંગે આ સભા ઊંડા શોક અને દુઃખની લાગણી અનુભવે છે, અને તેઓશ્રીએ કરેલી સેવાઓનું કૃતજ્ઞભાવે સ્મરણ કરીને તેઓશ્રીને શ્રદ્ધાંજલિ સમર્પે છે અને તેમનાં કુટુંબીજનો પ્રત્યે ઊંડી હમદર્દી વ્યક્ત કરે છે, અને સદ્‌ગતના પવિત્ર આત્માને ચિરશાંતિ મળે તેવી પ્રાર્થના કરે છે.

આ ઠરાવની નકલ સદ્દગતશ્રીનાં કુટુંબીજનોને મોકલી આપવા આ સભા પ્રમુખશ્રીને વિનંતી કરે છે."

ઉપરના બે શોકદર્શક ઠરાવો સભાગૃહે ઊભા થઈને બે મિનિટ મૌન પાળીને પસાર કર્યા. તે પછી સભાની વાદી પરનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

૧. તા. ૩૦/૩૧–૩–૧૯૯૨ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૩૦/૩૧–૩–૧૯૯૨ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર અધ્યક્ષશ્રીએ સહી કરી.

૧-અ. તે પછી બાબત ક્રમાંક ૧ (અ) પ્રશ્નોત્તરી અંગેનું કામકાજ હાથ ધરવામાં આવ્યું અને પ્રશ્નોત્તરીનો સમય પૂરો થતાં સુધીમાં પ્રશ્નોત્તરી ક્રમાંક ૪૧ સુધી હાથ ધરી શકાઈ હતી.

(પ્રશ્નોત્તરી ક્રમાંક ૧ થી ૪૧ પરિશિષ્ટ "૧" તરીકે સામેલ છે.)

૨. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૦* તથા સ્ટે. ૯૦+ અનુસાર તા. ૩૧મી માર્ચ, ૧૯૯૨ના રોજ પૂરા થતા વર્ષનો યુનિવર્સિટીનો વાર્ષિક હેવાલ.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની પ્રો. ધવલ મહેતાએ નોટિસ આપી હતી :

"તા. ૩૧મી માર્ચ, ૧૯૯૨નો રોજ પૂરા થતા વર્ષ દરમિયાનના ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક હેવાલ પર યુનિવર્સિટી કોર્ટની આ સભા વિચારણા કરી તેની નોંધ લે છે."

***G. U. Act, Section 50 :**

"The Annual Report of the University shall be prepared under the direction of the Executive Council and shall be submitted to the Court on or before such date as may be prescribed by the Statutes and shall be considered by the Court at the annual meeting. The Court may pass resolution thereon and communicate the same to the Executive Council which may take such action as it thinks fit; and the Executive Council shall inform the Court at its next meeting of the action taken by it or its reasons for taking no action.

+Statute 90 :

The Executive Council shall take all steps to have the Annual Report of the University prepared under its direction for submission to the Court at least six weeks before the date fixed for the annual meeting of the Court.

સદરહુ પ્રસ્તાવ પ્રો. ધવલ મહેતાએ રજૂ કર્યો અને તેને પ્રિ. ડી. એમ. શીખેડેએ ટેકો આપ્યો.

સદરહુ પ્રસ્તાવ ઉપર ચર્ચાવિચારણા ચાલી રહી હતી તે દરમિયાન શ્રી. આર. જે. દવેએ અધ્યક્ષશ્રીને પૂછ્યું કે સભામાં જરૂરી ગણપૂર્તિ (કોરમ) છે ?

અધ્યક્ષશ્રીએ ગણતરી કરીને જણાવ્યું કે સભામાં જરૂરી ગણપૂર્તિ (કોરમ) નથી અને તેથી સભાને બરખાસ્ત થયેલી જાહેર કરી. આથી કાર્યસૂચિ ઉપરનું બાકીનું કામકાજ હાથ ઉપર ધરી શકાયું નહીં.

ક્રમાંક કોર્ટ / ૮૦૫૯૩ / ૧૯૯૩
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦૦૦૯.
તા. ૧૨-૫-૧૯૯૩

એમ. એસ. શાહ
કા. કુલસચિવ

પરિશિષ્ટ "ક"

કામકાજ ક્રમાંક ૧-અ

[૧] શ્રી જસવંત ઠક્કર તરફથી નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા હતા :

પ્રશ્ન ૧ : તપાસસમિતિ નિમાયા પછી કોલેજે કેટલા કર્મચારીઓના પગાર કાપ્યા? કેટલા કર્મચારીઓને સસ્પેન્ડ કર્યા? કોલેજ પાસે માહિતી મંગાવી આપવા વિનંતી.

ઉત્તર ૧ : આ બાબત અંગે કોલેજને પૂછવામાં આવ્યું છે, પરંતુ તા. ૨૦-૩-૧૯૯૩ સુધીમાં કોલેજ તરફથી કોઈ જવાબ ઉપલબ્ધ થયેલ નથી.

શ્રી જસવંત ઠક્કરે નીચેના પૂરક પ્રશ્નો પૂછ્યા :

પૂરક પ્રશ્ન : આ કઈ કોલેજની વાત છે? તેનું અનુસંધાન બીજા પ્રશ્નમાં હતું તે પ્રશ્ન કેમ કાઢી નાખવામાં આવ્યો છે?

કુલપતિશ્રીનો ઉત્તર : નિયમ પ્રમાણે જે પ્રશ્ન લઈ શકાતો ન હોય તે કાઢી નાંખવામાં આવ્યો હશે.

પૂરક પ્રશ્ન : તે સિવાય સાદા પ્રશ્નો પણ કાઢી નાખવામાં આવ્યા છે?

કુલપતિશ્રીનો ઉત્તર : નિયમ પ્રમાણે મેં જે કર્યું હોય તેની ચર્ચા ન હોય. તમારે જે સવાલ પૂછવો હોય તે પૂછો.

પૂરક પ્રશ્ન : બીજા સભ્યોને કોલેજના નામની કેવી રીતે ખબર પડે?

કુલપતિશ્રીનો ઉત્તર : આવી તપાસ સમિતિ એક જ કોલેજમાં છે એટલે ખ્યાલ આવી જાય.

પૂરક પ્રશ્ન : કઈ તારીખે તપાસ સમિતિ નીમી હતી તે પ્રશ્ન યુનિવર્સિટીએ કાઢી નાંખ્યો છે. તો આ પ્રશ્ન સ્ટેચ્યૂટ પ્રમાણે કાઢી નાંખવામાં આવ્યો છે?

કુલપતિશ્રીનો ઉત્તર : નિયમ પ્રમાણે તે પ્રશ્ન કાઢી નાંખવામાં આવ્યો છે. તેની ચર્ચા ન હોય.

પૂરક પ્રશ્ન : તા. ૨૦-૩-૧૯૯૩ પછી કોલેજે કોઈ જવાબ આપ્યો છે?

કુલપતિશ્રીનો ઉત્તર : ગઈ કાલે સાંજે એક જવાબ આવ્યો છે. અમે તે કોલેજને ફોન કરીને પણ આ અંગે કહ્યું છે અને તેના મેનેજમેન્ટ સાથે પણ વાત કરી છે.

શ્રી હરેન પંડ્યાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પૂરક પ્રશ્ન : આ અંગે ચોક્કસ નિર્ણય લેવાવો જોઈએ, નહીંતર આખી વ્યવસ્થા ઉપર આની અસર પડશે.

કુલપતિશ્રીનો ઉત્તર : કોલેજના કર્મચારીઓ, આચાર્ય અને મેનેજમેન્ટ વચ્ચે સુમેળ સધાય તેવા પ્રયત્નો કરવામાં આવે જ છે.

શ્રી અરવિંદ શાહ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પૂરક પ્રશ્ન : હજુ પણ આ માહિતી કૉલેજ પાસેથી મંગાવીને મિનિટ્સમાં લેવામાં આવશે?

કુલપતિશ્રીનો ઉત્તર : આપણે એવી કાર્યવાહી કરતા નથી.

શ્રી નીતિન વોરાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પૂરક પ્રશ્ન : જે તારીખ નક્કી કરી છે તે તારીખ પછી મને પ્રશ્નોતરી મળી છે એવું કેમ?

કુલપતિશ્રીનો ઉત્તર : અમે કુરીયર મારફતે મોકલેલ છે અને તેમાં જેમને મળી છે તેમની સહીઓ પણ છે.

પ્રશ્ન ૨ : શ્રી. ભૂપેન્દ્ર શાહ (એકાઉન્ટન્ટ)ના સસ્પેન્શનને કુલપતિશ્રીએ માન્ય ન રાખ્યું હોવા છતાં કૉલેજે તેમને હાજર કરવાનો ઈનકાર કર્યો છે તે વાત સાચી છે?

ઉત્તર ૨ : આ બાબત અંગે કૉલેજને પૂછવામાં આવ્યું છે, પરંતુ તા. ૨૦—૩—૧૯૯૩ સુધીમાં કૉલેજ તરફથી કોઈ જવાબ ઉપલબ્ધ થયેલ નથી.

પ્રશ્ન ૩ : શ્રી. ભૂપેન્દ્ર શાહનો હાલનો પગાર સરકાર ભોગવે છે કે કૉલેજ મેનેજમેન્ટ?

ઉત્તર ૩ : આ બાબત અંગે કૉલેજને પૂછવામાં આવ્યું છે, પરંતુ તા. ૨૦—૩—૧૯૯૩ સુધીમાં કૉલેજ તરફથી કોઈ જવાબ ઉપલબ્ધ થયેલ નથી.

પ્રશ્ન ૪ : એસ. એલ. યુ.ના વૉચમેન વિજય પટેલને કૉલેજે સસ્પેન્ડ કઈ તારીખે કર્યા?

ઉત્તર ૪ : તા. ૧૩—૫—૧૯૯૨થી.

પ્રશ્ન ૫ : સસ્પેન્ડ કર્યા તારીખથી છ મહિના ગણતાં શ્રી પટેલને કૉલેજે કઈ તારીખે હાજર કરવા જોઈએ?

ઉત્તર ૫ : તા. ૧૪—૧૧—૧૯૯૨ના રોજથી.

પ્રશ્ન ૬ : ઑ. ૧૬૮ મુજબ છ મહિના વીતી જવા છતાં કૉલેજે વિજય પટેલની તપાસ પૂરી ન કરી અને ફરજ પર હાજર પણ ન કર્યા તેથી શ્રી વિજય પટેલે યુનિવર્સિટીને આ અંગે લેખિત ફરિયાદ કરી હતી ખરી?

ઉત્તર ૬ ; હા, જી.

પ્રશ્ન ૭ : જો હા, તો યુનિવર્સિટીએ કૉલેજ સામે શાં પગલાં લીધાં?

ઉત્તર ૭ : કૉલેજ સંચાલક મંડળને તથા કૉલેજના આચાર્યને તાત્કાલિક ઘટતાં પગલાં લઈ ફરજ-મોકૂફી સમાપ્ત કરવા તથા પાછલી બાકી રકમ ચૂકવવા જણાવવામાં આવ્યું છે. તથા ઘટતાં પગલાં લેવા સરકારશ્રીને પણ જણાવવામાં આવ્યું છે.

પ્રશ્ન ૮ : શ્રી વિજય પટેલને નિયમ અનુસાર હાજર કરવા અને પૂરો પગાર તથા પાછલો બાકી પગાર ચૂકવવા યુનિવર્સિટીએ એસ.એલ.યુ. કૉલેજને આદેશ આપ્યો હતો ખરો?

ઉત્તર ૮ : હા, જી.

પ્રશ્ન ૯ : જો હા, તો કઈ તારીખના પત્રથી આદેશ મળેલ?

ઉત્તર ૯ : તા. ૬-૧-૧૯૯૩ના પત્રથી.

પ્રશ્ન ૧૦ : એસ.એલ.યુ. કૉલેજનાં આચાર્યએ આ આદેશનો અમલ કર્યો ખરો?

ઉત્તર ૧૦ : તા. ૬—૧—૧૯૯૩ના પત્રથી કૉલેજને જણાવવામાં આવેલ છે, પરંતુ કૉલેજે આ અન્વયે કરેલ કાર્યવાહીની જાણ યુનિવર્સિટીને કરેલ નથી.

શ્રી જસવંત ઠક્કરે નીચેના પૂરક પ્રશ્નો પૂછ્યા :

પૂરક પ્રશ્ન : વિજય પટેલને કૉલેજે સસ્પેન્ડ કર્યા અને ૬ મહિના પૂરા થયા પછી યુનિવર્સિટીએ કૉલેજને તા. ૬—૧—૧૯૯૩ અને પછી ૨૨મી તારીખે પણ પત્ર લખ્યો છે તેનો જવાબ કૉલેજે આપ્યો?

કુલપતિશ્રીનો ઉત્તર : ગઈ કાલે સાંજે જે જવાબ કૉલેજે આપ્યો તે વિજય પટેલના સસ્પેન્શન અંગેનો જ છે. આમાં કાનૂની બાબત એ છે કે ટ્રિબ્યુનલ થયા પછી ઑર્ડિ. ૧૬૮ રહે છે કે કેમ તે અંગે વકીલની સલાહ લઈને પછી મન ખુલ્લું રાખીને આ પ્રશ્ન અંગે વિચારીશું.

પૂરક પ્રશ્ન : વિજય પટેલને તા. ૧૪—૧૧—૧૯૯૨ના રોજ હાજર કરવા પડે તેને બદલે આજે ૩૦મી માર્ચ ૧૯૯૩ સુધી પણ હાજર કર્યા નથી એટલે કર્મચારીએ માનસિક ત્રાસ સહન કરવાનો ને અત્યાર સુધી તમારા બે કાગળનો જવાબ કૉલેજે આપ્યો નથી. આજે સેનેટ છે ત્યારે ગઈ કાલે પત્ર લખીને ઑર્ડિનન્સ અને ટ્રિબ્યુનલ અંગે આપને સલાહ લેવા જણાવે છે તે યોગ્ય નથી. તેઓ વિજય પટેલને હાજર નહીં કરે તો આપણે શું કરીશું?

કુલપતિશ્રીનો ઉત્તર : આપણે બીજા રસ્તાઓ વિચારીશું.

પ્રશ્ન ૧૧ : શ્રી વિજય પટેલે કૉલેજ દ્વારા હાજર ન કરવા સંબંધી ફરીથી કોઈ લેખિત રજૂઆત યુનિવર્સિટી સમક્ષ કરી છે ખરી?

ઉત્તર ૧૧ : હા, જી.

પ્રશ્ન ૧૨ : જો હા, તો યુનિવર્સિટીએ કૉલેજ સામે શું પગલાં લીધાં?

ઉત્તર ૧૨ : પ્રશ્ન ૭નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૩ : યુનિવર્સિટીના આદેશોનું ઉલંઘન કરતા હોય અને સિન્ડિકેટ ઘડેલા ઑર્ડિનન્સનો ભંગ કરતી અન્ય કોઈ કૉલેજો સામે યુનિવર્સિટીએ ભૂતકાળમાં કૉલેજોનું જોડાણ પાછું ખેંચવા કે સરકાર સમક્ષ કૉલેજની ગ્રાન્ટ કાપની ભલામણ કરવાનાં કે અન્ય કોઈ શિક્ષાત્મક પગલાં લીધાં છે ખરાં?

ઉત્તર ૧૩ : છેલ્લાં ત્રણ વર્ષમાં આવાં પગલાં ભર્યાનું બનેલ નથી.

પ્રશ્ન ૧૪ : જો હા, તો કયા પ્રકારનાં પગલાં કઈ કોલેજો સામે કઈ સાલમાં લીધાં હતાં તેની માહિતી આપશો.

ઉત્તર ૧૪ : ઉપર પ્રશ્ન ૧૩નો ઉત્તર જોવા વિનંતી છે.

પ્રશ્ન ૧૫ : યુનિવર્સિટીના આદેશોનું ઉલ્લંઘન કરતી અને ઑર્ડિનન્સનો ભંગ કરતી એસ.એલ.યુ. કૉલેજ સામે યુનિવર્સિટી કોઈ શિક્ષાત્મક પગલાં શા માટે ભરતી નથી?

ઉત્તર ૧૫ : પ્રશ્ન ૭નો ઉત્તર જોવા વિનંતી.

પ્રશ્ન ૧૬ : એસ.એલ.યુ. કૉલેજમાં ઍડમિશન વખતે ડોનેશન લેવાયાં હતાં તેવી ફરિયાદની તપાસ પણ કમિટી કરવાની હતી તે વાત સાચી છે?

ઉત્તર ૧૬ : હા, જી.

પ્રશ્ન ૧૭ : આ સંદર્ભમાં કમિટીએ કોઈ તપાસ કરી છે ખરી?

ઉત્તર ૧૭ : તપાસની કાર્યવાહી ચાલુ છે.

પ્રશ્ન ૧૮ : એસ.એલ.યુ. કૉલેજનાં આચાર્યા બહેને નિયમ અનુસાર લેવા પડતા અઠવાડિયાના ૯ (નવ) તાસ સતત ત્રણ વર્ષ સુધી લીધા નથી તેવી અધ્યાપકો તથા કર્મચારીઓની લેખિત ફરિયાદ યુનિવર્સિટીને મળી હતી ખરી ?

ઉત્તર ૧૮ : હા, જી.

શ્રી. જશવંત ઠક્કરે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

પૂરક પ્રશ્ન : કર્મચારીઓ અને અધ્યાપકોની લેખિત ફરિયાદ એસ. એલ. યુ. કૉલેજના આચાર્ય સામે થઈ અને તેમણે નિયમાનુસાર લેવા પડતા એક પણ લેક્ચર્સ લીધેલ નથી એવું પુરવાર થાય તો તેઓની ઉપર યુનિવર્સિટી શું પગલાં લેશે ?

કુલપતિશ્રીનો ઉત્તર : તમે ઑર્ડિ. ૧૨૦ વાંચો. એ પુરવાર થશે તો ઑર્ડિનન્સ પ્રમાણે જે કંઈ થતું હશે તે થશે. કમિટી કહેશે ત્યારે આપણે તે અંગે વિચારીશું.

પ્રશ્ન ૧૯ : અધ્યાપક કર્મચારીઓએ આ બાબત કમિટી સમક્ષ રજૂ કરી હતી ખરી?

ઉત્તર ૧૯ : હા, જી.

પ્રશ્ન ૨૦ : ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન એસ.એલ.યુ. કૉલેજના કેટલાક અધ્યાપકોના મલ્હોત્રા પગારધોરણમાં પે ફિક્શેશન આજ સુધી થયા નથી તે વાત સાચી છે?

ઉત્તર ૨૦ : આ બાબત અંગે કૉલેજને પૂછવામાં આવ્યું છે, પરંતુ તા. ૨૦—૩—૧૯૯૩ સુધીમાં કૉલેજ તરફથી કોઈ જવાબ ઉપલબ્ધ થયેલ નથી.

પ્રશ્ન ૨૧ : પે ફિક્સેશન બાબતે ડી.ઈ. ઑફિસ તરફથી વારંવાર માહિતી મંગાવી છતાં આચાર્યા ન મોકલતાં જાન્યુઆરી, ૧૯૯૩નો આચાર્યશ્રીનો પગાર અટકાવવાની નોટિસ ડી.ઈ. કચેરીએ આપી છે તે વાત સાચી છે?

ઉત્તર ૨૧ : આ બાબત અંગે કૉલેજને પૂછવામાં આવ્યું છે, પરંતુ તા. ૨૦—૩—૧૯૯૩ સુધીમાં કૉલેજ તરફથી કોઈ જવાબ ઉપલબ્ધ થયેલ નથી.

પ્રશ્ન ૨૨ : આ પૂર્વે કૉલેજના આચાર્યા હાઈકોર્ટમાં ડી.ઈ. કચેરી સામે ગયાં છે તે વાત સાચી છે?

ઉત્તર ૨૨ : આ બાબત અંગે કૉલેજને પૂછવામાં આવ્યું છે, પરંતુ તા. ૨૦–૩–૧૯૯૩ સુધીમાં કૉલેજ તરફથી કોઈ જવાબ ઉપલબ્ધ થયેલ નથી.

પ્રશ્ન ૨૩ : એસ.એલ.યુ. કૉલેજમાં તપાસસમિતિ નીમાયા પછી પણ ૧૫થી ૨૦ કર્મચારીઓએ કૉલેજ સામે ટ્રિબ્યુનલમાં જવાની ફરજ પડી છે તે વાત સાચી છે?

ઉત્તર ૨૩ : આ બાબત અંગે કૉલેજને પૂછવામાં આવ્યું છે, પરંતુ તા. ૨૦–૩–૧૯૯૩ સુધીમાં કૉલેજ તરફથી કોઈ જવાબ ઉપલબ્ધ થયેલ નથી.

પ્રશ્ન ૨૪ : પહેલી વખત તપાસસમિતિ નીમવામાં આવી તેમાં સમિતિએ કરાવેલ સમાધાનનો આચાર્યા બહેને ભંગ કર્યો છે તેવી લેખિત ફરિયાદ યુનિવર્સિટીને મળી છે?

ઉત્તર ૨૪ : હા, જી.

પ્રશ્ન ૨૫ : જો હા, તો યુનિવર્સિટીએ આ અંગે તપાસ કરી ખરી? તપાસનો હેવાલ શું આવ્યો?

ઉત્તર ૨૫ : સમિતિ તપાસી રહી છે.

પ્રશ્ન ૨૬ : એસ.એલ.યુ. કૉલેજના કર્મચારીઓ કે અધ્યાપકો કોઈ લેખિત પત્ર આચાર્યાને આપવા માંગતા હોય તો ઑફિસ કલાર્ક માત્ર સાંજે ૪થી ૪–૩૦ (અડધા કલાક) દરમિયાન જ પત્ર સ્વીકારે છે તે વાત સાચી છે?

ઉત્તર ૨૬ : આ બાબત અંગે કૉલેજને પૂછવામાં આવ્યું છે, પરંતુ તા. ૨૦–૩–૧૯૯૩ સુધીમાં કૉલેજ તરફથી કોઈ જવાબ ઉપલબ્ધ થયેલ નથી.

પ્રશ્ન ૨૭ : એસ.એલ.યુ. કૉલેજમાં પત્ર સ્વીકારનાર કલાર્ક ૪થી ૪–૩૦માં હાજર ન હોય તો તે પત્ર બીજા દિવસે સ્વીકારાય છે આ વાત સાચી છે?

ઉત્તર ૨૭ : આ બાબત અંગે કૉલેજને પૂછવામાં આવ્યું છે, પરંતુ તા. ૨૦–૩–૧૯૯૩ સુધીમાં કૉલેજ તરફથી કોઈ જવાબ ઉપલબ્ધ થયેલ નથી.

પ્રશ્ન ૨૮ : શું યુનિવર્સિટીએ ચાલુ વરસે એસ્ટેટ વિભાગની કેટલીક સેવાઓ ખાનગી કૉન્ટ્રાક્ટર મારફતે લીધી તે હકીકત સત્ય છે?

ઉત્તર ૨૮ : હા, જી.

શ્રી. અરવિંદ શાહે નીચેના પૂરક પ્રશ્નો પૂછ્યા.

પૂરક પ્રશ્ન : યુનિવર્સિટીએ એસ્ટેટ વિભાગની કયા પ્રકારની સેવાઓ ખાનગી કૉન્ટ્રાક્ટર પાસેથી લીધી ?

કુલપતિશ્રીનો ઉત્તર : એરકન્ડિશનિંગ, રેફ્રિજરેશન, નેટવર્ક ટાઈપરાઈટર, માળીકામ વગેરે.

પૂરક પ્રશ્ન : આ સેવાઓ આપણે કેમ લેવી પડી ?

કુલપતિશ્રીનો ઉત્તર : કેટલાંક કામો જે પ્રમાણે થવાં જોઈએ તે પ્રમાણે થતાં ન હતાં એટલે આપણા જૂના કુલસચિવ શ્રી. ભૂપેન્દ્રભાઈએ તા. ૨૯-૮-૧૯૮૮થી પ્રાઈવેટ કોન્ટ્રાકટથી અમુક સેવાઓ લેવાનું શરૂ કર્યું ત્યારથી આજ સુધી આ કામ સારી રીતે ચાલે છે. ગઈ વખતે આ પ્રશ્ન પુછાયો હતો એટલે આ વખતે ટેન્ડર મંગાવ્યાં હતાં.

શ્રી સૂર્યકાંતભાઈએ નીચેના પૂરક પ્રશ્નો પૂછ્યા :

પૂરક પ્રશ્ન : ટેન્ડર આપે મંગાવ્યાં હતાં ?

કુલપતિશ્રીનો ઉત્તર : હા.

પૂરક પ્રશ્ન : તેમાં જૂના કોન્ટ્રાકટરે ટેન્ડર ભર્યું હતું ?

કુલપતિશ્રીનો ઉત્તર : હા.

પૂરક પ્રશ્ન : કોન્ટ્રાકટ પદ્ધતિમાં જે કર્મચારીઓ કામ કરે તેને પગાર કેવી રીતે અપાય ? કોન્ટ્રાકટર નક્કી કરે કે સરકાર નક્કી કરે ?

કુલપતિશ્રીનો ઉત્તર : એ કોન્ટ્રાકટરે જોવાનું.

પૂરક પ્રશ્ન : જે કર્મચારીઓ કામ કરતા હતા તેમને સરકારે માન્ય કર્યા હોય તે દરે પગાર અપાય છે ?

ઉત્તર : એ જોઈ લઈશું.

શ્રી. અરવિંદભાઈ શાહે નીચેના પૂરક પ્રશ્નો પૂછયા :

પૂરક પ્રશ્ન : આઈ. ડી. એકટમાં જોગવાઈ છે કે કોન્ટ્રાકટરના કર્મચારીઓ પણ યુનિવર્સિટીના કર્મચારીઓ કહેવાય. ૧૯૯૧-૯૨ દરમ્યાન કેટલી રકમ કોન્ટ્રાકટરને ચૂકવી ?

કુલપતિશ્રી ઉત્તર : રૂ. ૧,૭૧,૨૦૦/-.

પૂરક પ્રશ્ન : આ કર્મચારીઓને પૈસા આપવામાં આવે છે તો તેમની કામગીરી બરાબર છે કે કેમ તેનું ધ્યાન કોણ રાખે ?

કુલપતિશ્રીનો ઉત્તર : યુનિવર્સિટીના એન્જીનિયર તેમના કામનું ચેકિંગ કરે છે અને તેઓ માન્ય કરે પછી જ તેમને ચુકવણી કરવામાં આવે છે.

પૂરક પ્રશ્ન : એ માણસો સગીર વયના હોય કે કેટલી ઉંમરના હોય ?

કુલપતિશ્રીનો ઉત્તર : આમ તો ૧૮ વર્ષથી ઓછા ન હોવા જોઈએ પણ તેમની કેટલી ઉંમર છે તે કેવી રીતે ખબર પડે ?

પૂરક પ્રશ્ન : મેં આ અંગે ઉપકુલપતિશ્રીને ફરિયાદ કરી હતી કે પ્રાઇવેટ કોન્ટ્રાક્ટમાં કામ કરતા કર્મચારીઓ સગીર વયના છે. આ અંગે હજુ સુધી કોઈ જવાબ મને મળ્યો નથી.

કુલપતિશ્રીનો ઉત્તર : આ અંગે આપણે તેમની પાસેથી એક સર્ટિફિકેટ લઈએ છીએ કે "તેઓ ૧૮ વર્ષથી નીચેના કોઇ કર્મચારીને કામે લેતા નથી."

પૂરક પ્રશ્ન : ૧૮ વર્ષથી ઓછી ઉંમરના માણસો કામે લીધા છે તેવું પુરવાર થાય તો આપણે તેમના પૈસા કાપી લઈશું ?

કુલપતિશ્રીનો ઉત્તર : હા, તો આપણે પૈસા કાપી લઈશું.

પ્રો. કનુભાઈ શાહે નીચેના પૂરક પ્રશ્નો પૂછ્યા :

પૂરક પ્રશ્ન : સિક્યોરિટી ઉપરાંત આપણે બીજા કયા માણસો કામે રાખ્યા છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : પાણીની ટાંકી ઉપર, ઝાડ-પાનની દેખરેખ વગેરે માટે પણ માણસો રાખવામાં આવ્યા છે.

પૂરક પ્રશ્ન : એ રકમ ગ્રાન્ટને પાત્ર થાય ખરી ?

કુલપતિશ્રીનો ઉત્તર : મેઇન્ટેનન્સ હેઠળ ગ્રાન્ટ મળે છે.

પૂરક પ્રશ્ન : સુપ્રિમ કોર્ટના ચુકાદા પ્રમાણે જે માણસો કોન્ટ્રાકટમાં યુનિવર્સિટી કેમ્પસ ઉપર કામ કરે છે તેઓ આપણા માથે ન પડે એટલા માટે તમે સલાહ લેજો.

કુલપતિશ્રીનો ઉત્તર : આપણે તો કોન્ટ્રાક્ટરને રકમ ચૂકવીએ છીએ.

શ્રી અરવિંદભાઈ શાહે નીચેના પૂરક પ્રશ્નો પૂછ્યા :

પૂરક પ્રશ્ન : પ્રાઇવેટ સિક્યોરિટીનું મસ્ટર સિક્યોરિટી ઓફિસરના કબજામાં રહે છે તે હકીકત સાચી છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : તપાસવું પડે

પૂરક પ્રશ્ન : સિક્યોરિટીની કામગીરીનું ક્રોસ ચેકિંગ કરીએ છીએ ખરા ?

કુલપતિશ્રીનો ઉત્તર : એ તો થાય, નહીં થતું હોય તો આપણે કરાવીશું.

શ્રી સૂર્યકાંતભાઈ પટેલે નીચેના પૂરક પ્રશ્નો પૂછ્યા :

પૂરક પ્રશ્ન : ખાનગી સિક્યોરિટીને શું વેતન આપીએ છીએ ?

કુલપતિશ્રીનો ઉત્તર : ખાનગી સિક્યોરિટીને રૂ. માસિક ૧૦૨૭/– આપીએ છીએ.

પૂરક પ્રશ્ન : આપણી સિક્યોરિટીના કર્મચારીઓ કયા સ્કેલમાં છે ?

કુલપતિશ્રીનો ઉત્તર : રૂ. ૭૫૦-૯૪૦ના પગારધોરણમાં.

[૨] શ્રી. અરવિંદ શાહે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતી, જેના જવાબો નીચે પ્રમાણે આપવામાં આવ્યા :

પ્રશ્ન ૨૯ : જો હા, તો આ ખાનગી કૉન્ટ્રાકટરનું નામ આપશો.

ઉત્તર ૨૯ : સદરહુ માહિતી માટે **પરિશિષ્ટ "૧"** જોવા વિનંતી છે.

પ્રશ્ન ૩૦ : તેઓને છેલ્લાં બે વર્ષ દરમિયાન કેટલી રકમ ચૂકવવામાં આવી ?

ઉત્તર ૩૦ : પ્રશ્નો વ્યાપ જોતાં ઉત્તર આપી શકાય તેમ નથી.

પ્રશ્ન ૩૧ : યુનિવર્સિટીએ એસ્ટેટ વિભાગની જુદા જુદા પ્રકારની કામગીરી ખાનગી કૉન્ટ્રાકટર પાસેથી કઈ સાલથી લેવાનું શરૂ કર્યું ?

ઉત્તર ૩૧ : પ્રશ્નશ્નો વ્યાપ જોતાં ઉત્તર આપી શકાય તેમ નથી.

પ્રશ્ન ૩૨ : (૧) આ અંગે યુનિવર્સિટી ફાઈનાન્સ સમિતિની મંજૂરી લેવામાં આવી છે ખરી ?
(૨) જો હા, તો કયા વર્ષની અને કઈ તારીખે ?

ઉત્તર ૩૨ : જરૂર જણાયેથી સક્ષમ મંડળની મંજૂરી લેવામાં આવી છે.

પ્રશ્ન ૩૩ : (૧) જો યુનિવર્સિટીમાં વર્ષે ૧ લાખ રૂપિયાથી વધુ ખાનગી કૉન્ટ્રાકટરને ચૂકવવામાં આવતા હોય તો તે અંગે ટેન્ડરો મંગાવવામાં આવે છે ખરાં ? (૨) જો હા, તો ક્યારે મંગાવવામાં આવ્યાં ?

ઉત્તર ૩૩ : (૧) હા, જી.
(૨) સમયાનુસાર મંગાવવામાં આવે છે.

પ્રશ્ન ૩૪ : શ્રી. ડી. પી. છાયા પરીક્ષા નિયામક તરીકે રાજીનામું આપી ક્યારે યુનિવર્સિટીમાંથી છૂટા થયા ?

ઉત્તર ૩૪ : તા. ૩૦–૮–૧૯૯૧ના કાર્યાલય સમય બાદથી.

શ્રી અરવિંદભાઈ શાહે નીચેના પૂરક પ્રશ્નો પૂછ્યા :

પૂરક પ્રશ્ન : શ્રી ડી. પી. છાયાએ રાજીનામું આપ્યા પછી વધારાનો પગાર ચૂકવાઈ ગયો હતો એમાં જવાબદાર કોણ ?

કુલપતિશ્રીનો ઉત્તર : એ શોધીશું.

પૂરક પ્રશ્ન : તમે કોને જવાબદાર ગણો છો ?

કુલપતિશ્રીનો ઉત્તર : છેવટે કુલપતિ જવાબદાર ગણાય.

પૂરક પ્રશ્ન : આમાં દોષિત કોણ એ નક્કી કરાશે ?

કુલપતિનો ઉત્તર : યોગ્ય કરવામાં આવશે.

પ્રશ્ન ૩૫ : શું એ હકીકત છે કે તેઓને વધુ એક માસનો પગાર ચૂકવાઈ ગયો?

ઉત્તર ૩૫ : હા, જી.

પ્રશ્ન ૩૬ : આ પગાર તેઓ પાસેથી વસૂલ લેવામાં આવ્યો છે?

ઉત્તર ૩૬ : હા, જી.

પ્રશ્ન ૩૭ : હાલ યુનિવર્સિટીમાં બિનશૈક્ષણિક કર્મચારીઓની કુલ કેટલી જગ્યા ખાલી છે?

ઉત્તર ૩૭ : ૮૮.

શ્રી અરવિંદભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

પૂરક પ્રશ્ન : આ જગ્યાઓ ક્યારથી ખાલી છે?

કુલપતિશ્રીનો ઉત્તર : જુદી જુદી જગ્યાઓ જુદા જુદા સમયથી ખાલી હોય. તાત્કાલિક માહિતી આપવી શકય નથી.

પૂરક પ્રશ્ન : લાંબા સમયથી આ જગ્યાઓ ખાલી કેમ છે?

કુલપતિશ્રીનો ઉત્તર : આ જગ્યાઓ ભરવાની કાર્યવાહી શરૂ થઈ ગઈ છે.

શ્રી. કનુભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછયો :

પૂરક પ્રશ્ન : જે સભ્યોના કામના ૭૨૦ દિવસ પૂરા થઈ ગયા હોય તેમને કન્ફર્મ કરવાની પદ્ધતિ બંધ છે કે ચાલુ છે?

કુલપતિશ્રીનો ઉત્તર : આ પ્રથા લગભગ અટકાવી દેવામાં આવી છે. ૨૪૦ દિવસથી વધારે દિવસ કોઈને થવા દેવામાં આવતા નથી, સિવાય કે તે જગ્યા કાયમી હોય અથવા તો સુયોગ્ય પાત્ર હોય.

શ્રી. જગદીશભાઈએ નીચેના પૂરક પ્રશ્નો પૂછયા :

પૂરક પ્રશ્ન : બિનશૈક્ષણિક કર્મચારીઓની આ ખાલી જગ્યાઓમાં કુલસચિવની ખાલી જગ્યાનો સમાવેશ થાય છે?

કુલપતિશ્રીનો ઉત્તર : હા.

પ્રશ્ન : ૧૯૮૯થી આ જગ્યા ખાલી છે એટલે કુલપતિએ આ મુદ્દા ઉપર રાજીનામું આપવું જોઈએ.

કુલપતિશ્રીનો ઉત્તર : મારે કંઈ કહેવું નથી.

શ્રી હરેનભાઈ પંડયાએ નીચેના પૂરક પ્રશ્નો પૂછયા :

પૂરક પ્રશ્ન : રજિસ્ટ્રારની જગ્યા જેવી વિભાગીય વડાની બીજી કઈ જગ્યાઓ ખાલી છે?

કુલપતિશ્રીનો ઉત્તર :

પરીક્ષા નિયામક	—તા. ૩૦–૮–૧૯૯૧
પ્રેસ-મેનેજર	—તા. ૧–૧૦–૧૯૯૨
યુનિવર્સિટી એન્જિનિયર	—તા. ૧–૧૧–૧૯૯૧
ગ્રંથપાલ	—તા. ૧–૧–૧૯૯૧

પૂરક પ્રશ્ન : રજિસ્ટ્રારની જગ્યા ૧૯૮૯થી ખાલી હોય અને અત્યાર સુધી કોઈ યોગ્ય વ્યક્તિ મળે નહીં તેવું બને નહીં ?

કુલપતિશ્રીનો ઉત્તર : આપણે બે વખત ઇન્ટરવ્યુ કર્યાં પણ તેમાં આપણે જેને નીમી શકીએ એવું કોઈ દેખાયું નહીં. રજિસ્ટ્રારની જગ્યા માટેનાં લાયકતનાં ધોરણમાં છૂટછાટ આપવાની છે જેથી વધારે અરજીઓ મળી શકે.

પ્રશ્ન : અગત્યના હોદ્દાઓ ભરવાની ખાતરી આપો ?

કુલપતિશ્રીનો ઉત્તર : કોઈ સંજોગોમાં એવી ખાતરી આપી શકાય નહીં.

શ્રી. જશવંતભાઈ ઠક્કરે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પૂરક પ્રશ્ન : રજિસ્ટ્રારની જગ્યા અમુક સમયમાં ભરાઈ જશે તેવી ખાતરી આપી દો એટલે વાત પૂરી થઈ જાય. મે-૧૯૯૪ સુધીમાં ભરી દેશો તેવી ખાતરી આપો.

કુલપતિશ્રીનો ઉત્તર : મે-૧૯૯૪ સુધીમાં નહીં પણ યોગ્ય વ્યક્તિ મળે તો તે પહેલાં આપણે નિમણૂક કરી દઈએ. મારો મુદ્દો એ છે કે રજિસ્ટ્રારની જગ્યા નહીં ભરવામાં મને શું રસ હોય ? હું હજુ પણ કહું છું કે અરજીઓ સારી આવે, ઈન્ટરવ્યુ થાય અને કમિટીના સભ્યો યુનિવર્સિટીના હિતમાં યોગ્ય લાગે તે વ્યક્તિની નિમણૂક કરે.

શ્રી હરેનભાઈ પંડ્યાએ નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પૂરક પ્રશ્ન : તમે રજિસ્ટ્રારની જગ્યા ભરવા માટે કોઈ ટાઈમ લિમિટ આપો.

કુલપતિશ્રીનો ઉત્તર : તે શક્ય નથી.

પ્રશ્ન ૩૮ : (૧) ચાલુ વર્ષ દરમિયાન યુનિવર્સિટી મેઈન્ટેનન્સ ઍન્ડ રિપેર્સ હેઠળ કેટલો ખર્ચ કર્યો? (૨) આ ખર્ચ કઈ કઈ જગ્યાઓ કર્યો?

ઉત્તર ૩૮ : (૧) સપ્ટેમ્બર ૧૯૯૨ સુધીમાં રૂ. ૧,૩૫,૭૮૦નો ખર્ચ થયેલ છે.

(૨) પ્રશ્નોના વ્યાપ જોતાં માહિતી આપી શકાય તેમ નથી.

પ્રશ્ન ૩૯ : યુનિવર્સિટીના એચ. કે. પ્રોફેશનલ ટ્રેનિંગ સેન્ટરને રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ મળે છે?

ઉત્તર ૩૯ : ના, જી.

પ્રશ્ન ૪૦ : શું એચ. કે. પ્રોફેશનલ ટ્રેનિંગ સેન્ટરને યુનિવર્સિટી પી. જી. સેન્ટર ગણી શકાય?

ઉત્તર ૪૦ : ના, જી.

પ્રશ્ન ૪૧ : શું એ હકીકત સાચી છે કે આ સેન્ટરમાં આવતા મુલાકાતી પ્રાધ્યાપકો તથા કો-ઑર્ડિનેટરશ્રીને મળતા મહેનતાણાની રકમ માનદ્ ગણવામાં આવે છે?

ઉત્તર ૪૧ : સદરહુ પ્રાધ્યાપકો કે કો-ઑર્ડિનેટરને મહેનતાણા પેટે કોઈ રકમ ચૂકવવામાં આવતી નથી.

શ્રી અરવિંદભાઈ શાહે નીચેનો પૂરક પ્રશ્ન પૂછ્યો :

પ્રશ્ન : મુલાકાતી અધ્યાપકોને બોલાવવા માટે અરજીઓ મંગાવી હતી તે હકીકત સાચી છે?

કુલપતિશ્રીનો ઉત્તર : એ તપાસ કરીને કહીશું.

પ્રશ્ન : રાજ્ય સરકારે એચ. કે. સેન્ટરની ગ્રાન્ટ બંધ કરી તેનાં કારણો શાં?

કુલપતિશ્રીનો ઉત્તર : ગ્રાન્ટ બંધ કરવા માટે તેમણે સ્પેસિફિક કારણો આપેલાં છે.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૩૮૦૦૦૯.